મુંબઈના કોઈ એક સાક્ષરે એવો
નિશ્વાસ નાખેલો કે: 'કાઠિયાવાડ–ગુજરા-
તની ભૂમિમાં કવિઓને પ્રેરણા સ્ફૂરે તેવું
કશું રહ્યું નથી, એટલે આપણે એ પ્રેરણાની
શોધમાં કાશ્મીર જવું પડે છે'

એવું આકરું મેણું પામેલા આ
કાઠિયાવાડની—આ સોરાષ્ટ્રની—પૂરી તો
નહિ, પણ બને તેટલી પિછાન આપવાનો
આ સંગ્રહનો અભિલાષ છે.

આ પિછાન કોઈ બહારનાંઓને
નહિ પણ ખુદ આ ભૂમિનાં સંતાનોને જ
કરાવવાની છે. આપણી લોકકથાઓ અને
આપણાં લોકગીતોમાં પડેલી પ્રેમશૌર્યની
ભાવનાઓ આ રીતે તાજી કરીને આપણી
નવી પ્રજાએ એ દિલાવર સંસ્કારના સાચા
વારસદાર બનવાનું છે.

[illegible]

[illegible]

[illegible]

ઝ. મે.

ત્રીજી આવૃત્તિનું નિવેદન

આ આવૃત્તિમાં પણ પુનઃસંસ્કરણ કરવાનું ચાલુ રહ્યું છે. દરેક વાતાને ફરી તપાસી [illegible] અતિશયતા દૂર કરી છે. પણ કેટલોક ફેરફાર કર્યો છે.

સનાળીવાળા ચારણ મોતી ગગુભાઈને મેં સદાને માટે ગુમાવ્યા છે. પણ આમાંની કેટલીય વાતાઓ ફરી તપાસતાં એમનું સ્મરણ ફરી લીલુંછમ થાય છે.

ઝ. મે.

બીજી આવૃત્તિનું નિવેદન

રસધારના સમગ્ર સાહિત્ય માટે જે આદર જન્મ્યો છે, તેમાં આ ત્રીજી ધારાને ભાગે સર્વથી અધિક લોકાદર જમા થયાની વાતનો સ્વીકાર કરતાં અંતઃકરણ વાચક જનતા પ્રતિ આભારવશ બને છે.

મુદ્રણની મુશ્કેલીઓ ન નિવારાય તેવી હોવાથી છેલ્લા એક વર્ષથી આ બીજી આવૃત્તિની છપાઈ ઠેલાયે જતી હતી અને વાચકોની ઉત્સુકતાને ધક્કા મારવા પડતા હતા. છેવટે અત્યારે શૈલી અને સામગ્રીનું બન્યુ તેટલું શુદ્ધિકરણ કરીને જાહેર પ્રજા સન્મુખ આ નવી આવૃત્તિ ધરી શકાઈ છે.

આટલો આદર મળ્યાની પ્રતીતિ થયા પછી પણ હુ આ સગ્રહની ત્રુટીઓ વિશે ઘણુ કરીને તો ભ્રમણામા નથી જ પડી રહ્યો. કેટલીએક સ્વત સૂઝેલી તેમજ કેટલીએક ટીકાકારોએ સૂચવેલી ત્રુટીઓનું નિવારણ મને જેટલું જરૂરી લાગ્યું તેટલું હુ કરતો જ આવુ છું· તેમ હવે પછી પણ નિનાશરમે કરતો જ રહીશ મારા આલેખનની તેમ જ વિવેચનની અંદર નવી અને જૂની યુગદૃષ્ટિને અથડાઅથડીનું જ્યાં જ્યાં મને ભાન થતુ જાય છે ત્યા ત્યાં મેં શબ્દરચનાને નિર્દોષ બનાવવાની સાવધાની વાપરી છે ધૂળમાંથી ખોદી યથામતિ સાફ કરેલી આ ધાતુ શાણા વિવેચકોના વિવેકની ભઠ્ઠીમાં તવાઈને શુદ્ધ કચન બને તે જ મારા કોડ છે મારું શોધેલુ હોવાને કારણે–એ સોનુ જેવુ મેં રાખ્યુ તેવુ મેલુ જ રહેવું જોઈએ–એવા અહભાવમાથી બચવા હું સતત પ્રયત્નશીલ છું.

'દિલાવર સસ્કાર'વાળો મારો પ્રવેશક આજથી ત્રણ વર્ષ પૂર્વે લખાયો છે, અને એ લાબો હોવા છતાંયે અપૂર્ણ જ છેઃ કેવળ આ કથાઓમાંથી જ નહિ, પણ રાસ, ભજનો, વ્રતો, મર્મભાષિતો, રીતરિવાજો, કલાકારીગરી ઈત્યાદિ સાહિત્ય તેમ જ જીવનના તમામ અગોની છણાવટમાંથી જ સોરઠી સસ્કૃતિના ગુણદોષનું નવનીત વલોવી શકાય આવો એક પ્રયાસ કરવાનો મનોરથ મનમાં ઘોળાય છે*. પરંતુ અત્યારે તો મારા જુદા જુદા સગ્રહોની અદર જુદા

*આવા પ્રયાસરૂપે મે 'લોકસાહિત્ય . ધરતીનુ ધાવણ' એ નામના મારા પ્રવેશકો તેમજ ઈતર લેખોના બે ખડો પ્રકટ કરેલ છે —ઝ.

બીજું નામ હડાળા દરબારશ્રી વાજસૂરવાળા સાહેબના આશ્રિત ગઢવી શ્રી જસાભાઈનું છે. પોતાની ઠાવકી અને વ્યવહારુ બુદ્ધિ વડે એમણે કાઠી ઇત્યાદિ કોમોના રીતરિવાજ, ખાનપાન, વસ્ત્રાભૂષણ વગેરેની સમજ પાડી સોરઠને વધુ ઓળખાવ્યો છે.

રસધારની શૈલી

પ્રથમ ભાગમાં કોઈ ચોક્કસ ભાષાશૈલી નહોતી સ્વીકારી. બીજા ભાગમાં સોરઠી પરિભાષા તથા વાક્યરચના લાવવાની શરૂઆત થઈ. ત્રીજા ભાગમાં એ અસલી ભાષાશૈલીને જરા વધુ જોર અપાયું છે. જેની જીવનકથાઓ આલેખાય છે તેઓની જ ભાષા યોજવી જોઈએ, નહિ તો ભાવો મર્યા જાય છે ને અસલી જીવનની જોરદાર છાપ ઊઠતી નથી. અને ભાષા તો જીવનની તસ્વીર છે, માનવ-ઇતિહાસની જિહ્વા છે એને ન ઓળખીએ તો જીવનની સાચી ઓળખાણ ક્યાંથી! આજનો માનવી સ્વાભાવિક જીવનથી દૂર ચાલ્યો ગયો છે, તેટલે દરજ્જે અસલી ભાષાનું જોર એ હારી બેઠો છે. કૃત્રિમતાના લોચા વાળતી આપણી જીભ અને નિર્બળ વર્ણસંકરી વાણીને ટેવાયેલા આપણા કાન અવશ્ય પુરાણી શુદ્ધ ભાષાને જલદી ઝીલી નહિ શકે. તથાપિ અસલી વીર-જીવનના સાચા પડછંદા ઝીલવા હોય તો થોડી મહેનત લઈએ જૂની ભાષામાં પ્રવેશ કરવો, પણ આ યુગમાં એ સહુને માટે સહેલ નથી. શબ્દ-કોષ વગેરે સાધનો વડે આપણે પરસ્પર મહેનત કરવી રહી

ઝવેરચંદ મેઘાણી

— ક્રમ —

૧. ઘોડી ને ઘોડેસવાર

ભોં ભીની, ઘોડા ભલા, ડળા ઉપડિયા
[કાં] મરઘાનેણી માણવા, [કાં] ખગ વાવા ખડિયા.

(એક સખી બીજી સખીને પૂછે છે કે આવી મેઘલી મોસમને માથે આવા ભલા ઘોડા પર ચડીને ઊપડતે ડાબે આ અસવાર ક્યાં જતા હશે? જવાબ મળે છે કે બીજે ક્યાં જાય? બેમાંથી એક માર્ગે: કાં પોતાની મૃગનયની સ્ત્રીને મળવા, ને કાં સંગ્રામમાં ખડગ વીંઝવા: કાં પ્રેમપંથે ને કાં શૌર્યપંથે.)

કોઈ ઘોડો, કોઈ પરખડો, કોઈ સતરંગી નાર;
સરજનહારે સરજિયાં, તીનું રતન સંસાર!

(પ્રભુએ ત્રણ રત્નો સંસારમાં સરજ્યાં છે: કોઈ તેજી ઘોડો, કોઈ શૂરવીર પુરુષ ને કોઈ એને શોભાવનારી સુલક્ષણી નારી: ત્રણેનો મેળ પ્રભુ જ મેળવી શકે છે.)

ભલ ઘોડા, વલ વંકડા, હલ બાંધવા હથિયાર,
ઝાઝા ઘોડામાં ઝીંકવા; મરવું એક જ વાર.

(ભલા ઘોડા સવારી કરવાના હોય, શિર પર વાંકડિયા વાળ હોય, ને અંગે બાંધવાને હથિયાર હોય; પછી બહોળા શત્રુ-ઘોડેસવારો પર ત્રાટકવાનું હોય. તો પછી ભલે મોત આવે, મરવું તો એક વાર છે જ ને.)

*

મેથળી ગામને ચોરે એક દિવસ સાંજે કાઠિયાવાડના ઘોડાંની વાતો મંડાણી હતી. કોઈ માણકીનાં વખાણ કરતું હતું, તો કોઈ તાજણના પરાક્રમ કહેતું હતું. એમ બેરી, ફૂલમાળ, રેશમ, વાંદર્ય, વગેરેની વાતો નીકળી. એક જણે હૂકાની ઘૂંટ લેતાં લેતાં કહ્યું: 'એ બાપ! જે ઘડીએ જાતવંત ઘોડાંને માથે એવા જ જાતવંત અસવાર ચડે, તે ઘડીએ જાતાં આભનેય ટેકા દ્યે, હો!'

એક ચારણ બેઠો હતો, એના હોઠ મરકતા હતા.

'કાં બા હસો કાં? મોટા અસ્વાર દેખાઓ છો!'

'અસ્વાર હું તો નથી, પણ એવો એક અસ્વાર અને એવી જ જોડીદાર ઘોડી મેં જોયેલ છે!'

'ત્યારે બા, કહોને એ વાત! પણ વાતમાં મોણ ન ઘાલજો! જોયું હોય એવુ જ કહી દેખાડજો.'

ખોંખારો મારીને ચારણે પોતાનુ ગળું ઠીક કરી લીધું. પછી એણે ડાયરાને કહ્યું: 'બા, જોયુ છે એવુ જ કહીશ મોણ ઘાલું તો જોગમાયા પહોંચશે. પણ ચારણનો દીકરો છું, એટલે શૂરવીરાઈને લાડ લડાવ્યા વગર તો નહિ રહેવાય.'

હોકાની ઘૂટ લઈને એણે વાત માંડી:

"વધુ નહિ, પચીસેક વરસ વીત્યા હશે. સોરઠમા ઈતરીઆ ગામે સૂથો ધાધલ નામનો એક કાઠી રહેતો હતો પચીસેક વરસની અવસ્થા, ઘરનો સુખી આદમી; એટલે અંગને રૂંવાડે રૂંવાડે જુવાની જાણે હિલોળા લ્યે છે પરણ્યાં એકાદ બે વરસ થયા હશે. કાઠિયાણીનો ખોળો ભરીને પિયરિયામા સુવાવડ કરવા લઈ ગયાં છે દીકરો અવતર્યો. બે મહિના સુવાવડ પહેલાના, અને બે મહિના સુવાવડ પછીના, એમ ચાર ચાર મહિનાનો વિજોગ થયો. એની વેદના તો આપા સૂથાના અંતરજામી વિના બીજુ કોણ સમજી શકે?

એમ વાતા થાતા તો આભમાં અષાઢી બીજ દેખાણી. ઈંદ્ર મહારાજ ગેડીદડે રમવા મંડ્યા હોય એમ અષાઢ ધડૂકવા માંડ્યો. ડુંગરાને માથે સળાવા કરતી વીજળી આભજમીનના વારણાં લેવા માંડી સાત સાત પડ બાંધીને કાળા ઘોર વાદળાં આસમાનમાં મંડાઈ ગયા

પછી તો વાદળાના હૈયામાં વિજોગની કાળી બળતરા સળગતી હોય તેવી વીજળી આકાશના કાગળ ચીરી ચીરીને ઝડાઝડાટ

નીકળવા લાગી કોણ જાણે કેટલાયે આવેગ સાગરને કાંઠે દિલડાના સંગી બેઠા હશે, તેને સંભારી સંભારી વિજોગી વાદળાઓ મનમાં મનમાં ધીરું ધીરું રોતા મૂંઝાતા. પોતાની સાંકળ (ટોક) ના ત્રણ ત્રણ કટકા કરીને મોરલા ટેહુક! ટેહુક! શબ્દે ગેહેકાટ કરવા મંડ્યા. ઢેલડીઓ ટેહૂક! ટેહૂક! કરતી સ્વામીનાથને વીંટળાવા લાગી. વેલડીઓ ઝાડને બથ ભરી ભરી ઊંચે ચડવા મંડી. આપા સૂથાએ આભમાં નીરખ્યા જ કર્યું. એનો જીવ બહુ ઉદાસ થઈ ગયો. એક રાત તો પથારીમાં આળોટી આળોટીને કાઢી. સવાર પડ્યું ત્યાં એની ધીરજની અવધિ આવી રહી. પોતાની માણકી ઘોડી ઉપર અસવાર થઈને આપો સૂથો સાસરાને ગામ મેકડે રવાના થયા.

મેકડે પહોંચીને તરત જ આપાએ ઉતાવળ કરવા માંડી, પણ સાસરિયામાં જમાઈરાજ મહેમાન થાય એ તો પાંજરામાં પોપટ પુરાયા જેવું કહેવાય! એ પોપટનો છુટકારો એકદમ તો શી રીતે થાય? એમાં ય વળી વરસાદ આપાનો વેરી જાગ્યો. દિવસ અને રાત આભ ઈંદ્રાધાર વરસવા લાગ્યો. હાથીની સૂંઢો જેવા પરનાળા ખોરડાના નેવાંમાથી મંડાઈ ગયા. એ પાણીની ધારો નહોતી વરસતી, પણ આપાને મન તો ઈંદ્ર મહારાજની બરછીઓ વરસતી હતી. સાસરાના વાસમા પોતાની કાઠિયાણીના પગની પાની તો શું, પણ ઓઢણાનો છેડોયે નજરે ન પડે! એમ ત્રણ દિવસ થયા. આપાનો મિજાજ ગયો. એણે જાહેર કરી દીધું કે 'મારે તો આજે જ તેડીને જવું છે'

સાસુ કહે, 'અરે બાપ! આ અનારાધાર મે મંડાણો છે, એમા ક્યાં જશો?'

'ગમે ત્યાં, દરિયામાં! મારે તો તમારા ઘરનું પાણી અત્યારથી હરામ છે. મારે વાવણી ખોટી થાય છે'

આપાની વાવણી ખોટી થાતી હતી—હૈયાની વાવણી. ગામનો

ત્રાપામાં બેસીને નદી ઊતરવી પડે.

ગાડું અને માણકીનો અસવાર શેત્રુંજીને કાંઠે આવીને ઊભાં રહ્યાં. માતેલી શેતલ (શેત્રુંજી) ઘૂઘવાટા કરતી કરતી બે કાંઠે ચાલી જાય છે. આજ એને આ જોબનભર્યાં કાઠી જુગલની દયા નહોતી. નદીને બેય કાંઠે પાણી ઊતરવાની વાટ જોતાં વટેમાર્ગુઓની કતાર બંધાઈને બેઠી હતી. હુંય તે દી શેતલને કાંઠે બેઠો હતો, ને મેં આ બધું નજરોનજર જોયું. ત્રાપાવાળાઓ ત્રાપા બાંધીને ચલમ ફૂંકતા હતા. બધાય વટેમાર્ગુ આ કાઠી–કાઠિયાણીની સામે જોઈ રહ્યા જાણે આરસની પૂતળી સામે જોઈ રહ્યા હોય! જોગમાયાના સમ. શું એ રૂપ! નદીને જો આંખ્યુ હોત તો એ નમણાઈ દેખીને પૂર ઉતારી નાખત.

આપા સૂરાએ ત્રાપાવાળાઓને પૂછ્યું· 'સામે કાંઠે લઈ જશો?'

કોળીઓ બોલ્યા: 'દરબાર, આમાં ઊતરાય એમ નથી. જુઓને, બેય કાંઠે આટલા માણસો બેઠા છે!'

'પાણી ક્યારે ઊતરશે?'

'કાંઈ કહેવાય નહિ.'

ગાડાવાળા પટેલે આપાને કહ્યું· 'આપા, હવે ખાતરી થઈ! હજુય માની જાવ તો ગાડું પાછું વાળું.'

'હવે પાછા વળીએ તો કુઈ (સાસુ) ત્રણ તસુ ભરીને નાક કાપી લ્યે! પાછા તો હવે વળી રિયા, પટેલ!'

આપાની રાંગમાં માણકી થનગનાટ કરી રહી હતી. હમણાં જાણે પાંખો ફફડાવીને સામે કાંઠે પહોંચી જાઉં', એવા ઉછાળા એ મારી રહી હતી. નદીના મસ્ત ઘૂઘવાટાની સામે માણકી પણ હણહણાટી દેવા લાગી. ઘડીક વિચાર કરીને ઘોડેસવાર ત્રાપાવાળા તરફ ફર્યો· 'કોઈ રીતે સામે પાર ઉતારશો?'

'આપા, ગજબ કર્યો!' માણસો એકશ્વાસે બોલી ઊઠયા. આપા તો એક ધ્યાન બની રહ્યા છે. એણે જોયુ કે નાગે ફેણ સંકેલી મો ફેરવ્યું, રાંઢવા ઉપર આખું શરીર લાંબુ કરીને એ ચાલ્યો. આપાએ બૂમ પાડી.

'એ જુવાનો! સામા કાંઠા સુધી રાંઢવું ન છોડજો હો! સો રૂપિયા આપીશ'

ત્રાપાવાળાને કાને શબ્દો પડયા. આ શી તાજુબી! સો રૂપિયા બીજા! પાછું ફરીને જુએ ત્યાં તો કાળને અને એના હાથને એક વેતનું છેટું! 'વોય બાપ!' ચીસ નાખીને એમણે હાથમાંથી રાઢવું મૂકી દીધું. ઢબ ઢબ! ઢબાક! ઢબતા ઢબતા એ બેય જણા કાંઠે ગયા.

રાઢવું છૂટયું અને ત્રાપો ફર્યો. મધ વહેણમા ઘૂમરી ખાધી ધરરર! ધરરર ત્રાપો તણાયો. 'એ ગયો, એ ગયો, કેર કર્યો, આપા! કેર કર્યો.' એવી રીડિયારમણ બેય કાંઠે થઈ રહી. રાઢવે ચડેલો નાગ પાણીમાં ડૂબકી ખાઈને પાછો ત્રાપા ઉપર આવ્યો. બાઈની સામે મંડાણો. બાઈની નજરના તાર તો બીજે કયાય નથી, એના બાળક ઉપર છે અને એના અંતરના તાર લાગ્યા છે માતાજીની સાથે. ત્રાપો ઊભે વહેણે ધરેરાટ તણાતો જાય છે. 'જે જગદમ્બા'નો મૃત્યુ-જાપ જપાતો જાય છે

આપો જુએ છે કે કાઠિયાણી ચાલી! એક પલકમા તો એણે અસ્ત્રી વિનાનો સંસાર કલ્પી લીધો, અને–

> ડુંગર ઉપર દવ બળે, ખન ખન ઝરે અંગાર,
> જાકી દેહી લઈ ગઈ, વાકા બૂરા હવાલ.
>
> અને
>
> ત્યા પરદેશી કામની, સાંયા! મ મારેય
> રાવણ સીતા લે ગયો, વે દિન સંભારેય!

એવા એવા ધ્રાસકા પડી ગયા. પણ વિચારવાની વેળુ ક્યા હતી?

કાઠીએ માણુકીની વાઘ ઉતારીને કાઠાની મુડકી સાથે ભરાવી. મોરડોય ઉતારી લીધો. ઉગટાને તાણીને માણુકીને ત્રાજવે તોળે તેમ તોળી લીધી ઉપર ચડ્યો નદીને ઊભે કાંઠે હેઠવાશ માણુકીને વહેતી મૂકી મણીના મણીકા જેવડા માટીના પિંડ ઉડાડતી માણુકી એક ખેતરવા ઉપર પલકવારમા પહોચી આ બધુ વીજળીને વેગે બન્યું.

'બાપ માણુકી! મારી લાજ રાખજે!' કહીને, ઘોડીના પડખામાં એડી લગાવી. શેત્રુંજીના ઊંચા ઊંચા ભેડા ઉપરથી આપાએ માણુકીને પાણીમા ઝીકી. ધુબ્બાગ! દેતી દસ હાથ ઉપર માણુકી જઈ પડી. ચારે પગ લાંબા કરીને એ પાણીમા શેલારો દેવા લાગી પાણીની સપાટી ઉપર ફક્ત માણુકીનુ મોઢુ અને ઘોડેસવારની છાતી એટલો જ ભાગ દેખાતો હતો માણુકી ગઈ. બરાબર મધ વહેણમાં ત્રાપા આડી ફરી. ત્રાપો સરી જવામા પલક વાર હતી, આપાના હાથમા ઉઘાડી તલવાર હતી. બરાબર ત્રાપો પાસે આવતા જ આપાએ તલવાર વાઈ. 'ડુફ' દઈને નાગનું ડોકુ નદીમા જઈ પડ્યુ. પલકવારમા આપાએ ગઢલુ હાથમા લઈ લીધું.

'રંગ આપા! વાહ આપા' નદીને બેય કાઠેથી લોકોએ ભલકારા દીધા. મસ્તીખોર નદીએ પણ જાણે શાબાશી દીધી હોય તેમ બેય ભેડામાંથી પડછદા બોલ્યા

ચારે દિશામા રાક્ષસ જેવા લોઢ ઊછળી રહ્યા છે. કાઠિયાણી અને બાળક પાણીમાં તરબોળ છે મા દીકરાના મોમાં પણ પાણી જઈ રહ્યું છે. આપો ઉપરવાસ નજર કરે ત્યા તો આરો અરધો ગાઉ આઘો ગયેલો. સામે પાણીએ ઘોડી ચાલી શકશે નહિ. સન્મુખ નજર કરે ત્યા નદીના ભેડા માથોડુ માથોડુ ઊંચા! કેવી રીતે બહાર નીકળવુ?

'બાપ માણુકી! બેટા માણુકી!' કરીને આપાએ ઘોડીની પીઠ થાબડી. ઘોડી ચાલી.

૨. કલોજી લૂણસરીઓ

ગોંડળના કોઠા ઉપર ધ્રુસાંગ ! ધ્રુસાંગ ! ધ્રુસાગ ! એવે અવાજે નરઘાંગે ઢોલ વાગવા લાગ્યો અને ઘોડા ! ઘોડાં ! ઘોડાં ! પોકારતો પોકારતો ચોપદાર પ્રભાતને પહોરે રજપૂતોની ડેલીએ ડેલીએ ઘૂમવા લાગ્યો. એટલામા એક ડેલીમાંથી એક જુવાન બહાર દોડ્યો આવે છે અને ચોપદારને પૂછે છે 'ભાઈ? શુ છે? શેનો ઢોલ વગડે છે?'

'કલાજીભાઈ !' ચોપદાર ચાલતો ચાલતો કહેતો ગયો. 'કુંડલાના હાદા ખુમાણે આપણો માલ વાળ્યો છે. પણ તમે ચડશો મા.'

'કા?'

'બાપુએ ના પાડી છે. હજી તમારી ચાકરી નોંધાણી નથી.'

'એમ તે કાંઈ હોય ! રજપૂતના દીકરા ભગવાનને ચોપડે ચાકરી નોંધાવીને પછી જ અવતરે છે.'

એટલુ કહીને કલાજી નામના અસવારે હથિયાર હાથ કરી ઘોડી છોડી

લૂણસર નામે વાંકાનેરનુ એક ભાયાતી ગામ છે. ત્યાનો ગરાસિયો કલોજી પોતાના ભાઈઓને લઈને ગોંડળ ભા'કુંભાની પાસે નોકરી કરવા આવ્યો હતો. ત્રીસ વરસની અવસ્થા હતી. આજ સવારથી એની ચાકરી નોંધાવાની હતી. પણ મળસકામા જ હાદો ખુમાણ નામે કુંડલાનો કાઠી પોતાના દોઢસો ઘોડા લઈને ગોંડળની સીમમાં ત્રાટક્યો, અને એણે પાદરમાથી પરમારા ઢોર વાળ્યા

[illegible]

[illegible]

[illegible]

'[illegible]' કહીને [illegible] ઊંડું [illegible] ખાતી ગયું.

'દાદા, એમ ન હોય, [illegible],' એમ બોલીને કલાજીએ [illegible] લઈ ને [illegible]. દાદાને માથે [illegible] ઘા કર્યો [illegible] પડ્યો

મીરાં એના અસવારોને કહે કે, 'ભાઈઓ ! કલાજીના હાથ તો જોયા ને ? હવે એનું હૈયું જોવું હોય તો હાલો, ભાગી નીકળો'

અસવારોને લઈને મીરાં ભાગ્યો.

કલાજીએ વિચાર્યું : 'હાય હાય, એનો સગો ભાઈ એને મૂકીને ભાગ્યો ! પણ દાદા ! ફિકર નહિ. હું ય તારો ભાઈ છું.' એમ કહી, દાદાને ઘોડી પર નાખી રજપૂત પોતાને ઘેર લઈ ગયો. માને કહ્યું કે, 'માડી, પેટનો દીકરો માનીને આ દાદાની ચાકરી કરજે.'

બે મહિના દાદાને પડદે નાખીને સુવાણ થયા પછી કલોજી ધંધૂકે મૂકી આવ્યો.

મીરાં કહે, 'કાં દાદા, કલાજીને ઓળખ્યો ?'

દાદો દાંત ભીંસીને બોલ્યો 'ઓળખ્યો ! પણ એક વાર એના લૂણસરને માથે ગધેડાના હળ હાંકીને મીઠાં વવરાવું તો જ હું દાદો !'

૩

અમાસની અંધારી ઘોર અધરાત ભાંગી ગઈ હતી મોટું જળકડું થવા આવ્યું હતું. તે વખતે ગોંડળને દરવાજે બ્રાહ્મણે આવીને સાદ પાડ્યો કે 'ભાઈ દરવાણી! ઝટ દરવાજો ઉઘાડ.'

'દરવાજો અત્યારે ન ઊઘડે. કૂંચિયું કલોજીભાઈને ઘેર રહે છે.' દરવાને જવાબ દીધો.

'મારે કલોજીભાઈનું જ કામ છે. એને માથે આફત તોળાઈ રહી છે. ભાઈ દરવાણી! મારા ધણીને ઝટ ખબર દે.'

કલોજીને ઘેરથી દરવાજાની કૂંચીઓ આવી બ્રાહ્મણને કલોજીની પાસે લઈ ગયા ઓળખીને કલોજી બોલી ઊઠ્યો; 'ઓહો ગામોટ! તમે અટાણે ક્યાંથી? લૂણસરમાં સહુ ખુશીમાં છે?'

'બાપુ, કાલ સવારે લૂણસર હશે કે નહિ હોય. આજ બપોરે અહીંથી ત્રીસ ગાઉ ઉપર મને એક કટક ભેટ્યું. આમરડીવાળા દાદો ખુમાણ અને ધંધૂકેથી મીરા દાદો સાથે સાડા ત્રણસો ઘોડેસવાર: કહ્યું કે, 'લૂણસર ઉપર કાલે સવારે ભીડો વાળશું.' સાંભળીને મેં ગોંડળનો રસ્તો લીધો. તમારે પુણ્યે જ મારા પગમાં જોર આવ્યું. આવી વહેલું તો પહોંચાય તેમ નહોતું. મરતો મરતો પહોંચ્યો છું.'

આકાશમાં મીટ માંડીને કલોજી વખત માપવા મંડ્યો. સવાર આડો ઝાઝો વખત નહોતો રહ્યો. લૂણસર ત્રીસ ગાઉ આઘે હતું. સવાર પડશે ત્યાં પોતાની જનમભોમકા ઉપર શાં શાં વીતકો વીતશે! બે રજપૂતાણીઓ અને બાર વરસની નાની દીકરીની કેવી દશા થઈ હશે! વિચાર કરીને કલોજી મૂંઝી ઊઠ્યો

પોતાના ભાણેજને બોલાવીને એણે ભલામણ કરી: 'બાપ, આજ સવારે ભા' કુંભાને કસુંબાનાં નોતરાં દીધાં છે. પણ હું સવાર સુધી રહું તો મારે કસુંબાને સાટે ઝેરની તાસળી પીવી પડે.

'સાચું બાપ ! કાંઈ નથી લૂંટાણું ! ફક્ત આબરૂ ! દરબાર-ગઢમાં કોઈ જીવતુ છે ?'

'એક પંખીડું પણ નથી ઊડયું.'

'શી રીતે ?'

'દાદો તો ગઢના લબાચા વીંખવા આવ્યો, પણ એના મોટેરા ભાઈ મીરાંજીએ કહ્યું : 'ખબરદાર ! કલાજીની ધરવાળિયું મારી બોન્યું છે. આજ કલોજી ગામતરે હોય ને જો એના ઓરડા ચૂંથાય, તો તે પહેલાં મીરાંને માથે માથું ન રહે ' એમ કહીને એણે પોતાનાં દોઢસો ઘોડા નોખા તારવ્યાં અને દરબારગઢ ફરતા ઉઘાડી તરવારે વીંટી દીધા હતાં, બાપુ !'

'એક જ માના બે દીકરા ! વાહ મીરાંજી ! ભલે ભાગ્યું લૂણસર તને ઓળખ્યો' કલોજી બોલી ઊઠયો.

કલોજી ઓરડે ગયો. લોકોએ માન્યુ કે બાપુના મનની વેદના હેઠી બેસી ગઈ. ઓરડાની ઓસરીની કોર પર રજપૂત બેસી ગયો. બાર વરસની નમણી અને કાલી કાલી બોલી બોલતી દીકરી બહાર આવીને બાપુને નીરખતી નીરખતી ઊભી રહી. પોતાની ઘોડીના હના-માંથી કાંસાની તાંસળી કાઢીને કલાજીએ દીકરીને કહ્યું :

'બેટા, આ તાંસળીમાં ગોરસ લાવજે.'

દહીં આવ્યું. અંદર મૂઠી ભરીને સાકર નાખી સાકર ને દહીં ઘોળીને કલોજી પોતે પી ગયો. બીજી તાંસળી કાઢી. એમાં અફીણ વાટ્યુ, દીકરીની પાસે રોટલો માગ્યો રોટલાનાં બટકામાં અફીણ ભરી ભરીને તાજણને ખવરાવ્યું. બે ભાર અફીણનું અમલ તાજણના પેટમાં ગયુ એટલે થાકેલી તાજણ પાછી થનગનાટ કરવા લાગી. બાપુના પેટમા ટાઢક થઈ. પછી એણે દીકરીને કહ્યુ :

'લે બેટા ! હવે મારાં દુઃખણાં લઈ લે, બાપ.'

દીકરીની આંખમાંથી આંસુ વહેતા થયાં.

'રજપૂતાણિયું ! બેય જણિયું ઘરમાં શું કરી રહ્યાં છો ? આપણું બાળક આમ રોવા બેસે તો સાત પેઢીને ખોટ લાગે હો ! છાની રાખો ગીગીને સારો જમાઈ ગોતીને પરણાવજો. કરિયાવરમાં કચાશ રાખશો મા. કિરતાર તમારાં રખવાળાં કરશે. લે બેટા ગીગી ! દુખણાં લઈને સારાં શુકન દે, કે ઊજળે મોઢે બાપનું મોત થાય !'

દીકરીએ એના નાના રૂપાળા હાથનાં વારણાં લીધાં. દસે આંગળીના ટચાકા ફૂટયા. બાપુને માથે આંસુનો અભિષેક કર્યો.

તાજણનો અસવાર બહાર નીકળ્યો. દુશ્મન કઈ તરફ ગયા તે રસ્તો પૂછીને છાનોમાનો એકલો વહેતો થયો.

૪

ભળકડામાં લૂણસર ભાગીને દાદા ખુમાણ અને ગીરાં કાઠી બેફિકર બની ચાલ્યા જતા હતા. આખી રાતનો ઉજાગરો હોવાથી અમુક અસવારો ઝોકાં ખાતા ખાતા ધીરી ગતિએ ઘોડા હાંકયે જતા હતા. વચ્ચે રખોપા વિનાના ઊભા મોલમાં ઘોડા બાજરાના ડૂંડા કરડતા હતા. એને કોઈની બીક નહોતી.

'એ ના, આવે કોણ !' એક કાઠીએ ઓચિંતી ચીસ પાડી.

'[illegible] ! [illegible] ! એ તો કોઈ નહિ, આપણો કાગ !' એમ કહીને કાઠીઓ [illegible] પણ [illegible] હાકનો પડકારો સાંભળ્યો કે 'માડી ચાલજો !'

[illegible] પણ શત્રુઓનું [illegible] :

[illegible]

ાજો! લૂણસર ભાંગનારા માટી થાજો!' એવી ગર્જના થઈ. ગોડળની વહાર ધરતીને ધણધણાવતી આવી પહોંચી 'ભાગો! ભણે' ભાગો!' કહેતા કાઠીઓ ભાગ્યા. ભાગતા ભાગતા ગોડળની ફોજના એક મોવડીને ઘા કરીને પાડતા ગયા. કલોજી અને એનો ભાણેજ પડ્યા રહ્યા. જેમ વંટોળિયો જાય તેમ બેય કટક ગયા—આગળ દુશ્મનો ને પાછળ ગોડળીઆ.

પચીસ વરસની અવસ્થાએ કલાજીએ સંકલ્પ કરેલો હતો કે ચાલીસ વરસે શંકરને માથે કમળપૂજા ખાવી આજ મોતની ઘડીએ કલાને એ પ્રતિજ્ઞા સાંભરી. આજ એને પાંત્રીસ વરસ થયા છે. હજુ પાંચ વરસની વાર છે. મનમા વિચાર ઉપડ્યો કે કમળપૂજાની હોંશ પામાં રહી જશે તો અસદ્‌ગતિ પામીશ.

ઊભા થવાની તો તાકાત નહોતી, એટલે ઘોડીનું પેંગડુ ઝાલ્યુ. ઝાલીને ટીંગાણો. ટિંગાઈને ઊંચો થયો કાઠાની મુડકી સાથે બભલી બાંધી હતી બભલીમાંથી પાણી ભોંય ઉપર ઢોળ્યુ. પાછો નીચે પછડાણો. હાથ લંબાવીને ધૂળ પાણી ભેગાં ચોળ્યાં ગારો કરીને એમાંથી શિવલિંગનો આકાર બનાવ્યો. હાથમાં તરવાર લીધી પીંછી જમીનમાં ભરાવી મૂઠ હાથમા ઝાલી ને ધાર ઉપર ગળાનો ધસરકો દીધો. આખુય માથું ઊતરી ગયુ ત્યા સુધી ભીંસ દીધી. ગારાના શંકર ઉપર પોતાનુ ગળુ રાખ્યુ એટલે લોહીની જાણે જળાધારી વહેવા લાગી પૂજા મહાદેવને માથે પહોંચી ગઈ પાંચ વરસ વહેલી પહોંચી.

બેઠા બે વીસાં તણી, જડધર વાટ્યુ જોય,
(પણ) કલીઆ વેધુ કોય, પાંત્રિસે પોગાડિયુ.

[શંકર તો બે વીસુ (ચાલીશ) વરસ પૂરાં થવાની વાટ જોઈને બેઠા હતો પણ કલોજી ચાડીલો આગ્રહી હતો. એણે તો પાંત્રીસ વરસે જ માથું મહાદેવને પહોંચાડી દીધુ.]

૩. વેર

કુંડલાના ચડમા અરડીલા* ગામ છે, તેમા સોનરા બાટી નામનો એક ચારણ રહે અને ક્રાકચ ગામમા વેસૂર ગેલવો નામે સોનરા બાટીનો સાળો રહે બન્નેને સારો ગરાસ હતો. સાળા–મનેવીને હેતપ્રીત પણ રૂડી હતી.

એક વાર સોનરા બાટીએ પોતાના સાળાને ગોઠ કરવા બોલાવ્યો. વેસૂર ગેલવાને ચાર વરસનો એક દીકરો હતો. નામ પીઠાશ પીઠાશે બાપુની સાથે ફુઈને ઘેર જવા હઠ લીધી. બાપે પીઠાશને સાથે લીધો નાના પીઠાશે પોતાના પાળેલા સસલાનેય સાથે લીધો. કારણકે સસલે પણ પોતાની મૂગી ભાષામા હઠ લીધી કે, 'હુ યે આવુ'!' બાપને મન પણ સસલો તો બીજા દીકરા જેવો જ હતો ગળે બાંધેલી ઘૂઘરીઓના મીઠા રણકાર કરતો કરતો સસલો ગોઠમા ચાલ્યો

કોઈ બગીચામા ગોઠ થતી હતી સસલો કૂણા કૂણા તરણા ચરતો ખેલતો હતો. નાનો પીઠાશ અને એનો બાપ કયાંઈક આડાઅવળા થયા હશે, એટલે પીઠાશના ફુઆની જીભમા એ સસલો જોઈને એવુ પાણી છૂટયુ કે એને હલાલ કરાવીને મસાલા-દાર શાક તૈયાર કરાવી નાખ્યુ. બધા જમ્યા. સાંજરે જુદા પડવાનો સમય થયો. તે વખતે નાના પીઠાશને એનો સસલો સાંભર્યો એ કહે, 'બાપુ, ભાઈ કયા?' બાપુએ ભાઈને ગોત્યો પણ ભાઈ તો

*આજે ત્યા ગામ નથી, પણ માત્ર ઉજ્જડ ટીંબો છે.

'તમે ગુણી [illegible] દરબારના ચારણ [illegible], બાપ.'

'ના, માડી આ ચારણ દરબારના નથી [illegible].'

'બસ બાપ, ભૂલી ગયો? [illegible].'

'શું?'

'તારા બાપનું વેર.'

રાણાની પાસેથી બે રજપૂત લઈને પીડારો કાઠિયાવાડ આવ્યો. અરઠીલા ગામને માથે બગાબગ અધગત, કાળે ઓઢણે કાયા ઢાંકીને કોઈ ગોરી ગોરી વિધવા બેઠી હોય, તેમ બેઠી હતી એના વળોવાતા અતર સરીખુ વાદળ જાણે ઊંડી ઊંડી વેદનાને ભારે ભાંગી પડતુ હોય તેવુ લાગતુ અને ઓલવાતી અનેક આશાઓ જેવા તારાઓ ચમક ચમક થાતા હતા

સોનરા બાઈના ઘરમાં પીડારા એકલો જ ગયો. બુઢ્ઢો કુઓ અને બુઢ્ઢાં કુઈ એક જ ઓરડામાં સૂતેલાં પીડારાને મનમાં થયુ : આમ જ મારીને ચાલ્યો જઈશ તો કોણ જાણશે? અંગૂઠો દાબીને જેણે કુઈને જગાડયાં. ચારણીએ ભત્રીજાને જોયો હાથમા ખડગ જોયુ; ઓળખ્યો.

'આવી પહોચ્યો બાપ!' જાણે આટલા દિવસ વાટ જોતી હોય એવે સ્વરે બોલી. ત્રીજો કાન સાંભળી ન શકે તેવું ધીમેથી બોલી. ચારણ ચકિત થઈ ગયો.

'લે હવે વાટ કોની છે? લગાવ એ જ તારા બાપનો મારતલ છે.' ચારણીએ આગળી ચીંધી

'કુઈ! તમારો ..'

'મારો ચૂડલો? ચિંતા નહિ, બાપ.'

એક જ ઘાએ પીડારે પતાવ્યુ.

[illegible]

હમીર અને નાગાજણ બે મારા બે સાવઝ ! એના બાપનું લોહી
ભાળશે એટલી જ વાર છે માટે ભાગવા માંડ.'

પીઠાશ ગયો. ચારણી એ ભેકાર ઓરડામાં, દીવાને ઝાંખે
અજવાળે, ધણીનુ લોહી–તરબોળ ધડ માથુ જોતી જોતી ભળકડા
સુધી અબોલ બેઠી રહી. હવે પીઠાશ ઘણો નીકળી ગયો હશે એમ
ખાતરી થઈ, એ વખતે મો દાકયુ, રોવા લાગી ચારણીનુ રોણું
તો ઝાડવાનેય રોવરાવે સાંભળીને આખો પાડોશ જાગ્યો ગાયો ભાભરી
કૂતરાં વિલાપ કરવા મડયાં રોવું સાંભળતા તો પડખેના ઓરડામાં
સૂતેલા બેય દીકરા, હમીર અને નાગાજણ દોડયા આવ્યા. બે પહોરનુ
થીજી ગયેલું લોહી જોઈને નાગાજણ બોલ્યો · ' લે માડી, હવે સમ–
જાઈ ગયુ. હવે ઢોગ રે'વા દે હમીર, આ જામેલું લોહી જો. આ
કાળો કામો કરનારો નક્કી પીઠાશ અને બાપને માડીએ જ ઉપર
રહીને મરાવ્યો લાગે છે. પીઠાશને ભાગવ.નો વખત એની કુંઈ વિના
બીજુ કોણ આપે ? રગ છે મા !'

માએ જવાબ દીધો : ' દીકરા, એક દી એનો ય બાપ આ
વો'તા હો ! ત્રણ વરસનો એનો બાળકો તે દી ઉજ્જડ વગ
બાપના મડદા ઉપર પડયો પડયો ગાય વન્યાના વાછરુની
વલવલતો હતો એ ભૂલી ગયા, મારા પેટ ! બાપ તો સહુના સર
અને હવે બળ હોય તો ચિતોડ કયાં આઘુ છે, મારા બાપ ?'

૩

રાવળનો વેશ કાઢીને હમીર–નાગાજણ ચિતોડમાં આ
સાથે છે વંશાવળીના ચોપડા, અને બીજુ રવાજ. પીઠાશના
જ વહીવંચા બનીને આવ્યા છે. પીઠાશની ડેલીએ જ ઉ
રોજ ગઢમાંથી બે ભરચક થાળીઓ આવે છે ' ભલ્યે
ભલ્યે અન્નદાતા !' કરતા કરતા દુશ્મનો મિષ્ટાન્નો જમે છે.

એમ કરતાં તો ઘણા દિવસો ગયા [illegible] નામ મંડાણું, એમ કાન [illegible] કરતાં પીઠાત પોતાના [illegible] ગણતા હતો દેનો રોકાય છે, પણ ગોખડામાં નામ [illegible] નહિ [illegible] લાગ ગોતતા એ લાગ નથી મળતો પીઠાત [illegible] જ્યારે [illegible] બહારમાં જાય છે. અને દરબારમાંથી પાછો [illegible] ત્યારે સાથે આરબોની બેરખ હોય છે એકલો ક્યાંય મળતો નથી

એક દિવસ એવો આવી ગયો. રાતનો બીજો પહોર જામતો આવે છે નેરામારી ગળજો ઢોલીઓ બેઠા બેઠા રવાજ ઉપર સૂર જમાવી રહ્યા છે આડ, બેડા, બેચરાજી વગેરે જોગણીઓના છંદો રવાજના સૂરની સાથે મોર નાદ લલકારી રહ્યા છે બીજી બાજુ ઝરૂખામાં પીઠાત અને એની જોબનભરી ચારણીની વચ્ચે મીઠી મીઠી મસ્તી જામતી આવે છે સુખી વર–વહુ સામસામાં સુખ કિલ્લોલ કરી રહ્યાં છે એ બેલડીના જગતમા અત્યારે જાણે ત્રીજું કોઈ માનવી જીવતું જ ન હોય એવી બાદશાહી જાગી છે ઝરુખો ઘણુંઘણે છે. ચારણ પોતાની બધી કવિતા ને બધા અલંકારો ઘરની નારી ઉપર ઢોળી રહ્યો છે, સુખ જાણે કે સમાતુ નથી !

ત્યાં તડ તડ કરતી ચારણીના હાથની ચૂડલી નંદવાણી. મસ્તી થંભી ગઈ. બને હાથમાં ફક્ત અકકેક જ ચૂડી રાતીચોળ ચૂડી; તે ફૂટી ચારણી થડકતે હૈયે બોલી ' મારો હાથ અડવો નહિ રાખું. અત્યારે જ ચૂડી લાવી આપો '

ચારણ હાસીમાં બોલ્યો · 'અત્યારે મધરાતે ચુડલી ક્યાંથી મંગાવુ ! એક રાત હાથ અડવો રહેશે તો મને કાંઈ કોઈ મારી નહિ નાખે !'

' ચારણ ! ચૂડલીની ઠેકડી ન હોય. લાવી આપો.'

' લ્યો, માણુસ મોકલુ.'

' ના, માણુસને મણિયારા હોંકારો ન આપે. તમે પોતે જ લઈ આવો.'

*પથારી પાનંગ તણે, જે છીનકું ચડાય,
[એને] જાય તો ઘડીયું જાય, [પણ] પો'ર નો જાય પીઠવા!

(હે પીઠાશ, સર્પની પથારી ઉપર જે દેડકું ચડે, એને પછી મરતા બહુ તો એકાદ બે ઘડીની વાર લાગે : પછી કાંઈ એક પહોર સુધી એને જીવવાનું ન હોય)

પીઠાશ સમજ્યો કે આ સાદ તો કાળનો. ત્યાં ચોથો દુહો ચાલ્યો,

સખ પાલવ, કુંજું સરસ, વેલ્યુ રથ ને વાજ
રેઢાં મેલીને રાજ, [તારે] પાળું જાવું પીઠવા!
છીનકું ચારાય, પાનલ પાથારી તણાં
જાય તો ઘડીયું જાય, પોર નો જાય પીઠવા.

(ખાટકી લોકો બકરાને પાંદડાની પથારી કરી આપે છે એ પાંદડા ચરતાશ બકરાને બહુ તો ઘડી બે ઘડી જીવવાનું હોય, પહોર સુધી એના પ્રાણ ન રહે.)

(હે પીઠાશ, આ સંસારનાં સુખ, વસ્ત્રાભૂષણ બાગબગીચા, ગાડીઓ અને ઘોડાઓ, અરે આખું રાજ, આ બધાને સૂના મેલીને તારે પગે ચાલતા નીકળવું પડશે.)

ચોંકીને પીઠાશ બોલ્યો : 'તમે કોણ?'

બનાવટી દાઢી ઉતારીને બે ભાઈઓ બોલ્યા કે, 'ભેરુ!'

પીઠાએ ઓળખ્યા હેતને સ્વરે પૂછ્યું 'પહોંચ્યા તમે!'

બેય જણાએ કટારો કાઢી. પીઠાશને તો કાંઈ ડરવાનું રહ્યું નથી. એ તો સ્થિર ઊભો રહ્યો રહ્યો એટલું જ બોલ્યો 'ભાઈ, ચરવા ચડીના વાટ જોતી બેસશે ઝૂરી ઝૂરીને પ્રાણ દેશે બારોટ પડતા હોય તો ચૂડી દઈને ચાલ્યો આવું.'

હમીર નાગાજણની સામે નજર નોંધી નાગાજણ કહે હવે રામ રામ! અને તને ભાગ્યોએ છીએ'

* દેડકું

હમીર બોલ્યો 'ના ના, નાગાજણ, તુ પીઠાશને નથી ઓળખતો,
દે'

'અરે! હવે જાવા દઈએ? અને ગયો પીઠાશ પાછો આવે?'

'હા, હા, પાછો આવે. જાવા દે.'

'ભાઈ, ચીથરીઆ મહાદેવ પાસે તમે ઊભા રહેજો. ત્યાં
એકાંત છે. આહીં તમે પકડાઈ જશો જાઓ, હુ હમણા જ પહોચું
છુ.' એમ બોલીને પીઠાશ ઝપાટાભેર ઘેર ગયો. ચારણીના હાથમાં
ચૂડી મૂકીને મો મલકાવતો બોલ્યો 'લે આ ચૂડી, સવાર સુધી જ
તારે પહેરવી પડશે.'

'કેમ?'

'ભાઈબંધ પહોચી ગયા છે. એ રાવળ નથી, હમીર અને
નાગાજણ છે તને મળવા જેટલી રજા લઈને જ આવ્યો છું, લ્યો
રામ રામ, ઓલ્યે અવતાર મળશુ!'

પીઠાશ ચાલ્યો કે તરત ચારણી નીચે ઊતરી. ઘોડાહારમાથી બે
પાણીપથા ઘોડા ઉપર સામાન માંડ્યો. બે હાથમાં ઘોડાં દોરીને
પીઠાશની પાછળ ચાલી. ચીથરીઆ મહાદેવ ઉપર વાટ જોવાતી હતી,
આઘેથી પીઠાશ દેખાયો હમીરે કહ્યું, 'નાગજણ, પીઠાશ આવ્યો.
મરદના વચન!'

નાગાજણે હસીને કહ્યુ: 'પણ જરા આઘેરા તો જો! પીઠાશ
મૂરખો નથી તે એકલો આવે, બીજો આદમી અને બે ઘોડા! હવે
હમણા તારા ને મારા કટકા.'

પીઠાશને ખબર નથી કે પછવાડે કોણ ચાલ્યુ આવે છે, આવીને
એણે તો કહ્યું કે, 'લ્યો ભાઈ, હવે સુખેથી કામ પતાવી લ્યો'

'પીઠાશ! વિશ્વાસઘાતી? આ પછવાડે કોણ?' હમીર બોલ્યો.

બીજું ચરણ [illegible] ! [illegible] ! [illegible] ઝૂમતા કરતા રાજાજી [illegible]

'કુંભાથળ ચાળી કરી, જોગાણી જમદાઢ!'

એ ઉચ્ચાર રાગી ગયો. સાગરને સામે કિનારે અથડાઈને જાણે પાછો વળ્યો, આકાશના ઘુમ્મટમાંથી જાણે પડઘો પડ્યો. આખી મેદની ચીરીને રાગ નીકળ્યો કે

'જાણે અષાઢી બીજળી, કાળે વાદળ કઢ!'

(અષાઢની વીજળી જાણે કાળા વાદળને ચીરીને નીકળી.)

'શાબાશ!' રાજાજીએ ચરણ ઝીલ્યું. 'ફરી વાર, ફરી એક વાર.' અવાજ જાણે ધરતીના પડ ભેદીને ફરીવાર આવ્યો

'જાણે અષાઢી બીજળી, કાળે વાદળ કઢ!'

'ફરી એક વાર, ફરી એક વાર,' આદેશ છૂટ્યા ત્રીજી એ ગુપ્ત સ્વર ગાજ્યો.

'જાણે અષાઢી બીજળી, કાળે વાદળ કઢ!'

'શાબાશ! શાબાશ!' એમ ભલકારા દેતા દેતા રાજાજી ઊતર્યા. એ બોલનારનું કાંડું ઝાલ્યું. 'બોલ બચ્ચા, તું કોણ?'

'બાપુ, જોગાજીનો નોકર છું.'

'નહિ. તું રજપૂત નહિ. તું સાચું બોલ. હું તને માફ કરી સરપાવ આપીશ.'

'બાપુ, ચારણ છું.'

'તું ચારણ! મારા સીમાડામાં ચારણ જાત જીવી શકે નહિ તું ક્યાંથી?'

'ઠાકોર!' જોગાજી બોલ્યા 'દેવીના દીકરાઓને બ્રાહ્મણે

૫. હજાર વર્ષ પૂર્વે

એક હજાર વર્ષ પૂર્વે, એક દિવસ સાંજે, પાટણ નગરીના સરોવરને કાંઠે બે બાવાઓએ આવીને પોતાના ખભા ઉપરથી ગંગાજળની કાવડ ઉતારી. વિસામો ખાવા બેઠા. હાથીની સૂંઢ જેવા જબરદસ્ત એના ભુજ-દંડ હતા. લોઢાના થંભ જેવી બળવાન કાયાઓ હતી. વેંત વેંતના કપાળ ઝગારા કરતા હતાં. એકની આંખોમાંથી તેજના ભાલા છૂટતાં હતાં. બીજાની આંખો અંધ હતી. અંધ [illegible] માથે ને મોઢે ધોળા રેશમ જેવી સુંવાળી લટો ચમકતી હતી. બન્ને જણ સ્નાન કરવા લાગ્યા.

નજીકમાં એક ઘોડેસવાર પોતાની ઘોડીને પાણી પાતો હતો. ચો! ચો! બાપો! બાપો! એવા નોખનોખા દોર કાઢીને ઘોડેસવાર ઘોડીને પાણી પીવા લલચાવતો હતો.

ઘોડીએ બે પહાડ જેવા બાવાઓના ભગવાં લૂગડાં [illegible] ચમકવા લાગી, કેમેય માની નહિ. ઘોડેસવારે પીઠ થાબડી [illegible] ઘોડી ટાઢી ન પડી એટલે એણે કડાક! [illegible] ઉગામીને ઘોડીના અંગ ઉપર ચોડી દીધો.

'[illegible]!' [illegible] બાવાના મોઢામાંથી અરેરાટી નીકળી [illegible] 'ભાઈ [illegible] ઓ ઘોડેસવાર! આ ઘોડી તો મૂંગી [illegible] [illegible] મારવી નહિ.'

'ડમરુ કે [illegible] ?'

'તો આપું ગજગાહ અને માગી મહેનત આપું.'

આઠમે દિવસે ઘોડીએ [illegible] આપ્યા. ઘોડી જોતાં મળી અઢાર આસામ ટાગીને ઘોડી હતી. ત્યાં તો ગામમાં [illegible] કે જોગીનાં વેણ સાચાં પડ્યાં! સાચાં પડ્યાં!

રાજાએ પૂછ્યું, 'જાદુગર છો? ત્રિકાળજ્ઞાની છો?'

'ના બાપ,' અંધ બાવો કહે, 'જાદુગર નથી ને ત્રિકાળજ્ઞાનીયે નથી. *શાલિહોત્ર ગ્રંથ ભણ્યો છું. આંખો નથી એટલે અવાજ ઉકેલું છું. ફડાકો બોલ્યો હતો તેનો અવાજ પારખીને ઘોડીના પેટની વાત વાંચી.'

રાણીવાસમાંથી કચેરીમાં કહેણ આવ્યાં કે સેનાબાએ એવા આંધળા ને બુઢ્ઢા જોગીની સાથે પરણવાની ના પાડી છે. તે વખતે જોગી પ્રગટ થયા, હું કટોડા રાજના ધણી બે સોળંકીભાઈઓ નામે બીજ અને રાજ. ગોત્રહત્યા લાગેલી તેનું પ્રાયશ્ચિત્ત લેવા ગંગાજળની કાવડ ઉપાડી દ્વારકા રણછોડરાયજીને નવરાવવા જાતા હતા, સોલંકી જેવું ઊંચું કુળ મળવાથી સેનાબાએ કબૂલ કર્યું પણ મોટાભાઈ બીજકુમાર બોલ્યા · 'હું તો અંધ છું. મારે માથે હવે પળિયાં આવ્યાં, હું નથી પરણ્યો, પરણવું યે નથી. મરજી હોય તો મારા નાનેરા ભાઈને જમાઈ કરો.'

રાજની સાથે સેનાબાનો હથેવાળો થયો, સેનાબાને ઓધાન રહ્યું, નવ મહિને દીકરો આવ્યો. પ્રસવ થાય તે વખતે જન્માક્ષર લેવા જોશીને બેસાડેલા. પ્રસવ થયો તેની બરાબર ઘડી લેવા માટે બહાર બેઠેલા જોશી પાસે ઓરડામાંથી દડી ફેંકવાની હતી બાનડીએ દડી બે ઘડી મોડી નાખી, એટલે ખોટી ઘડી લેવાણી. જન્મોત્રીમાં ગણ-

* અશ્વવિદ્યાનું પ્રાચીન શાસ્ત્ર.

તરી કરીને જોશીએ નિસાસો નાખ્યો. માતાએ પુછાવ્યું કે, 'કહો જોશીરાજ! જન્માક્ષર શું કહે છે?'

'કહે છે કે દીકરાનુ મોઢું જોયે બાપનું મોત થાશે.'

સોનેરી પાંભરીમા બાળકને વીંટાળવામા આવ્યુ. આસુભરી આખે માતાએ આજ્ઞા કરી કે, 'એને વગડામા નાખી આવો.'

ખાનડી નાખવા આઘે આઘે ગઈ. એક બખોલ દેખી, બાળકને ત્યાં નાખીને પાછી વળી.

તરતની જ વીંઆયેલી એક વાઘણ પોતાનાં બે બચ્ચાને એ બખોલમાં મૂકીને ભરખ ગોતવા ગયેલી પાછી આવીને બચ્ચાંને ધવરાવવા બેઠી. પાસે પડેલા માનવીના બાળકને માથે ઓર હતી તેથી તેને પણ પોતાનું બચ્ચું માની પોતાની ગોદમા લીધુ. ઓર ચાટી લીધી. હેત ઊપજી ગયુ ત્રણે જણાં .વાઘણના આચળ ચસ! ચસ! ચૂસવા મડ્યા. બચ્ચાને ધરવીને વાઘણ વગડામા ચાલી ગઈ.

મોસૂઝણું થયુ. બે ભરવાડો નીકળ્યા. એણે આ કૌતૂક જોયું. બે વાઘનાં બચ્ચા ને એક માનવીનુ બચ્ચું! એકબીજાને ચાટે છે. માનવીનુ બાળક હાથપગ ઉલાળતુ ઘૂઘવાટા દે છે. ત્રણેને ઉપાડીને ગોવાળીઆ દરબારમા લાવ્યા. આ કૌતૂક કોણ સમજાવે? પૂછો બીજ સોલકીને!

માનવી બાળકને છાતીએ ચાપતા જ તુરત આધળો બીજ બોલ્યો. 'અહાહાહા! મારુ કાળજુ ઠરીને હિમ થાય છે. બાપ! આ બીજો કોઈ ન હોય. આ તો મારુ જ પેટ'

'શુ બોલો છો, ઠાકોર?'

'પુછાવો રાણીવાસમાં સેનાબાને શું અવતર્યું?'

રાણીવાસમાથી ખબર આવ્યા કે મરેલુ કાચું બાળક અવતર્યું હતુ.'

'એને ક્યાં નાખ્યું?'

'ક્યાં તે પાંચ પાંચ પાડ્યા !'

'તો આવ્યા રાજમહેલ અને માગી લઈને આપું.'

આઠમે દિવસે વાડીએ રાજા નાવા આવ્યા ત્યારી જોતા મળી અગાઉ આ ઘેમ ઘોડીને ઓડી હતી. ત્યાં તો ગામમાં રણકાર થયો કે જોગીનાં વેણ સાચાં પડ્યાં ! સાચાં પડ્યાં !

રાજાએ પૂછ્યું, 'જાદુગર છો ! ત્રિકાળજ્ઞાની છો ?'

'ના બાપ,' અંધ બાવો કહે, 'જાદુગર નથી ને ત્રિકાળજ્ઞાની નથી. *શાલિહોત્ર ગ્રંથ ભણ્યો છું. આંખો નથી એટલે અવાજ ઉકેલું છું. ફડાકો બોલ્યો હતો તેનો અવાજ પારખીને ઘોડીના પેટની વાત વાંચી.'

રાણીવાસમાંથી કચેરીમાં કહેણ આવ્યાં કે સેનાબાએ એવા આંધળા ને બુઢ્ઢા જોગીની સાથે પરણવાની ના પાડી છે. તે વખતે જોગી પ્રગટ થયા, હું કટોડા રાજના ધણી એ સોળંકીભાઈઓ' નામે બીજ અને રાજ: ગોત્રહત્યા લાગેલી તેનું પ્રાયશ્ચિત લેવા ગંગાજળની કાવડ ઉપાડી દ્વારકા રણછોડરાયજીને નવરાવવા જતા હતા, સોલંકી જેવું ઊંચું કુળ મળવાથી સેનાબાએ કબૂલ કર્યું પણ મોટાભાઈ બીજકુમાર બોલ્યા : 'હું તો અંધ છું. મારે માથે હવે પળિયાં આવ્યાં, હું નથી પરણ્યો, પરણવું યે નથી. મરજી હોય તો મારા નાનેરા ભાઈને જમાઈ કરો.'

રાજની સાથે સેનાબાનો હથેવાળો થયો, સેનાબાને ઓધાન રહ્યું, નવ મહિને દીકરો આવ્યો. પ્રસવ થાય તે વખતે જન્માક્ષર લેવા જોશીને બેસાડેલા પ્રસવ થયો તેની બરાબર ઘડી લેવા માટે બહાર બેઠેલા જોશી પાસે ઓરડામાંથી દડી ફેંકવાની હતી બાનડીએ દડી બે ઘડી મોડી નાખી, એટલે ખોટી ઘડી લેવાણી. જન્મોત્રીમાં ગણ-

* અશ્વવિદ્યાનું પ્રાચીન શાસ્ત્ર

રોટાણીએ, બાનડીએ ને ડુમડીએ વારાફરતી સૂધ્યું. 'એય રે ાણી મા! પેટમા કોણ જાણે શુયે થઈ ગયું!' એમ ત્રણે જણી મોલી કોઈક જતી જોગટાનુ મત્રેલુ માનીને બાનડીએ ફૂલ બારીએથી ફેંકી દીધું ફૂલ ઘોડાહારમાં પડ્યુ. સો સો ધમસાણોમા ઝૂઝેલી પરનાળ નામની ઘોડી ત્યા બાધી હતી, એણે એ સૂઘ્યુ પાંચેને ઓધાન રહ્યા

જહીએ માવલ જનમીઓ, લાખણસી સોનલ,
નેત્રમ માગેણો હુવો, ડાઈ જાય કમલ.

[જહી બારોટાણીને માલવ સાણાણી નામે પ્રખ્યાત બારોટ જનમ્યો. નેત્રમ દાસીને માગેણો અને ડાઈ સોનલ રાણીને લાખો ફુલાણી અવતર્યો. ડુમડીને કમલ.]

રાજમાતાની કુખે કુવર લાખો જન્મ્યો એના જન્મને દિવસે જગતમા શુ બન્યું.

જે દી' લાખો જનમીઓ, ધરપત કાછ ધરા,
તે દી' પીરાણા પાટણજા, કોઠા લોટ કરા.

કચ્છનો ધરપતિ લાખો જે દિવસ જન્મ્યો, તે દિવસે જ બરાબર એના પિતા ફૂલે અણહિલપુર પાટણના કિલ્લાને ભો ભેગ કરી નાખ્યો સૂરજનો કુમાર આવા વીર-શુકન લઈ ને ધરતી ઉ ઊતર્યો એના જન્મની ખુશાલીના ડકા ચોરાની ઝાલર ઉપર વગડ... પણ ગુજરાતના પાટનગરના ગઢની દીવાલ ઉપર વગડ... છઠ્ઠીના લેખ લખનારી વિધાતા મોળા અક્ષર કાઢતા કાપી હશે.

*

બાપની સાથે કુવર લાખાને અણબનાવ થયો. મોઢું જોવાનુયે ાગપણ ન રહ્યુ. સૂરજનો પુત્ર જુવાનીના રંગ રમવા સોરઠને કાંઠે ાતર્યો, કઈ ધમસાણ ખેલાવ્યા. આઠ આઠ કોટની રચનાવાળું એક નગર બાધ્યુ.

બીજે ચોથો પગ ઝાલી લીધો. તેને દવાનાં મર્દન કર્યાં. ઘોડાની ાટ ટળી. માણસો મોંમાં આંગળી ઘાલી ગયાં.

'રાવ લાખા!' અંધ બીજ બોલ્યા, "આમાં બીજો ઇલિમ ાહોતો. ઘોડાને સ્વપ્ન-ધા થયો હતો. લડાઈનું એને સ્વપ્નું આવેલું ; લડતાં લડતાં જાણે પોતાનો પગ ઘવાણો છે! એટલી ભ્રાંતિ થવાથી એ નીચે પગ નહોતો માંડતો.

લાખો કહે, 'દેવનાઈ પુરુષ! મારી બહેન રાયાજીનું પાણિ-ગ્રહણ કરો.'

બીજ બોલ્યા, 'બાપ લાખા રાવ! મારી વિદ્યાને કોઈનું શોકયપણું ન પાલવે. મરજી વધતી હોય તો રાજને જમાઈ કરો.'

ઊઘડતા ગુલાબ જેવો રાજ શોભતો હતો. એની વિદ્યા એક જ હતી ને તે મસ્તકમાં નહોતી; ભુજામાં હતી. એ જ્યારે માથું હલાવતો ત્યારે સાવઝ જાણે પોતાની કેશવાળી ખખેરતો હોય એવો પ્રતાપી દેખાતો. લાખાની બહેન બીજા કોને પરણી શકે? વેલડી આંબાને વીંટાય, તેમ રાયાજી રાજને પરણી.

૩

આંધળો બીજ ખભે કાવડ ધરીને ગસાલા સાથે દ્વારકા ચાલ્યો ગયો છે, રાજ આટકોટમાં જ રહ્યો છે. રાયાજીને ઓધાન રહ્યું છે ગતદિન્સ ગર્ભ ખીલતો જાય છે સુભદ્રાના પેટમાં જાણે અભિમન્યુ!

કાળ આવવો છે ને! એક દિવસ સાળો બનેવી સોગઠાની રમત માંડે છે. સામસામા પધડા પાડે છે, કોડીઓ ઢીઆય છે, અને ગોઠણ-ભર થઈ થઈને બેય જણા પાસા ફેંકે છે. લાખાની એક જ સોગઠી રહી. એ સોગઠીને પાકીને ઘરમાં જવાની વાર નહોતી ત્યાં ગજે દાણીઆ નાખ્યા. લાખાની સોગઠી ઊડી 'મારા સાળાની! ક્યારની સતાપ-તી'તી!' કહીને રાજે સોગઠી પર સોગઠી મારી એક વાએ ભાંગીને ભૂકા કર્યાં. આગળીમાથી લોહીના ત્રસકા ટપકયા.

લીલી અને સૂકી એવી બન્ને ભાદર નદીઓનાં નીર જ્યાંથી પહેલવહેલાં વહેવા માંડે છે, તે દેવતાઈ જગ્યા ઉપર હજુયે આટકોટ નગર ઊભું છે. પણ આડ કોટ તો માટી ભેળા મળ્યા છે બખ્તર કાઢી નાખીને કોઈ ક્ષત્રી કેમ જાણે નદીને નિર્જન કાંઠે ઊભો ઊભો પોતાની આગલી જાહોજલાલી યાદ કરતો હોય!

કાંધે ગંગાજળની કાવડ ઉપાડીને રાજ બીજો બે ભાઈઓ ભગવે લૂગડે દ્વારકા જાય છે આટકોટના પાદરમાં ઉતારો પડ્યો છે અહીં એક ટકોરો વાગે ને એનો રણકાર જેમ આઘે આઘે પથરાઈ જાય, તેવી રીતે બીજકુમારની કીર્તિ એટલા વખતમાં તો ચારણોએ અનેક રજવાડામાં પહોંચાડી દીધી હતી. જેને જેને ખોટીલાં ઘોડાં હતાં તે તમામ એ અશ્વ-પરીક્ષકની તપાસ કરાવતા

લાખા ફુલાણીને જાણ થઈ પાંખુપસર નામના પોતાના ઘોડાને બતાવવા લાવ્યા પાંખોવાળા પંખીને વેગે ચાલનાર એ માનીતો ઘોડો કોણ જાણે શા કારણે એક પગ ઊંચો રાખતો હતો. ઓસડ બહુ કર્યાં હતાં તોય ઘોડો પગ માંડતો નહિ.

આંધળા બીજે ઘોડાની આખી કાયા ઉપર હાથ ફેરવી જોયો, એણે કહ્યું · 'લડાઈનો ડંકો દેવરાવો. નોબતો ગડેડાવો. રણશીંગાનો શોર મચાવો. આખા લશ્કરને સજ્જ કરી બહાર કાઢો. હોકારા પડકારા કરીને દિશાઓ ગજાવી મૂકો.'

રડી બાંબ! રડી બાબ! લડાઈના ડંકા વાગ્યા. નેજા ચડ્યા. નોબતે ઘાવ દેવાણા. તુરી ભેરી વગડી આકાશ ધુંધળો થયો. લશ્કર નીકળ્યું ઘોડાની હણહણાટી ને આદમીઓના હાકલા પડકારા: એ શોરબકોર સાંભળતાં તો ત્રણ પગે ઊભેલા ઘોડાએ ઝડાક દઈને ચોથો પગ નીચે મૂક્યો. હણહણાટી દીધી. ખીલો કઢાવી નાખવા ઝોંટ મારી

આંખો ન મળી, ફક્ત અવાજે ખાતર બેઠા. 'ઊભો રહે! ભાઈ,' એવો સાદ કરતો મુગરાજ અટારીમાં ચડી રહ્યો.

'વાહ રે ફરઝંદ! વાહ મોતંકી! રંગ તારા શામ્બરમને! ને રંગ તારા પુનમ્બરમને!'

પ્રભાતના ડંકા પૂરે તે પહેલાં તો રાખાઈશ આટકોટના ગઢમાં દાખલ થઈ ગયો. ખાસદારે ઊનું પાણી તૈયાર રાખેલું. ઘોડીને નવરાવી માલિશ કરી. જાણે એક આંગળીએ ગંજન ન કરી હોય, તેવી તાજી ફૂલમાળ બની રહી.

લાખાને રિવાજ હતો કે રોજ સવારે આવીને પોતાની ઘોડીના શરીરે હાથ ફેરવવો. એ પ્રમાણે ફૂલમાળ ઉપર હાથ ફેરવવા લાગ્યો. કાંઈ ફરક ન લાગ્યો ત્યાં લાખાની નજર ઘોડીના કાનમાં ગઈ. એણે કાનમાં આંગળી ફેરવી. આંગળી ઉપર માટી બેઠી. ડોળા કાઢીને એણે પૂછ્યું. 'ખાસદાર! ફૂલમાળ કાલે રાતે ક્યાં ગઈ હતી?'

'ક્યાંય નહિ બાપુ! તમારી આજ્ઞા બહાર છું.'

'ખોટું! આ ધૂળ જોઈ? આ ધૂળ મોરબીની નો'ય. બોલ કોણ ચડેલું?'

ખાસદાર થંભી ગયો.

'કોણ ભાણાભાઈ?'

ચાકરે ડોકું ધુણાવ્યું.

'હં! સમજાયું!' લાખાની બેય ભ્રમર ખેંચાઈને ભેળી થઈ.

૫

આજ સોમવાર છે. મામા શિકારે જાય છે. સાથે સૈન્ય તૈયાર થાય છે. કોઈ દિવસ નહિ, ને આજે રાખાઈશ હથિયાર બાંધે છે. મામાએ ભાણેજની તૈયારી જોઈ. ભાણેજના અંગ ઉપર કેસરિયાં છાંટણાં દેખ્યાં. ભાણેજની આંખોમાં ઝેરની વિદાયના

રંગ જોયા આજ રંગો થવાનો. મામાએ લશ્કરને હથિયાર બાંધવાનો હુકમ દીધો

આગળ ભાણેજ ને પાછળ મામા : ભાદરમાં સ્નાન કરી ધોતિયું પહેરી, ત્રિપુંડ તાણી, મામા શિવાલયમાં બેઠા. ૐકારના ધ્વનિ એના પહાડી ગળામાંથી ગાજવા લાગ્યા ઘીના દીવા થંભીને લાખાનાં સ્તવનો સાંભળી રહ્યા છે. શિવાલયને પગથિયે, મામાનાં હથિયાર અને બખ્તર લઈને રાખાઈશ બેઠો છે તલવારની મૂઠ ઉપર પોતાનું દૂધમલિયું માથું ટેકવ્યું છે. મામાના મોંના ૐકારની સાથે જ એક તાલ બનીને ભાણેજના મોંમાંથી નિસાસા છૂટે છે. ભાદરને બેય કાંઠે લશ્કરનો વ્યૂહ રચાવા માંડ્યો છે

આભમાં આંધી ચડે છે. સૂરજ ધૂંધળો થાય છે. ધરતીનાં પડ ધણુધણી હાલ્યાં છે. સોલંકીના સહસ્ર સહસ્ર ભાલાં, કોઈ મહા દાવાનળની શિખા સળગતી હોય તેવાં ચળકી ઊઠ્યાં ! કાળી નાગણીઓ જીભના લબકારા લેતી હોય તેવી તલવારો ઝળહળવા લાગી. ભાદરને કાંઠે ભેટંભેટા થયા. લોહીનાં પગનાળાં બંધાઈ ગયાં.

એ ભયંકર યુદ્ધમાં આટકોટના યોદ્ધાઓ કપાઈ ગયા. સોલંકીનું સૈન્ય સામે કાંઠેથી આ કાંઠે આવી પહોંચ્યું એ વખતે લાખાની પૂજા ચાલુ હતી. પૂજા પૂરી થયા સુધી આસપાસ યુદ્ધનાં ધમસાણ બોલતાં હતાં, તોય લાખો ડગ્યો નહોતો. હવે એ ઊઠ્યો સાથે ભાણેજને બેઠલો ભાળ્યો. 'હાય હાય ! હમણાં મને કાપી નાખશે. મારાં હથિયાર એની પાસે છે. બહાર નીકળીશ એટલી જ વાર છે ' એવી એને ફાળ પડી.

ભાણેજે ઊઠીને મામાને લૂગડાં દીધાં, બખ્તર પહેરાવ્યું, હથિયાર સોંપ્યાં, ને કહ્યું 'ચાલો.'

'ઓ .હો ! આખું લશ્કર ખળું થઈ ગયું ! ' લાખો જોઈ રહ્યો. મૂળરાજ લગોલગ આવી પહોંચ્યો. મામો–ભાણેજ કંઈકને કાપતા

પતા, મુડદાંના ગંજો ઉપર પગ મેલી મેલીને આગળ વધે છે. ાણેજ મામાની મોખરે ચાલીને મામાના ઉપર આવતા ઘા પોતાના ક પર ઝીલતો આવે છે.

૬

ઓ ઉડે ગરજાણ, (જેને) ગોકીરે ગઝમ થિયો,
હૈડા! હાલ્ય મેરાણ, રણ જોવા રાખાશનું.

[ઓ, સામે રણક્ષેત્રમાં ગીધો ઊડે છે, અને એની કારમી ચીસો પરથી લાગે છે કે મહાયુદ્ધ મચ્યું છે. એવું યુદ્ધ તો રાખાઇશનું જ હોય. હૃદય! ચાલ, ચાલ, આપણે રાખાઇશનું ધીંગાણું જોવા જઈએ]

'મૂળરાજ, માટી થાજે!' રાખાઈશે હાકલ દીધી.

'ભાઈ! ભાઈ!' એ મધરાતનો સૂર પારખીને મૂળરાજે ભાઈને સાદ કર્યો.

'આજ ભાઈ નહિ, દુશ્મન!' કહીને રાખાઈશે ભાલો ઝીંક્યો. સામાં વેતરાઈ ગયેલ હાથનું ભાલું નિશાન ચૂક્યું. મૂળરાજે આખો ખીચીને ભાઈને માથે સાગ નાખી રાખાઈશ પડ્યો. પછી રાખો પડ્યો.

જાડેજાઓને ખલાસ કરીને મૂળરાજે ગુજરાતનો રસ્તો લીધો.

આકાશની આંખોમાંથી લોહીની ધારો થાતી હોય, તેવા સાંજના રંગ ઊઘડ્યા હતા ભાદરને કાંઠે હજારો શૂરવીરો ડંકતા હતા. થોડે અંતરે મામો-ભાણેજ પડ્યા હતા. હજુ પ્રાણ નહોતા છૂટ્યા.

એક સમળા આવી. રાખાઈશે આથે પડ્યા પડ્યાં જોયું કે સમળા મામાની આંખો ઠોલવા જાય છે મામાનો જીવ હવે ઘડી બે ઘડી હતો. એને થયું, જીવતા મામાની આંખોનાં રતન જો સમળાં કાઢી જશે તો મામાને અપ્સરા નહિ વરે. મારા મામાની અસદ્દગતિ થશે.

ઉડાય તેટલું તો જોર નહોતું. શરીરના ટુકડા થઈ ગયા

પોતાની આજુબાજુ મોં ફેરવી હાથ પ્રસાર્યો પણ હાથમાં પથ્થર નથી આવતો. અને ત્યાં તો સમળા મામાના માથા ઉપર બેઠી. રાખાઈશ ભાન ભૂલી ગયો. કમરમાંથી કટારી કાઢવા હાથ નાખ્યો. પણ ત્યાં કટારી કેવી! માંસના લોચા લબડતા હતા.

ઉર ગો' કટારી, ઉર ગો' કાગોળા લગી
વગ કોઈના વાણુરાં, રણ રાડતે રાખારાની.

કટારની જગ્યા ઉપર હાથ ગયો. કટાર હાથમાં ન આવી. કાચોળા (આંતરડાં) બહાર લબડતાં હતાં તે ઉપર હાથ ગયો. આંતરડાંનો લોચો તાણ્યો. પેટમાં બાઝેલ હોવાથી તે તૂટ્યો નહિ. ઝોંટ મારીને તાણ્યો, તોડ્યો, સમળી સામે ઘા કર્યો. અદ્ધરથી લોચો ઝડપીને સમળી ઊડી ગઈ. લાંબે શ્વાસ છોડતા રાખાઈએ 'રામ' કહીને આંખો મીંચી. એ રણમાં લડતા લડતા રાખાઈએ બન્ને કુળ (વગ)–મોસાળનું કુળ ને પિતૃકુળ — ઉજ્જવળ બનાવ્યાં.

કાપડ, માડુ, લોહ, ધણ, નીંવડીએ વાખાણ,
રાખાઈશ થાએ છૂંદીઓ, તોય ન મેલ્યો માણ.

[લૂગડું, મર્દ, તલવાર ને સ્ત્રી, એ ચારેના તો નીવડ્યે જ વખાણ થાય. આખર અવસ્થામાં કેવો ભાગ ભજવે છે, કેવી લાજ સાચવે છે તે જોઈ પછી જ એનાં વખાણ થાય એવી રીતે જુઓ! આ રાખાઈશ જખમોમાં છૂંદાઈ ગયો હતો, તોય પોતાની ટેક એણે ન છોડી, સાચો સ્વામીભક્ત નીવડ્યો]

રણ રિયાં મ રોય, રોને રણ છાંડે ગિયા,
સુવે જ મંગળ હોય, રણ મચિયાં રાખાઈશનાં.

[હે મરનારના સ્નેહીજન! તારા જે વહાલા રણમાં રહ્યાં (મર્યાં), તેને માટે કલ્પાંત મા કર, કલ્પાંત તો રણ છોડી નાસનારને માટે હોય. રણમાં મરનારનાં તો અપ્સરાની સાથે મંગળ લગ્ન થાય છે, એમાં રોવાનું હોય? રાખાઈશે પણ એવા જ રણસંગ્રામ મચાવ્યા.]

કોઈ સ્વજન રાખાઈશની કોઈ પ્રિયતમા સ્મશાનમાં આવે છે. રાખાઈશને દહન દીધું છે. ત્યાં આવીને રાખ તપાસે છે:

વિણાઈને બાકી રહેલ પચાસ ઘોડા હવે મને છોડશે નહિ ગામમાં ગરીશ કે તરત આવીને મને ચોર ઠેરવશે. મારી લાજ જાશે. હવે કરવું શું? હે સૂરજ ધણી: સમી મત દેજે!'

આપાને કાંઈક વિચાર આવ્યો. એણે ચોકડું ડોંચ્યું. લખીને તારવી ગામ એક પડખે રહી ગયું. બાવળની કાટયમાં ઘોડી વહેતી થઈ બાવોજી પણ આપાને પગલે પગલે હાંકતા ગયા પચાસ અસવારો પણ પાછળ ને પાછળ ચાંપતા આવ્યા. એ ઝાડની અંદર ઘોડાં જાણે સંતાકૂકડીની રમત રમવા લાગ્યાં. દિવસ ઝડ વઝડ જ રહ્યો હતો. જંગલમાં ઘોડાની ધમસાણ બોલતી હતી. ડાબલાના પડઘા ગાજતા હતા

એકાએક વીજળીનો આંચકો વાગ્યો હોય તેમ આપાની ઘોડી થંભી ગઈ આપાએ જોયું તો સામે એક વોકળો ચાલ્યો જાય છે. અને પાછળ ચાલ્યા આવે છે પચાસ શત્રુઓ. હવે આપો લૂણો ક્યાંથી છટકે? ઘોડી ટપી જાય તેટલો સાંકડો એનો પટ નહોતો.

આપા લૂગાએ વોકળાની ઊંચી ભેખડ ઉપરથી ઘોડીને વેકરામાં ઝીંકી. વાંસોવાંસ બાવાજીએ પણ પોતાની ઘોડીને ઝીંકી. સામે કાંઠે નીકળવા માટે આપાએ પોતાની લખીના પડખામાં એડીનો ઘા કર્યો. પણ ભેખડની ટોચે ભટકાઈને લખી પાછી પડી; આપાએ લખીને જરા પાછી ફેરવીને દાબી બચ્ચાં સોતી વાંદરી જેમ છલંગ મારીને જાય તેમ લખી એ જુવાનને ઉપાડીને સામે કાંઠે નીકળી ગઈ પણ બાવાજીની ઘોડીનું એ ગજું નહોતું બીજી વાર, ને ત્રીજી વાર એની ઘોડી ભટકાઈને પાછી પડી, એટલે પછી ગભરાઈને બાવાએ બૂમ પાડી 'એ આપા, મને ગત ગખ્યો!'

[illegible] પાછળના પચાસ ઘોડા ભેખડ ઉપરથી વેકરામાં [illegible] [illegible], 'એ આપા!'

દસ કાઠી છે. ધીંગાણો કરવો હોય તોય ભલે! બાકી ગામમાં જો કોઈ તમારો વરરાજો લાગ્યો હશે, તો યાને માળા ખોળામા બેઠેલો માનજો ભલે', કાલ્ય સવારે ધીંગાણો કરશું. અટાણે તો બ્યાળુ કરો, હોકો પીવો, નીંદર કરો, ઘોડાને ધરવો, સવારે પછી ધીંગાણો કરશુ એમા શુ બા! લીંબડીની ફોજ હારે આફળીએ ઈ તો ઝાઝી વાત કે'વાય ને!'

ઘોડેસવારોની નાડીમાં જીવ આવ્યો નીચે ઊતર્યા પચાસે ઘોડાને આપાએ પાલી પાલી બાજરાનું જોગાણુ મુકાવ્યુ પણ ચાલીસ ગાઉનો પંથ કાપીને લોથપોથ થઈ જનાર ઘોડાએ બાજરો સૂંઘ્યો યે નહિ સામે જ આપા લૂણાની લખી ઊભી ઊભી બાજરો બટકાવતી હતી ઘોડેસવારો પણ દિગ થઈ ગયા કે લીંબડી જઈને આવનારી આ ઘોડી શી રીતે બાજરો કકડાવતી હશે?

ઘોડેસવારોની સરભરા કરવામા આપાએ મણા ન રાખી સવાર પડ્યું એટલે જે વાણિયાને ઘેર આપાએ વરરાજાને સંતાડ્યો હતો તેને ત્યાંથી બોલાવી લીધો; કહ્યુ 'લ્યો બાપ સંભાળી લ્યો આ તમારો વરરાજો અને લ્યો આ વરરાજાની પે'રામણી.' એમ કહીને રૂપિયા બમોની ઢગલી કરી વરરાજાના અંગ ઉપરની સોનાની એક રતી પણ ઓછી નહોતી થઈ વરરાજો પણ ખુશ હાલતમા હતો. ઘોડેસવારોએ આપાને પૂછ્યુ 'આપા, ત્યારે આ છોકરાને લાવ્યું કોણ? અને શા માટે લાવેલ?'

'જાણે' બા! આ બાપોજી વેન લઈને બેઠા હતા કે હાલ્ય ઘોડાં જોડવા! હાલ્ય ઘોડાં જોડવા! પણ માળી લખી એકની એક કોને એનો પછી દેખાડે? લખીનો પાણી જોનાર માણસ તો જોરે ને! હવે જો તમુંહી જાણીયે કે હાંવાં બા, માળી લખીની ગમત જોત, તો તને પાંચમે જન્મે કી બાર નીકળાત! માળે તો તમને બાર કાઢ્યા હતા બાકી માળે આ છોકરાના અંગ ની સોનાની કડકો

૭. કાઠિયાણીની કટારી

કારતક મહિનાને એક દિવસે બપોર નમતા હતા પાંચાળના ડુંગરા વીંધીને એક વેલડું ચાલ્યુ આવતું હતું. એય પડખે બે ભાલાળા વેળાવિયા પોતાની ઘોડીઓને ખેલવતા આવતા હતા. આરસપહાણના પોઠિયા જેવા ધોળા ને ધીંગા બે વાગડિયા બળદ એવા વેગમાં પથ કાપતા હતા, કે જાણે ઘર ભણી જાતા હોય એવું કળાઈ આવે

બળદની ધીંગી ધીંગી ડોકમાં ઘૂઘરમાળ રણઝણતી હતી વચ્ચે વચ્ચે ગળે ઝૂલતી ટોકરીના રણકારા સાદ પુરાવતા હતા અને વેલડાના પૈડામાં પરોવેલી પાંદડીઓ પણ રૂમઝૂમ થાતી હતી ડુંગરાના ગાળામાંથી સામા પડછંદા ઊઠીને આ ત્રણે સૂરની જમાવટમાં ભળી જતા હતા બળદના વેગમાં વધઘટ થાય તેમ તેના એ ગજુઝગાટના ધીંગા અધીરા મોજા વગડાના સૂસવતા પવનની લહેરો ઉપર હિલોળે ચડતા હતાં બળદને અંગે ઝૂલતી હીરભરી ઝૂલ્યોમાંથી અને બળદનાં શીંગ ઉપર સજેલી ખોભળીમાંથી નાનકડા આભલાં જાણે કે સૂરજના કિરણોની સામે સનકારા કરી રહ્યાં હતાં. એવું ભરતકામ તો મોંઘી કાઠિયાણીના રંગિયાળા હાથ વિના બીજું કોણ કરી જાણે!

એવા રંગિયાળા હાથવાળી એક કાઠિયાણી આ વેલડીમાં બેઠી પોતાના મહિયરમાંથી સાસરે આણું વળીને જતી હતી. બળદ જરાક ધીમા પડતા કે તરત નાકમાંથી અવાજ ઉઠ કાઢીને કાઠિયાણી

૭. કાઠિયાણીની કટારી

કારતક મહિનાને એક દિવસે બપોર નમતા હતા. પાંચાળના ડુંગરા વીંધીને એક વેલડું ચાલ્યું આવતું હતું. બેય પડખે બે ભાલાળા વોળાવિયા પોતાની ઘોડીઓને ખેલવતા આવતા હતા. આરસપહાણના પોઠિયા જેવા ધોળા ને ધીંગા બે વાગડિયા બળદો એવા વેગમાં પંથ કાપતા હતા, કે જાણે ઘર ભણી જતા હોય એવું કળાઈ આવે.

બળદની ધીંગી ધીંગી ડોકમાં ઘૂઘરમાળ રણઝણતી હતી વચ્ચે વચ્ચે ગળે ઝૂલતી ટોકરીના રણકાર સાદ પુરાવતા હતા અને વેલડાના પૈડામાં પરોવેલી પાંદડીઓ પણ રૂમઝૂમ થાતી હતી. ડુંગરાના ગાળામાંથી સામા પડછંદા ઊઠીને આ ત્રણે સૂરની જમાવટમાં ભળી જતા હતા. બળદના વેગમાં વધઘટ થાય તેમ તેમ એ રણઝણાટનાં ધીરાં અધીરાં મોજાં વગડાના સૂસવતા પવનની લહેરો ઉપર હિલોળે ચડતાં હતાં. બળદને અંગે ઝૂલતી હીરભરી ઝૂલ્યોમાંથી અને બળદનાં શીંગ ઉપર સજેલી ખોભળોમાંથી નાનકડાં આભલાં જાણે કે સૂરજના કિરણોની સામે સનકારા કરી રહ્યાં હતાં. એવું ભરતકામ તો સોરઠિયાણીના રળિયામણા હાથ વિના બીજું કોણ કરી જાણે?

એવા રઢિયાળા હાથવાળી એક કાઠિયાણી આ વેલડીમાં બેસીને પોતાના મહિયરમાંથી સાસરે આણું વળીને જતી હતી. બળદ જરાક ઢીલા પડ્યા કે તરત માફામાંથી બહાર ડોકું કાઢીને કાઠિયાણી

'અમને ક્યાં લઈ જાઓ છો ?' આઈએ ગાઢે સાદે પૂછ્યું

'અમારા શેખ સાહેબના મહેમાન થવા ' અસવારોએ હિંમત રાખીને નોતરું દીધું.

'એ.. એ .મ ? શેખ સાહેબને તો અમેય જાણીએ છીએ, ભા ! એમના મેમાન થવાની તો સહુને હોંશ હોય પણ આમ સપાઈ-સપરાંની સાથે હાલ્યા આવે ઈ તો કો'ક ગોલા હોય. અમે એમ નો આવીએ. જઈને દરબારને કહો કે મે'માનગતી કરવી હોય તો પડે આવીને તેડી જાય. બાકી તમથી તો વેલ્ય નહિ પાછી વળે '

અસવારોએ એકબીજાની સામે નજર નોંધી આવી કોઈ રસીલી હુરમે આજ સુધી આવો ગજીપો નથી બતાવ્યો એમ લાગ્યુ એક અસવાર નોખો તરીને બાપુને બોલાવવા ચાલ્યો. બાકીના નવ જણા વેલડાને વીંટીને ઊભા રહ્યા.

ખોખરા શેખને ઘોડેસવારે જઈને ખબર દીધા. એમણે ઈશ્કનો લેબાસ સજ્યો. હીનાનું અત્તર એના કિનખાબના કબજામાં ફોરવા લાગ્યું સોનાની મૂઠવાળી તરવાર એણે બગલમાં દાબી, અને હીરે જડેલો જમૈયો ભેટમાં ધબ્યો. પંખી જેમ એની માદાને માથે જાય તેમ ખોખરો શેખ ઘોડે ચઢીને વેલ્ય ભણી વહેતો થયો.

કાઠિયાણીએ ફરી વાર ડોકું કાઢ્યું. છાતી પણ બહાર બતાવી એના કાંડાની ઘૂઘરીજડિત ચૂડીઓ રણઝણી ઊઠી માથેથી આછું મલીર અંબોડા ઉપર ઢળી પડ્યું. હેમની દીવીમાં પાંચ વાટ્યો પ્રગટાવી હોય તેવી પાંચ આંગળીઓવાળા હાથમાં લાલ હીંગળા જેવો પડદો ઝાલી રાખ્યો કાઠિયાણી જાણે આફરીન થઈને શેખ સાહેબ ઉપર કામણગારું રૂપ ઢોળવા લાગી.

'આવોને અંદર !' એટલા જ વેણ એના પરવાળા જેવા હોઠ માંથી ટહુક્યાં, નેણ ઊછળ્યાં. વોળાવિયા કાઠીઓના માથાં જાણે ફાટી પડ્યાં ખોખરો ઘોડેથી ઊતરીને વેલ્યમાં ચડવા ગયો કે

૮. આલેક કરપડો

ભાડલામાં લાખા ખાચરની ડેલીએ એક દિવસ સવારે ડાયરો જામ્યો હતો. કસૂંબાના રંગ દેવાતા હતા એ વખતે આપા લાખાના બે કાઠીઓ એક ખૂણામાં બેઠા બેઠા ધીરે સાદે વાતે વળગ્યા હતા.

'જસા ગીડા!' વીકા ગીડાએ કહ્યું 'આ ઉકલુ હમણાં ભારે ફાટયું છે હો!'

'આવડી બધી ફાટય શેની આવી છે ઈ ખબર્ય છે ને? આપા લાખાએ મોઢે ચડાવ્યો છે, બા! આપો તો એને દેખે એટલે આંધળો બીત!'

'તે હવે ઉકલાના લાડ ઉતારી નાખીએ.'

બેય કુટિલ કાઠીઓએ ઉકા નામના લાખા ખાચરના માનીતા કાઠીનું કાસળ કાટવાનો મનસૂબો કર્યો, ડાયરા સામે જોઈને જસા ગીડાએ ઊંચે સાદે કહ્યું:

'એ આપાઓ! હમણે સાંભળ્યું છે કે સરલાની પાડિયુંને મૂછ્યું આવી છે.'

'તે બા, સરલામાં વળી કોનીયું પાડિયું?'

'બીજા કોનીયું? રાણા કરપડાની. જેને ઘરે આલેક કરપડા જોધારમલ દીકરો હોય એનાં જ ઢોર ફાટ ફાંટ આઉ લઈને ફરેને

'ઓહો! રાણાની ભેંસ્યુંને માથે તો કાંઈ લોહીના થર છે! ચીટીઓ લઈએ તો ધાર થાય.'

હોકાની ઘૂંટ લેતાં લેતાં આપો લાખો બોલ્યા: 'તઈ તો આલેકના વારણાં લેવા જાવું પડશે.'

તરવાર ટારડી ઉપર મેલ ને કાળુડી ઉપર ચડ્યો. થોડોક પંથ કપાણો એટલે વળી સવારનું આગળ વધ્યું.

'ભાગે' આપા લાખા! આ તો હથિયાર વિનાનો આપડો ઉકો ભૂંડો લાગે છે! ચાકરને જોઈએ તો પૂરેપૂરા જોઈએ. કાળુડીના ચડનારને તો સોનાની મૂઠવાળી તરવાર હોય, સોનાને ફૂલે ઢાલ હોય, અને સોનાની મૂઠે તરવાર સોહે બાપ! આજ તારે તો બક્ષિસ કરવાની વેળા છે.'

લાખા ખાચરને શૂરાતન આવી. પોતાના હથિયાર છોડતા છોડતા એ બોલ્યા: 'ભણે ઉકા! આ લે. બાંધી લે આ ત્રણે વાનાં, ને લાવ તારા કાટલ હથિયાર મારી આગળ.'

ઉકો શરમાણો. વળી ગીડો બોલ્યો: 'ઉકા, ધણીની કસુ તૂટતી હોય, ઈ તો મોટા ભાગ્ય કે'વાયને મૂરખા! બાંધી લે.'

ઉકાએ હથિયાર બાંધ્યા. 'ઓહો! શું ઉકાને અરધે છે ને!' એમ બોલતી બોલતી સવારી આગળ વધી.

વળી ગીડો બોલ્યો: 'આપા લાખા! તું તો લાખણું મહારાજ કે'વાઝ. અને હવે શું ઉકાને માથે આવો તૂટલ ફાટલ તરફાળ હોય? અરે ભૂંડા. તારે તો હવે કાંઈ ગલઢે ગઢપણે નગરનો ફાળિયો અરઘે, બા?'

પોતાને માથે નગરનું ફાળિયું, સોનેરી તાર ભરેલા કાળા છેડાવાળું હતું, તે ઉતારીને લાખા ખાચરે ઉકાને માથે બંધાવ્યું. પોતે ઉકાનો લીરો વીંટી લીધો. આજ પોતાના માનીતા ચાકરને આવી નવાજેશ કરીને લાખા ખાચરનું હૈયું ખૂબ હરખાણું, ઘાટ પણ પૂરેપૂરો ઘડાઈ ગયો!

સરલાની સીમમાંથી લાખા ખાચરના અસવારોએ ભેંસો વાળી. ગોવાતીઓની ડાંગો આંચકી લીધી ગોવાતીઓ ચીસો દેતા દેતા રાણપુર

૨

ફરીને ખુમાણે ગયેલા ખાચરોની જાન લઈને એ સંત ગિરનારની છાપરીએ રામદાસજીની જગ્યામાં જઈને રહેવા લાગ્યા. ત્યાં એક દિવસ એક વૃદ્ધ કાઠિયાણી, ભેળા બે ત્રણ અસવારો લઈને બાવાજીના દર્શને આવ્યાં. બાવાએ ધૂણીમાંથી ભભૂતની ચપટી ભરીને કાઠિયાણી સામે હાથ લંબાવ્યો : 'લે મૈયા, રામજી તેરેકુ બાળકા કા ધની દેતા હૈ.'

સાઠ વરસની કાઠિયાણીનું કરચલિયાળું મોઢું ધરતી પર ઢળ્યું. બાવો તો એના બાપ જેવો હતો. પણ કાઠિયાણીને ભોંઠામણ એ આવ્યું કે, 'અરે, આવાં તે વચન કાંઈ ફળે ? હવે સાઠ વરસની અવસ્થાએ કાંઈ દીકરો થાય ?'

પણ બાવોજી જાણતો હતો કે એ કાઠિયાણીને માથે કયા કાઠીનું ઓઢણું પડ્યું હતું.

કે' ડેરા કે' ડોઢિયું, કે આવાસ કે'વાય,
(પણ) વીંગો વાડુમંડ સારખો, (જેની) સાં'માં જગત સમાય.

[કોઈ કોઈ વીર પુરુષો એવા હોય કે જેને ડેરા તંબૂની ઉપમા આપી શકાય. એથીયે મહાન નરવીરો એવા કે જેને ઘરની ડેલીઓ સાથે સરખાવાય. એથી પણ ચડિયાતા હોય તેને આખા આવાસ જેવા મહાન ટોનાઉ માન અપાય. પણ વીંગવાળો તે કેવો ? આકાશ જેવડો. એની છાયામાં તો આખું જગત સમાય.]

જેતપુરના પોણા બસો ગામડાં બલૂચોના હાથમાંથી જીતી લેનાર, મીતીઆળાના વીજા ખસીઆને તોડવામાં સામત ખુમાણને સહાય કરનાર અને ચિતળના જંગમાં આતાભાઈ સામે આફળનાર એ બધા કાઠી વીંગવાળાની વરદાન પામેલી કાઠિયાણીને સા' વરસે ઓધાન રહ્યું. નવ મહિને પૂનમના ચાંદા જેવો દીકરો અવતર્યો. બાવાજીનો બક્ષેલો, એટલે એનું નામ 'ઓઘડ' પાડ્યું. ભર જોબનમાં વહેતી એ ઊંડી ને ગાંડી ભાદર નદીના ઊંચા ઊંચા કાંઠા ઉપર વીંગવાળાના વાસ હતા.

'આતા ભાયા,' ડાયરામાં વાતો ચાલી. 'જૂનાગઢે તો જુગ કરી. હવે એક મ્યાનમાં બે તરવારું કેમ સમાશે?'

'એનો નીવેડો આણી નાખશું બા!' ભાયા મેરે મૂછોને વળ દેતાં દેતાં કહ્યું, 'કાં કાઠી નહિ ને કાં ખાટ નહિ.'

૩

ખાટ લોકો વીરાવાળાની વસતીને સંતાપવા મંડ્યા. એના ઊભા મોલ ભેળવી દે છે. કાઠીઓના સાતી જૂતવા દેતા નથી. વાતવાતમાં કાઠીઓની સાથે કજિયા ઊભા કરે છે. પણ હવે તો ઓઘડવાળાનેય મોઢે મૂછના દોરા ફૂટતા હતા. એની સુવાસ આખા મલકમાં ફોરવા માંડી. એને ચારણોએ બિરદાઈ દીધી કે,

તોળે ઘર તાંબડિયું તણું, દૂધ દડેડા થાય,
(એમાં) ઘરપતિયુંનાં ઢંકાય, વાજાં ઓઘડ વીરાઉત.

[વીરાવાળાના કુંવર ઓઘડવાળા! તારે ઘેર એટલી બધી ભેંસો બાંધી છે કે એને દોહતી વખતે તાંબડીમાં દૂધની ધારોનો જે અવાજ થાય છે, તે અવાજ બીજા રાજાઓના વાજિંત્રોનો—શરણાઈ અને ઢોલના નાદને પણ સંભળાવા દ્યે નહિ તેટલો પ્રચંડ બને છે.]

ધીમે ધીમે વીરાવાળો પોતાના માણસો જમાવવા મંડ્યો. ખાટની જમીન દબાવવાનો આદર કર્યો. એક દિવસ વીરાવાળો ઘેર નહીં. જુવાન કાઠીઓને લઈને ક્યાંઈક ચડી ગયેલો. વાંસેથી એની લીલીછમ વાડીમાં ખાટોએ બે બળદ ચરવા મૂક્યા. બળદને પકડીને વીરાવાળાનો કાઠી દરબારી વાસમાં દોરી આવ્યો. ઓઘડવાળાની વહુ જે ઓરડે રહેતાં હતાં તેના ફળીમાં જ બળદ બાંધી દીધા. પાકટ ઉંમરના કાઠીઓ આઈની ચોકી કરતા કરતા ફળીની બહાર આઘેરા બેઠા હતા. કોઈનું ધ્યાન નહોતું.

ત્યાં ભાયા મેરની નાની વહુનો ભાઈ કેડમાં તરવાર, એક હાથમાં ભાલું અને બીજા હાથમાં દસ્તો લઈને આવ્યો. પરમારી

૮

બેરી ક્યાં ! વવાણેથી બેરી દુશ્મનોની પાછળ ગઈ. આખરે દુશ્મનોએ એના કપાળમાં એક ઝાટકો મૂક્યો. ગાંડીતૂર બનીને એ પાછી આવી. ચારે પગ પહોળા કરીને એના ધણીના શબ ઉપર ઊભી રહી. ઘોડીના લોહીની ધાર આપાના ગાત ઉપર વહતી રહી હતી. ખાનદાનીને અંતે જ મરતી વખતે પોતાનું લોહી પડે એવી માન્યતા છે.

નાદ જુઓ આંટ [illegible] જોયો આ બધું જોતો હતો

ત્યાં તો મનાણી, પીપળી, સખપર અને ચીત્રીવડનાં લોકોની મેદની ઊમટી. પણ ઘોડી કોઈને પાસે આવવા દેતી નથી. દોડી દોડીને લોકોને બટકાં ભરે અને પાછી આવીને શબને ઢાંકી ઊભી રહે છે. ઘોડીની આંખમાંથી અંગારા વરસે છે.

ખાસદાર આમદ ગોરી આવ્યો. એણે સાદ કર્યો : 'આપો બેરી! બેટા બેરી!'

હજુરખાની દેતી ઘોડી ખમી ગઈ. ગરીબડી બની ગઈ. આમદ ગોરીની પાસે આવીને ઊભી રહી. ઘોડીને સનાળી લઈ જઈ પટે નાખી.

ગોદડ ધાધલના દેહને અગ્નિસંસ્કાર ક્યાં કરવો? એની રાખ તો બધાને વહાલી હતી પણ સખપરની સીમમાં જ એનો દેહ પડ્યો, અને વળી સખપર એના સગા ભાણેજ રાવતવાળાનું ગામ, એટલે લોકોએ સખપરમાં જ આપાને દેન દીધું.

બીજે દિવસે બેરી જ્યાં પટે પડી હતી ત્યાંથી એણે તોડાવ્યું. પાદરે ચડી ગઈ. એને કોઈ ન ઝાલી શક્યું. બરાબર જ્યાં ગોદડ ધાધલનો દેહ પડ્યો હતો ત્યાં આવીને ઘોડીએ પોતાનો દેહ પટક્યો. પટકતાં જ એના પ્રાણ નીકળી ગયા.

પગે લગાડવા લાવી. આખા ભાગના મોટા ગોટા અમીર પણ આવીને એને ' આઈ! ' કહીને પૂછગાછ કરવા લાગ્યા કોઈ એને હસીને તો બોલાવે જ નહિ ને! સહુનાં મોઢાં ' આઈ' બોલતાં જ ભારેખમ બની જાય, એને લાડ કોણ લડાવે? એને કોણ વહેલાં વહેલાં રાત્રિએ ઓરડે મોકલે? એને માથે મીંડલા લઈ, સેંથે હીંગળો પૂરી, પાટીએ સુગંધી સોઘો ચોપડી, કપાળે ટીલડી ચોડી, ગલે સોંધાની નાનકડી ટપકી કરી અને નેણુને સોઘે ભરી કમાન જેવાં કરી દઈને બથમાં લેનાર નણંદ, સાસુ કે તેવતેવડી સહિયર ત્યાં કોણ હોય: હોય તો ખરા, પણ ' આઈ 'ને એવું થાય? આઠે પહોર અને સાઠે ઘડી એ બાપડાં તો આઈ, આઈ ને બસ આઈ!

કમરીબાઈ પોતાની જોબનઅવસ્થા ભૂલવા મંડયા કસુંબલ, ભાતીગળ અને સુગંધી લૂગડાં ઉતારીને એણે ગૂઢાં વસ્ત્રો ધારણ કરી લીધાં. કપાળની તાંત, કાનની પાંદડી અને ડોકના હાર મને કાંઈ હવે અરધે? હું તો આઈ કહેવાઉં! એમ બોલીને એણે બધાય શણગાર અળગા કર્યા. ફક્ત સૌભાગ્યના જ એંધાણ રાખ્યાં

કાઠિયાણીને હજુય એક વાત હૈયામાં ખટકતી હતી બોખાં બોખાં સ્ત્રીપુરુષો જ્યારે ' આઈ! ' કહીને એની સાથે વાત કરતાં, ત્યારે કાળા મલીર વડે પોતાનું મોઢું ઢાંકીને આઈ જવાબ દેતા દાડમકળી જેવા બત્રીસ દાતની એને ભોંઠપ આવતી. સમજણા થયાં ત્યારથી જ દાંતને એણે પ્રેમથી સાચવેલા હતા, એમ.ય પરણવું હતું એટલે તો દાંતને પોથી અને મજીઠને રંગે રંગ્યા હતા. મહેનત લઈને મોઢું રૂડું બનાવ્યું હતું.

' બીજા શણગાર તો ઉતાર્યા, પણ આ રોયા દાંતનું શું કરું લાજી મરું છું ' એ એમની રાતદિવસની ચિંતા હતી.

એક દિવસ સવારે આપો ભાણુ અને બીજા ત્રણ ચાર મહેમા ટાઢી છાશ પીવા બેઠા. તાંસળીમા પળી પળી ઘી નાખીને પા

એમ રોટલા ભેગો કાંઈ ઓછો ખાય છે! હશે, બેટા ગગલી મળી! બીજું શું થાય?'

મર્મનાં વેણ કહેતાં તો કહીને એની જનેતાએ ગળગૂથીમાં જ પાઈ દીધું છે. આપો ભાણ સમજ્યા કે જનમનાની આઈને આજ બરછી જેવાં મર્મ-બાણ મારીને વીંધ્યાં છે, એટલે હવે તો પૂરી કાળજીથી ભાણ સાચવશે

રાત પડી. ડેલીએ ડાયરો વીંખાણો. દરબાર ઊઠીને સૂવાને ઓરડે ગયા. આઈ બેઠાં હતાં. પણ ગઈ કાલના ભર્યા ગાલમાં આજ એને ખાડા દેખાયા. આપાએ પૂછ્યું.

'હાં, કેમ વહેલું વહેલું એક દિવસમાં ઘડપણ વરતાય છે?'

આઈએ મોં મલકાવ્યું. હોઠ પહોળા થયા. ત્યાં તો આપા બોલી ઊઠ્યા 'અરરર! કાઠિયાણી! આ શું? મોઢામાંથી બત્રીસે દાડમકળિયું ક્યાં ગઈ?'

'પાડી નાખી!' આઈએ હસીને જવાબ દીધો. રાતા રાતા હોઠની વચ્ચે કાળું ઘોર અંધારું દેખાણું

'પાડી નાખી! કાળો કોપ કર્યો! પણ શા સારુ?'

'બોખાંની પીડા સમજવા સારુ!'

આપા ભાણની આંખો ભીની થઈ ગઈ. એણે કપાળ કૂટ્યું. સવારે બોલેલા વેણ બદલ બહુ પસ્તાયા. પણ કાઠિયાણીએ મોઢા ઉપરથી હસવું ઉતાર્યું જ નહિ, જાણે મનમાં કાંઈ નથી.

કમરીબાઈ જીવ્યાં ત્યાં સુધી આપા ભાણનું ખોરડું દીપાવ્યું. મર્યા પછી જોગમાયા કહેવાયાં.

'ફિકર નહિ, બાપ! આપણાં નોરતાં ઉતેળિયાના ઝાંપામાં સ્થાપન કરી દ્યો. એ રજપૂત હશે તો નક્કી આપણાં રખવાળાં કરશે.'

કાળો કળોબાટ બોલી ગયો. નોરતાં ઉતેળિયાના ગઢમાં જઈ ઊભાં રહ્યાં. દરબારને આખી હકીકતની જાણ થઈ. એણે કહેવરાવ્યું કે 'આઈઓ! હવે જરાય ફડકો રાખશો મા. ભારોજીનો બાપ નથી કે મારે શરણે આવેલાંને આંગળી લગાડે!'

ભારોજી ભાલું હિલોળતા આવી પહોંચ્યા. ઉતેળિયાના ધણીએ ગઢને દરવાજે આવીને કહ્યું: 'ભા. રજપૂતનો ધર્મ તને શીખવવાનો હોય? આડી ગઢમાં પગ મૂકીશ તો સામસામાં લોહી છૂટશે. બાકી હા, ઉતેળિયાના સીમાડા વળોટે એટલે તારે ગમે તે કરજે.'

રજપૂતે રજપૂતની આંખ ઓળખી લીધી. ભારોજી પાછા ફરી ગયા.

ઉતેળિયાના ઠાકોરે ભડલી સમાચાર પહોંચાડ્યા. ભોજ ખાચર મોટી ફોજ લઈને આવ્યા. કાઠિયાણીઓ તો ભડલી ભેગી થઈ ગઈ, પણ ભોજ ખાચરના મનનો ડંખ કેમ જાય! બોરુ ગામને માથે ભોજ ખાચરના ભેરવ જેવા પ્રચંડ કાઠીઓ ત્રાટક્યા અને એ ધીંગાણામાં ભારોજી કામ આવ્યા. ભોજ ખાચર ભારોજીનું માથું વાઢીને પોતાની સાથે લેતા ગયા.

સ્વામીનો ઘાત થયો સાંભળીને ભારોજીની રજપૂતાણીને સત ચડ્યું. કાયા થર થર કંપી ઊઠી. પણ ચિતામાં ચડાય શી રીતે? ધણીનું માથું તો ખોળામાં જોઈએ ને! રાણીએ સાદ નાખ્યો કે, 'લાવો, કોઈ મારા ધણીનું માથું લાવો. મારે ને એને છેટું પડે છે'

ચારણ બોલ્યો: 'માથું તો ભોજ ખાચર ભેળું ગયું. અમે બધાય જઈને ત્યાં મરીએ તોય એ માથું નહિ કાઢે. એ ભોજ છે. કાળમીંઢ છે.'

'એ બાપ! મારા નામથી વિનવણી કરજો'

માલને વાળીને ફત્તેસંગ પોતાનાં માણસો સાથે વળી નીકળ્યા. હનુભાઈ એકલા જ કસૂંબા લેવા રોકાયા. હજુ જાણે કાળ એને ગોતતો હોય એવું કુંવરને લાગે છે. એને માથે માથું ડોલે છે.

જેઠા ગોવાળિયાએ પોતાના હાથની અંજલિ ભરી છે. હનુભાઈએ પણ પોતાના હાથમાં કસૂંબો લીધો છે. બેય જણા સામસામા 'અરે વધુ પડતું! મરી જાઉં બા!' એમ બોલી રહ્યા છે. એમાં હનુભાઈએ વેણ કાઢી લીધું કે, 'હે ખૂટલ કાઠી!'

'હશે બા! ગઈ ગુજરી.' જેઠો બોલ્યો. વળી થોડી વારે હનુભાઈએ વેણ કાઢ્યું કે 'કાઠીનો તે વિશ્વાસ હોય બા? કસૂંબો હવે કઈ હોશે પીવો? ખૂટલ કાઠી?'

'પત્યું ભા! હવે એ વાત ન સંભારો!'

પણ જ્યાં ત્રીજી વાર કુંવરના મોંમાંથી 'કાઠી ખૂટલ' એવો ઉચ્ચાર નીકળ્યો, ત્યારે મેરામ ગોવાળિયાએ જેઠાના હાથને થપાટ મારી અંજલિ ઉડાડી નાખી અને કહ્યું 'બાપુ, સાંભળતા નથી? કઈ વારનો જે 'ખૂટલ! ખૂટલ!' કહે જ જાય છે એને વળી કસૂંબા કેવા? ઊઠો, બાળો એનું મોઢું!'

હનુભાઈ બોલ્યા : 'મેરામભાઈ! તું સાચું કહે છે. મને મારો કાળ આ બધું બોલાવે છે આજ તો મારેય રમત રમી નાખવી છે. ઊઠ! ઊઠ! સાત વાર કહું છું કે કાઠી ખૂટલ! હવે ઊઠવું કે નહિ?'

બેય જુવાનો ઘોડે ચડ્યા. બેય જણાએ ઘોડા કૂંડાળે નાખ્યાં આગળ મેરામ ને વાંસે કુંવર, બીજા બધાય બેઠા બેઠા જુએ છે. કુંવર હમણાં મેરામને ઝપટમાં લેગ કે લીધો, લેગ કે લીધો, એવી વેળા આવી પહોંચી છે. ભાલા ખગ બપોરના સૂરજને સામો જવાબ દઈ રહ્યાં છે આસપાસની ધારો સામા હોંકારા કરી રહી છે. ઘોડાંની

કારમી હણહણાટી અને શત્રુઓના કોપકારી પડકારાએ બે ઘડી પહેલાંના દોસ્તીના સ્થળને રણક્ષેત્ર બનાવી મેલ્યું છે.

મેરામને માથે ભાલો ઝીકાવાની જરાક વાર હતી, ત્યારે ચેતીને જેઠો બોલ્યો : 'એ કુંવર! છોકરાની સાથે? લાજતો નથી?'

'આ લે ત્યારે ભાયડાની સાથે.' એમ કહીને કુંવરે ઘોડે ચડેલા જેઠાનો પીછો લીધો. આગળ જેઠો, વચમા કુંવર, પાછળ મેરામ : દુશ્મનાવટ જાગી ગઈ, મિત્રતા ભુલાઈ ગઈ બીજા કાઠીઓ પણ ત્રાટક્યા હનુભાઈનો ભાલો જ્યાં જ્યા પડ્યો ત્યાં ત્યા એણે ધરતીની સાથે જડતર કરી દીધુ. પણ એક અભિમન્યુને સાત જણાએ ગુડ્યો, તેમ આખરે કાઠીઓએ એક હનુને ઢાળી દીધો મરતાં મરતાં કુંવરે આંખોની પાંપણોને પલકારે દોસ્તોને છેલ્લા રામ રામ કીધા. કાઠીઓએ કુંવરના મોમાં અંજલિ ભરીને પાણી રેડ્યું. હનુભાઈના મરસિયા જોડાણા :—

> કાલીરે સર કુંભ કતા દિ',
> ખત્રવટ ન છોડતો ખનુ,
> રાજે વરસ ત્રીસ લગ રાખ્યો,
> હોળીરો નાળેર હનુ.

(કાચીકાચી નારીને માથે પાણીનો ઘડો કેટલા દિવસ સાજો રહે? એમ હનુભાઈના ધડ ઉપર માથું પણ કેટલો વખત ટકી શકે? ત્રીસ વરસ સુધી હનુભાઈને ભગવાને જીવતો રાખ્યો તે તો હોળીનું નાળિયેર બનવાને માટે જ)

> અધપતીઆં હૂતો મન આજો,
> સૂરા વરસ ન જીવે સાઠ;
> લોઢે લીટ મરે લાખાણી,
> ગોયલ તણી પટોળે ગાંઠ.

(શૂરવીરો કાંઈ સાઠ સાઠ વરસ સુધી જીવે? એને તો જુવાનીમાં જ મોત શોભે. લાખાજીનો દીકરો હનુભાઈ તો હમેશા લોઢામાં લીટી જેવો નિશ્ચય કરીને જ મરે એ લીટા જેમ ન ભુંસાય, તેમ હનુભાઈની પ્રતિજ્ઞા

ઘેલાં તે લોકો ઘેલડીઆં શાં બોલો જો ને
વેરી વળાવી હમણાં આવશું હો રાજ!

સીમાડે જાતાં ઊતર્યા આડા સાપ જો ને
ફોજુંમાં આયરડા એમ બોલીઆ હો રાજ!

અપશુકનનો ન મળે રાજા પાર જો ને
વાર્યા કરો તો વળો પાછલા હો રાજ!

હું હનુ ભૈ રણજાયો રજપૂત જો ને
હનુ ચડયો તે પાછો નો ફરે હો રાજ!

વારનાં ઘોડાં મારગે ચાલ્યાં જાય જો ને
આડબીડ હાલે હનુભાની રોઝડી હો રાજ!

આકડિયામાં ચારણને થાય જાણ જો ને
વીકોભૈ ચારણ આડા આવીઆ હો રાજ!

કુંવર તમે ચારણનો કરજો તોલ જો ને
કસૂંબા પીને તે રાજા સંચરો હો રાજ!

નથી ગઢવા કસૂંબાનાં ટાણાં જો ને
જાવા દિયો વીકાભ તમે આ સમે હો રાજ!

પરાણે કાંઈ ઉતાર્યા પલાણ જો ને
રેડિયા કસૂંબા તેણે કાઢીઆ હો રાજ!

આવ્યાં આવ્યાં વીકાભની માડી જો ને
આવી પૂછે છે એક વાતડી હો રાજ!

જોને

કરો તમે રાજ

વીકોભે ઘણુ લૈ આવશે હો રાજ !

ર ઘડીક ધીરા થાવ જો ને

ઝુ રે વાળી વિકોભે આવશે હો રાજ !

મા તમને લળી લાગું પાય જો ને

ઘડીએ ખોટી કરો મા આ સમે હો રાજ !

મારાં સિંહણુ કેરા દૂધ જો ને

લાજે ગોહેલ ગંગાજળ ઉજળો હો રાજ !

હનુભૈ રણજાયો રજપૂત જો ને

જુધ્ધે ચડ્યો તે પાછો ના ફરે હો રાજ !

યાંથી હનુભાઇએ રોઝી ઘોડી છોડી જો ને

જેઠા ગોવાળિયો પડકારીઓ હો રાજ !

જેઠીઓ કાંઈ લળીને લાગે પાય જો ને

માફ કરો હનુભૈ આ સમે હો રાજ !

ત્રણ ગાઉને તરભેટે ઘણુ લાવ્યો જો ને

હવે વાતુંએ નહિ ઉગરો હો રાજ !

તરવાર્યુંના બંધાણાં તોરણ જો ને

ભાલાં ભળકે હનુભાના હાથમાં હો રાજ !

લડે લડે કાઠીડા રજપૂત જો ને

લડે હનુભા કુંવર વાંકડા હો રાજ !

'બાબા, હરીને જો મોગલ દીધું હોત તોય ગી જાત' એટલું કહીને બહેન તો મૂંગી મૂંગી ચાલી નીકળી. પણ એની આંખમાં શ્રાવણ ને ભાદરવો વરસવા માંડ્યો બોર બોર જેવાં પાણીડાં પાડતી ચાલી જાય છે ઝાંપા બહાર દેવળ છે માથે લીંબડાની ઘટા ઝળૂમી રહી છે અને છીંક આવે એવાં ચોખ્ખાં ફૂલ ઓરડાની લીંપેલી ઓસરીએ જબ્બર ડિલવાળો જોગડો દેહ બેઠો બેઠો હોકો પીએ છે. જોગડો બાઈને નાની હતી ત્યારથી ઓળખતો હતો. બહેનને જોતાં જ હરખમાં આવી જઈને રસ્તા ઉપર આડો ફર્યો, પૂછ્યું :

'કાં બાપ, આમ રોતી કાં જા ?'

'જોગડા ભાઈ, મારે માથે દુઃખના ડુંગરા થયા છે પણ દુખ મને રોવરાવતું નથી. મારો માનો જણ્યો ભાઈ મને દેખીને મોઢું સંતાડે, ઈ વાતનું મને રોવું આવે છે.'

'અરે ગાંડી, એમાં શું રોવા બેઠી ? હું ય તારો ભાઈ છું ના! ઊઠ હાલ્ય મારી સાથે'

જોગડો એ બાઈને જીભની બહેન કહી અંદર લઈ ગયો. એક કળશી જુવાર લઈને ગાડું ભર્યું. રોકડી ખરચી આપી પોતાના છોકરાને કહ્યું : 'બેટા, ફુઈને લઈને ખાભે મૂકી આવ્ય અને આ દાણા ફુઈને ઘેર ઉતારી મેલજે'

ગાડું જોડીને છોકરો ફુઈની સાથે ચાલ્યો વિધવા આયરાણી પોતાના મનમાં આ સંસારનાં સાચજૂઠ ઉપર વિચાર કરતી ચાલી ગઈ તે દિવસથી જાણે એને પોતાનો ખોવાઈ ગયેલો માજણ્યો મળ્યો. અંતરમાંથી સંસારના ઝેર ઊતરી ગયાં.

બહેન ગયા પછી જોગડાની બાયડી આવીને બોલી : 'ભગત, મને લાગે છે કે તમારે ને મારે છેટું પડી જાશે.'

'કેમ ?'

'જુઓ ભગત, છોકરો જો ખરેખર તમારા જ લોહીનો હશે તો તો ગાડું ને બળદ એની પુષ્પ ને આપીને આવશે અને જો મારી જાતમા કંઈ ફેરફાર હશે તો ગાડું બળદ પાછા લાવશે'

'અરે મૂરખી! એવા તો વદાડ હોય? એ છોકરું બાપડો એની વાતમાં શુ સમજે? એ તો મોટેરાએ કહ્યુ હોય એટલુ જ કરે ને! એને આપણે કોઈ દી કયા એવુ શીખવ્યુ છે કે કહ્યું છે?'

'ભગત, જો શીખવવુ કે કહેવુ પડે, તો પછી નવ મહિના ભાર વેંઢાર્યો તેનું માતમ શુ?'

બીજે દિવસે છોકરો હાથમા એકલી રાશ ઉલાળતો ઉલાળતો ઘેર આવ્યો. સાંભળીને પૂછ્યું· 'બેટા, ગાડું બળદ કયા?'

'કુઈને દીધાં.'

'કાં?'

'બાપા, તમે એના ભાઈ થઈ ને એને કાપડું દીધું, અને હું કાંઈ કુઈને પુઈઆરું ન આપી આવું?'

મા બોલી: 'રગ છે બેટા, હવે તુ ભગતનો દીકરો સાચો'

૨

જે ભુજાએ જોગડે દાન દીધાં, તે જ ભુજામા એક વાર એણે તરવારને રમાડી. તે દિવસ મિતિયાળામાં એભલવાળાની ગાદી હતી. દુશ્મનોની ફોજે એક દિવસ મિતિયાળુ ઘેર્યું. અને જોગડો રણ ખેલવા ચઢયો. મરવાની આગલી રાતે એની બાયડીએ કેવા કાલાવાલા કર્યા?

સારસ સાછ રાત, વલખે વાલમ જયું,
રહોને આજુ રાત, (અમારી) જોડ વછોડો મા જોગડા!

[હે જોગડા! સારસી (ચક્રવાકી) પખીણી જેમ આખી રાત પોતાના નરને નદીને સામે કાંઠેથી સાદ કરતી કરતી ઝૂરી ઝૂરીને રાત કાઢે, તેમ મારી ગતિ ના કરો? આજની રાત તો રહો' આપણી જોડી કાં તોડો']

પણ જોગડાને તો શત્રુની મોખરે મરવું હતું એ કેમ ગોઠાય? ધીંગાણું કરીને શત્રુઓ પાછા ગયા. જોગે પોતાનું લોહી પોતાની જનમ-ભોમને ઝાંપે છાંટ્યું.

ખાંભામાં જોગડાની ધરમની બેની આયર બાઈ ઓરડાના કરા ઉપર નિસરણી માંડીને ગાર કરતી હતી. ત્યાં કોઈએ ખબર આપ્યા કે 'તારો ધરમનો માનેલ વીર જોગડો ધીંગાણામાં કામ આવ્યો.'

સાંભળીને બાઈએ નિસરણીની ટોચેથી પોતાના શરીરનો ઘા કર્યો. ધબ દેતી નીચે પડી. માથું ઢાંકીને મરશિયા માંડ્યા. માનવીની ને પશુની છાતી ભેદાય તેવા મરશિયા એના મીઠા મીઠા ગળામાંથી ગળી ગળીને નીકળવા લાગ્યા.

વણકર અને વણાર, નાતે પણ નેડો નહિ,
(પણ) ગણુને રોઉં ગજમાર, તારી જાત ન પૂછું જોગડા!

(હે ભાઈ જોગડા! તું લૂગડાં વણવાનું કામ કરનારો ઢેઢ હતો, અને હું તો વણાર શાખની આયરાણી છું. નાતજાતને હિસાબે તો આપણી વચ્ચે કાંઈયે સંબંધ નથી. પણ હું તારી હલકી જાત સામે શું જોઉં? હું તો તારી ખાનદાનીને રડું છું, હે હાથીઓના હણનારા જોદ્ધા!)

આયરાણી ગાતી ગાતી રાતે પાણીએ રોવા લાગી. એના વિલાપના સૂર સાંભળી સાંભળીને માણસો ખાતાં ખાતાં બેઠાં થઈ ગયાં, જોગડો બધાયને પોતાના ભાઈ જેવો લાગ્યો. આયરાણીએ જોગડાના ધીંગાણાની કલ્પના કરી:

×રાંપીનો રાખણહાર, કબલાં લે વેન્રણ કિયાં
વીજળ તણો વિચાર, તેં કિં જાણ્યો જોગડા!

× આ વાત વિષે બે મત છે. કોઈ કહે છે કે જે ઢેઢ ચાપરાજવાળાની સાથે રહી જેતલપુર બાદશાહની ફોજ સામે મર્યો તેનું નામ જોગડો (જુઓ રસધાર ભા. ૧ 'ચાપરાજ વાળા') બીજો મત એમ છે કે ચાપરાજ વાળાનો સાથી ઢેઢ નહોતો, ચાપરો હતો. જોગડો ઢેઢ તો મિતિયાળે સાત એભલ માહેલા એક એભલની સાથે ચડ્યો અને શત્રુની ફોજ સામે મરાયો.

ભાઈ!

(હે વીરા જોગડા! તુ તો રાંપી લઈને મરેલા ઢોરનાં ચામડાં ચીરવામા કુશળ ગણાય. એને બદલે તે તલવાર લઈને શત્રુઓને ચીરી નાખ્યા. તને તલવાર વાપરવાની યુક્તિ આપોઆપ ક્યાથી સૂઝી ગઈ.)

વિલાપ વધે છે. નવી નવી કલ્પનાઓ ઊગે છે. હૈયામા જાણે હરિ જાગે છે·

આગે છેલ્લી ઊઠતો, પે'લી ઊઠ્યો પાંત,
ભૂપાંમાં પડી ભ્રાંત, જમણુ અભડાવ્યુ જોગડા!

(હે જોગડા ભાઇ! તુ તો ઢેઢ જમણમા તારે તો હમેશા સહુથી છેલ્લે બેસવાનો વારો આવે. પરતુ આ યુદ્ધરૂપી જમણમા તો તુ પહેલી પંગતમાં બેસી ગયો. સહુથી પહેલવહેલો કાટકીને મર્યો. તે તો જ ભૂપતિઓનુ ભોજન અભડાવી માર્યુ, એટલે કે તે તેઓની કીર્તિને ખી પાડી.)

આગળ કટક ઓરતો, ડોલ્ડુ ખાગ કરે,
ઓબલ કાંઉ ઓરે. (હવે) જગી ભાગ્યો જોગડા.

(હે ઓબલવાળા દરબાર! તારા સૈન્યરૂપી સીચોડામા તુ અત્યાર સુધી તો શત્રુઓરૂપી શેરડીના સાંઠાને ઓરતો હતો, પણ હવે તુ શી રીતે એ સીચોડામાં શેરડી ઓરીશ? કેમકે એ સીચોડાની જગીરૂપી જે જોગડો, તે તો ભાગી ગયેલ છે સીચોડો ફરશે જ શી રીતે?)

શંકરને જડિયું નહિ, માથુ ખળાં માંય
તલ તલ અપસર તાય, જે જંઘ માગ્યે જોગડા

(શંકરની તો ઘણીયે ઈચ્છા હતી કે તારા જેવા વીરનુ માથુ લઈને પોતાની માળામાં પરોવી લેવુ. પણ એને એ માથુ યુદ્ધક્ષેત્રમા હાથ જ ન આવ્યુ કે એને વરવા તો એટલી બધી અપ્સરાઓ ઊતરી હતી કે એ બિચારીઓને તા શરીરનો તલ તલ જેટલો ટુકડો વહેંચી લેવો પડ્યો.)

સુધા માલ મળ્યે, સુધા સાટવીએ નહિ,
ખૂધાં કોણ ખમે, જાત વન્યાનાં જોગડાં!

ડાળા ભગવા ગોખળી [illegible] હતી. એને દેખતાં જ દૂબળો મોટે એમાં ગામ [illegible] વાઘરીને નોંધ પાડી

'આવ પીટયા, ક્યાં છુ [illegible] ગાડીના કપાળની ટીલડીમાં નોંધીને ફૂટ ભડાકો! ને ખંખેરી નાખ્ય એની ખોપરીના. [illegible] બંદૂક, આજ ભાગ તારું નામ રંગ'

પણ વાઘરીના હાથ કંપવા મંડ્યા, બંદૂક ઉપડવાની એની છાતી ન ચાલી. માથે વીજળી પડી હોય એવો એ ત્યાં ને ત્યાં સજ્જડ થઈ ગયો તે વખતે એક સુતાર હાથમાં હથોડો લઈને ઊભો હતો. કાનીઆએ તરવારના દોરા ઉપર ડાંડી નાખી ત્યાં સુતારનું સત જાગી ગયું એના મનમાં અજવાળું થઈ ગયું કે 'હાય હાય! હુંય ગુનામડાનો સરખો ધણી! ને આવો લાગ જાય!'

એણે દોટ દીધી વાઘરીના હાથમાંથી ઝૂંટવીને એણે બંદૂક ખભે ચડાવી. લખા પાડેરના કપાળ સામી નોંધી, દાગી, અને હડુડુડુ દેતી ગોળી છૂટતાં વાર જ લાખાની ખોપરીમાં 'ફડાક!' અવાજ થયો. હરદ્વારના મેળામા કોઈ જોરદાર હાથની થપાટ વાગતાં દૂબળા સાધુડાના હાથમાંથી સવા શેર ખીચડી ભોતું રામપાતર ઊડી પડે, તેમ લાખાની ખોપરી ઊડી પડી જીવતરમાં પહેલી જ વાર હાથમા બંદૂક ઝાલનારા એ સુતારે રંગ રાખી દીધો.

અને પછી તો 'દ્યો! દ્યો!' એમ દેકારો બોલ્યો પાડેર પડ્યો અને અંધારામા મિયાણા આકુળવ્યાકુળ થયા મનમા લાગ્યુ કે ઝાંપામાં કોણ જાણે કેટલા જોદ્ધા બેઠા હશે. ગોકીરો પણ કાળા ગઝબનો થઈ પડ્યો. પથરા છૂટ્યા. મિંયાણાઓની જામનગરીઓ બંદૂકોના કાનમાં ચંપાવા લાગી. ભડાકા થયા પણ ગોળીઓ ઠણણણણ દેતી ગાડા સાથે ભટકાઈને ભોંયે પડવા મંડી તોય એ તો મિયાણાની બંદૂકો! કૈકને ઘાયલ કરીને લખા પાડેરની લાશ લેતા કે મિયાણા રવાના થયા.

ઝાંપા ઉપર તો રગ રાખી દીધો. પણ કાનીઓ ટોલી ગોતે છે આપો શાદુળ ક્યાં!' ઝાંપે ડંકતા ડકતા જે ઘાયલો પડ્યા તે કહે, 'કાનીઆ, આપા શાદુળને ગોત, એને બચાવજે.'

કાનીઓ ઢોલી ધણીને ગોતવા લાગ્યો.

હાથમા ઉઘાડી તરવાર લઈને આપો શાદુળ ગઢની રાગે રાગે ૂરથી તપાસતા તપાસતા ચાલ્યા જાય છે. બીજુ કાંઈ આદમી ી પામે નથી એને ફડકો હતો કે ક્યાંઈક શત્રુઓ ગઢ ઉપરથી ને ગામમા પેસી જાશે

મિંયાણા પણ બહારને રસ્તે બરાબર ગઢની રાગે રાગે ચાલ્યા ા હતા, એવામાં તેઓએ ગઢની દીવાલમા એક નાનકડુ ગરનાળું ૂ. લાગ જોઈને મિંયાણા અંદર પેસવા લાગ્યા, અને પડખે ડકાંનો એક મોટો નળો પડ્યો હતો: એ ઉપાડીને મિયાણાએ ાપા શાદુળને માથે ઝીક્યો પહેલવાન મિયાણાના પ્રચડ ઘાએ ાપો શાદુળ બેહોશ બનીને ધરતી ઉપર ઢળી પડ્યા

પણ ત્યાં તો 'ધડ! ધડ! ધડ!' એમ કોણ જાણે એક ામટી કેટલી તરવારના ઝાટકા મિંયાણાઓને માથે તૂટી પડ્યા તનાથના ભેરવ જેવા કદાવર અને ખૂની મિંયાણા, મોટા પહાડને ાંચેથી પથરા પડે તેમ ધરતી ઉપર પડવા લાગ્યા આ કોની રવારો ઝીંક બોલાવે છે તે જોવા ઊંચી નજર કરવાનીયે વેળા હોતી. 'આ લે! આ લે! લેતો જા!' એમ ચસકા થાતા જાય ે ને તરવારના ઝાટકા પડતા જાય છે. શત્રુઓનો સોથ વળી ગયો. ામસામી તરવારોની તાળી બોલી ગઈ. પણ કોણ કોને મારે છે તેની અધારે ગમ ન પડી. મિયાણા ભાગ્યા, અને ભાગ્યા તેટલા પણ દ્વારકાના જાત્રાળુની જેમ, સુદામડાની જાત્રાના એધાણ તરીકે તરવારના ઝાટકાની દ્વારકા-છાપ લેતા ગયા.

... ... ની જુક્ત કોની હતી? એ અંધારામાં કોણ-કેટલા

જણા વારે આવી પહોંચ્યા હતા? બીજું કોઈ નહિ, એકલો કાનીઓ જ હતો. કાનીઓ બાપુને ગોતતો હતો. બરાબર ટાણે એ આવી પહોંચ્યો. બાપુનો બેહોશ દેહ પટકાઈને પડ્યો હતો. તેની જ કમરમાંથી કાનીએ તરવાર ખેંચી લીધી, અને અંધારામાં એની એકલી ભુજાએ, પંદર પંદર ઝાટકા સામટા પડતા હોય એટલી ઝડપથી તલવાર આંટી એણે એકલાએ દેકારો બોલાવ્યો. સુદામડાને સહુથી વધુ બચાવનાર એ કાનીઓ હતો.

આપા શાદુળની કળ ઊતરી, એણે આંખો ઉઘાડી. પડખે જુએ ત્યાં પચીસ પચીસ ઘામાં કટકા થઈ ગયેલો કાનીઓ પડ્યો છે.

'બાપુ! સુદામડા —' એટલું જ એ બોલી શક્યો. પછી એના પ્રાણનો દીવો ઓલવાઈ ગયો.

સવારે ચોરામાં ડાયરો ભરાણો. મરેલાઓને દેન દેવાની તૈયારી થતી હતી. બધી લાશો સામે પડી હતી તે ટાણે માણસોનો અફસોસ ઉડાડવા માટે ગઢવીએ પોગસનાં વેણ કાઢ્યાં.

'ખમા! ખમા તને, આપા શાદુળ! આજ તેં કાઠિયાણીની કૂખ ઉજાળી! જોગમાયાએ સુદામડાનું નાક રાખ્યું. વાહ રંગના ખેલણહાર!

છોકરાં રાગભડાં કે' એમ આહો,
લો હ ઝ ડા ળા એમ ન ક ડાં,
ભડ ઊભે જાણ ભિજાય,
(તો) ભડ છે ઉજ્વળ આહ ભડાં.

* ૧ શાદુળ ખુમાણ કહે છે કે, 'હે બળવાન જોદ્ધાઓ, હે તલવારોના [illegible] વીર નરો, તમે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] થઈ જાવ, તો [illegible] [illegible] [illegible] [illegible] [illegible]'

૨

એમ મરદ લુણાઓત આખે,
સુણજો ગલ્લાં નરાં સરાં;
નર ઊભે ભેળાય નીંગરું,
તો નાનત છે એહ નરાં.

૩

વળગ્યા ગઢે માળીઆવાળા,
માટીપણારા ભરેલ મિંયાઃ
પોતે ચકચુર થિયો પવાડે,
એમ કેક ભડ ચકચુર કિયા.

૪

સાદે ગઢ રાખ્યો સુદામપર,
દોખી તણો ન લાખે દાવ,
એમ કરી કસળે ઊગરિયો,
રંગ છે થાને ખવડરાવ.

પોતાના પરાક્રમનું ગીત સાંભળીને શાદુળ ખવડે ઉદાસ મુખે ડોકું ધુણાવ્યું.

ચારણ પૂછે છે. 'કાં બાપ! કાંઈ મોળું કહ્યું?'

'ગઢવા! કવિની કવિતાયે આભડછેટથી બીતી હશે કે?'

'કાંઈ સમજાણું નહિ, આપા શાદુળ.'

× ૨. લુણા ખવડનો પુત્ર શાદુળ કહે છે કે 'હે પુરુષો! સાંભળજો કે ને મરદ ઊભો હોય છતાં ગામ લૂંટાય, તો તો એવા મરદને લાંછન હજો.'

૩. માળિયાવાળા મિયાણા લૂંટારા, કે જે મરદાનગી ભરેલા હતા, તે સુદામડાના ગઢ ઉપર તૂટી પડ્યા એ વખતે બહાદુર શાદુલ ખવડ ઘરણિયો બન્યો અને બીજા કૈકને એણે શૂરાતન ચડાવ્યાં.

૪. સુદામડાનો ગઢ શાદુળ ખવડે એવી રીતે બચાવી દીધો દુશ્મનોનો ફાવ્યો નહિ. એ રીતે શાદુળ ખવડ! તુયે ક્ષેમકુશળ ઊતરી ગયો. ભા રાવત, રંગ છે તને!

ભરનીંદરમાં પોઢેલા કોઈ નિર્દોષ માણસને અધરાતે સરકારી સિપાઈ આવીને હાથકડી પહેરાવે, તેમ આપા કાળાને આ કાગળ વાંચીને થઈ ગયું. માનવીને માથે આભ તૂટી પડે એ વાત એને ખરી લાગી. ધરતી જાણે એની નજર આગળ ચકર ચકર ફરવા લાગી. પણ કાઠીનો દીકરો, ઘૂંટડો ગળતા આવડે. ખેપિયાને જવાબ લખી આપ્યો — લખ્યું કે, 'હા ઝૂમણું લાવ્યો છું. ઘરેણે મુકાઈ ગયું છે. છોડાવીને થોડા દિવસમાં આવું છું.'

બાકીની જે ચાર સાતીની જમીન રહી હતી તે માંડીને કાઠીએ બીજા એક હજાર રૂપિયા ઉપાડ્યા નવું મોળવલા હેમનું ઝૂમણું ઘડાવ્યું. ઝૂમણું લઈને ઘોડે ચડી એણે વંડાનો રસ્તો લીધો. રસ્તે ચાલતાં એને વિચાર આવે છે કે 'આ ઝૂમણું અમારું નહિ, એમ કહેશે તો? ઝૂમણા ઉપરવટ કાંઈ રકમ માગશે તો? તો આ ઘોડી આપીશ અને એટલેથી પણ નહિ માને તો? એથીયે એના ઝૂમણાની વધારે કિંમત માગશે તો? તો મરીશ!' પડખામાં તલવાર તયાર હતી.

ડેલીની ચોપાટમાં જુવો આયર બેઠા હતા. તેણે ઊઠીને હાથ લંબાવ્યા 'હાલો! આવો, આવો, કાળા ખુમાણ પધારો' એમ આદર દીધો, બેસાડ્યા.

ઉતાવળા થઈને કાળા ખુમાણે તો ફાળિયાની ગડ છોડવા માંડી. બોલ્યા કે 'ભાઈ, આ તમારું ઝૂમણું સંભાળી લ્યો.'

'રામ રામ કરો, રામ રામ કરો! ડાયરાને કસૂંબો લેવા બોલાવીએ. એમ શી ઉતાવળ છે આપા કાળા!'

કાળા ખુમાણના ગમ રહ્યા નહિ. એને પૂરેપૂરા [illegible] પડી નહોતી કે [illegible] આજ [illegible] [illegible]

[illegible]

ડાયરો ધીમે ધીમે ભરાવા લાગ્યો, તેમ તેમ કાળા ખુમાણના ટાંગા તૂટવા મંડ્યા. હવે વાર નહોતી. ત્યાં ભુવો આયર ઊભા થઈને પડખાની એક પછીતે નાડાછોડ કરવા બેઠા. અચાનક એના કાન ચમક્યા, પછીતની અંદર આ પ્રમાણે વાતો થતી હતી·

'કા રાડ. કે'તી'તી ને કે નહિ જરે?'

'શું છે?'

'ઝૂમણું ઘડાવીને લાવ્યો.'

'કોણ?'

'તારો બાપ — કાળો ખુમાણ.'

'અરરર! પીટ્યા, કાઠીનું મોત ઊભું કર્યું!'

પેશાબ કરતો કરતો ભુવો આયર ઠરી ગયો. 'હાય હાય! હાય હાય!' એવા ઊના હાહાકાર ધમણે ધમાતી આગના ભડકાની માફક એના હૈયામા ભડભડી ઊઠ્યા. માથાની ઝાળ ત્રેહમડે લાગી ગઈ. એ ઊભો થયો. એ પરબારો વાણુદના ઘરમાં ગયો. વાણુદ ઊભો ઊભો વાતો કરતો હતો, ત્યા આયરે એના ગાલ ઉપર એક અડબોત લગાવી દીધી, પોતે પાંચે આગળીએ સોનાના વેઢ પહેરેલ હતા તેની વાણુદના ગાલ ઉપર છાપ ઊઠી આવી. વાણુદે ચીસ પાડીઃ 'એ અન્નદાતા! તમારી ગૌ'

'કાઢ્ય ઝૂમણું, કાઢ્ય નીકર કટકા કરી નાખું છું.'

આગોણમાંથી ખોદીને વાણુદે કઢીનો પાટિયો કાઢ્યો. અંદરથી [illegible]મણું કાઢ્યું, એજ ઝૂમણું! ખૂબ કાળું પડી ગયેલું હતું. ફાળિયામાં [illegible]ડી, બગલમાં દાબી ભુવો ડાયરામાં આવીને બેઠો. કસૂંબો તૈયાર [illegible]યો એટલે નોકરને કહ્યું 'જા ઓરડે, ઓલ્યું જોડ્યવાળું ઝૂમણું [illegible]ઈ આવ્ય.'

ભરનીંદરમાં પોઢેલા કોઈ નિર્દોષ માણસને અધરાતે સરકારી સિપાઈ આવીને હાથકડી પહેરાવે, તેમ આપા કાળાને આ કાગળ વાંચીને થઈ ગયું. માનવીને માથે આભ તૂટી પડે એ વાત એને ખરી લાગી. ધરતી જાણે એની નજર આગળ ચકર ચકર ફરવા લાગી. પણ કાઠીનો દીકરો, ઘૂંટડો ગળતા આવડે. ખેપિયાને જવાબ લખી આપ્યો — લખ્યું કે, 'હા ઝૂમણું લાવ્યો છું. ઘરેણે મુકાઈ ગયું છે. છોડાવીને થોડા દિવસમા આવુ છુ.'

બાકીની જે ચાર સાતીની જમીન રહી હતી તે માંડીને કાઠીએ બીજા એક હજાર રૂપિયા ઉપાડ્યા નવુ સોળવલા હેમનું ઝૂમણું ઘડાવ્યું. ઝૂમણું લઈને ઘોડે ચડી એણે વંડાનો રસ્તો લીધો. રસ્તે ચાલતાં એને વિચાર આવે છે કે 'આ ઝૂમણુ અમારુ નહિ, એમ કહેશે તો ? ઝૂમણા ઉપરવટ કાંઈ રકમ માગશે તો ? તો આ ઘોડી આપીશ અને એટલેથી પણ નહિ માને તો ? એથીયે એના ઝૂમણાની વધારે કિંમત માગશે તો ? તો મરીશ!' પડખામાં તલવાર તયાર હતી

ડેલીની ચોપાટમાં ભુવો આયર બેઠા હતા. તેણે ઊઠીને હાથ લંબાવ્યા. 'હોહોહો! આવો, આવો, કાળા ખુમાણ પધારો' એમ આવકાર દીધો; બેસાડ્યા

ઉતાવળા થઈને કાળા ખુમાણે તો ફાળિયાની ગડ છોડવા માંડી. બોલ્યા કે 'ભાઈ, આ તમારુ ઝૂમણુ સંભાળી લ્યો'

'બેઠા રહો, બેઠા રહો. ડાયરાને કસુંબો લેતા જાઈએ. ઝૂમણાની શી ઉતાવળ છે આપા કાળા!'

કાળા ખુમાણના ગાત્ર ગળી ગયા. એને પૂરેપૂરો ભરોસો પડી ગયો કે ભાઈબંધ આજ આ ડાયરામાં મારું મોત ગણું છ[illegible]

દરબારના વાતુ લાગી સાચી ગયો.

ડાયરો ધીમે ધીમે ભરાવા લાગ્યો, તેમ તેમ કાળા ખુમાણના ટાંગા તૂટવા મંડયા. હવે વાર નહોતી. ત્યાં ભુવો આયર ઊભા થઈને પડખાની એક પછીતે નાડાછોડ કરવા બેઠા અચાનક એના કાન ચમકયા, પછીતની અંદર આ પ્રમાણે વાતો થતી હતી·

'કા રાંડ. કે'તી'તી ને કે નહિ જરે?'

'શું છે?'

'ઝૂમણું ઘડાવીને લાવ્યો.'

'કોણ?'

'તારો બાપ — કાળો ખુમાણ.'

'અરરર! પીટયા, કાઠીનું મોત ઊભુ કર્યું!'

પેશાબ કરતો કરતો ભુવો આયર ઠરી ગયો. 'હાય હાય! હાય હાય!' એવા ઊના હાહાકાર ધમણે ધમાતી આગના ભડકાની માફક એના હૈયામાં ભડભડી ઊઠયા. માથાની ઝાળ ત્રેહમડે લાગી ગઈ. એ ઊભો થયો. એ પરબારો વાણુદના ઘરમાં ગયો વાણુદ ઊભો ઊભો વાતો કરતો હતો, ત્યા આયરે એના ગાલ ઉપર એક અડબોત લગાવી દીધી, પોતે પાંચે આગળીએ સોનાના વેઢ પહેરેલ હતા તેની વાણુદના ગાલ ઉપર છાપ ઊઠી આવી વાણુદે ચીસ પાડી 'એ અન્નદાતા! તમારી ગૌ'

'કાઢય ઝૂમણું, કાઢય નીકર કટકા કરી નાખું છું.'

ગોંણુમાથી ખોદીને વાણુદે કઠીનો પાટિયો કાઢયો અંદરથી ાઢયુ, એજ ઝૂમણુ! ખૂન કાળુ પડી ગયેલું હતું. ફાળિયામાં બગલમાં દાબી ભુવો ડાયરામાં આવીને બેઠો. કસૂંબો તૈયાર ટલે નોકરને કહ્યુ 'જા ઓરડે, ઓલ્યું જોડયવ'ળુ ઝૂમણું ાવ્ય.'

કાળા ખુમાણનો શ્વાસ ઘુંટાવા લાગ્યો. ઝૂમણું ગઢમાંથી આવ્યું. સામે મુકાણું. પછી મોં મલકાવીને ભુવો આયર બોલ્યોઃ 'આપા કાળા, લ્યો કાઢો ઓળ્યુ', તમે લઈ ગ્યા'તા ઈ ઝૂમણું.'

કાળા ખુમાણે ઝૂમણું કાઢ્યુ. એના હાથ કંપતા હતા. ડાયરાના એક બે ભાઈઓ બોલી ઊઠ્યા 'કાં આપા, અફીણનો બહુ ઉતાર આવી ગયો છે તે ધ્રૂજો છો?'

ભુવો આયર બોલ્યોઃ 'હા, હા, આપાને મોટો ઉતાર આવી ગયો છે! હમણાં કસૂંબા પાઈએ.'

કાળા ખુમાણની આંખે અંધારાં આવ્યાં. ભુવો ઝૂમણું ઊંચું કરીને બોલ્યો: 'ડાયરાના ભાઈઓ, અમારા ઘરમા આવા બે ઝૂમણાં હતાં. તેમાથી એક આપો કાળો ઉપાડી ગયેલા.'

ચમકીને ડાયરાએ પૂછ્યુ : 'હેં ક્યાથી?'

'ગાડલાના ખેવડમાંથી. કેમ ખરુ ને આપા?'

'અને ભાઈઓ, આપો અમારા બાળપણના ભાઈબંધ થાય છે હો!'

'અરર!' ડાયરામાં ચાસ ઊઠી.

'આપાને ઉવરાણી લખી, એટલે આ હલકી કિંમતનું ઝૂમણું ઘડાવીને લઈ આવ્યા, ને ઓળ્યું, હજાર રૂપિયાનું ઝૂમણુ ગળત કરી ગયા.'

'ભુવા ભાઈ, આ મારી ઘોડી . . .' કાળા ખુમાણનો સ્વર તૂટી ગયો.

ધીરે રહીને ભુવા આયરે પોતાની બગલમાંથી ફાળિયું લીધુ, ઉખેળીને અંદરથી ઝુમણુ કાઢ્યુ. ત્રણે ઝૂમણાં ડાયરાની વચ્ચે ફગાવ્યાં, બોલ્યો કે, 'લ્યો બા, હવે જોડ્ય મેળવો તો!'

આર. દો. ઝૂમણાની ચોરી

ડાયરો સજ્જડ થઈ ગયો. અખંડ જોડનાં બે ઝૂમણાં ને ત્રીજું

નવીન! શું થયું?

આયરની આંખમાથી આંસુની ધાર હાલી. હિમાલય રુએ ત્યારે

એના નેત્રમાંથી ગંગા ને જમના વછૂટે કાળા ખુમાણના પગની

રજ લઈને એ બોલ્યો કે 'કાઠી, ધન્ય હોજો તારી માને. અને

મારી માને માથે—ના, મારી માનો શો વાંક! મારે પોતાને માથે

એક હજાર ખાસડા હોજો! ડાયરાના ભાઈઓ, આજ આ લાખ

ાના ગલઢેરાનું મોત બગાડવા હું ઊભો થયો'તો. મારી બાયડીએ

વાણુંદનું કહ્યું માન્યું! પણ બાયડીને શું કહું? મે પોતે જ

ું કાં માન્યું? પેશાબ કરવા હું ઊભો ન થયો હોત તો આજ

કાઠીને અફીણ ઘોળવું પડત ને!'

પછી પોતે કાળા ખુમાણને બે હાથ જોડી કહ્યું:

'ભાઈ! નવું ઝૂમણું તો તમારું જ છે. અને આ બેમાથી એક

ઝૂમણું મારી બેનને કાપડામા. આ રૂપિયા એક હજાર ભાઈને

વધાવાના. ના પાડે એને જોગમાયાના સોગંદ છે.'

આજ એ બેય જણાની ત્રીજી પેઢી ચાલે છે.

૧૯. અભો સોરઠિયો

સોરઠ દેશને દખણાદે કિનારે, માલણ નદીના કાંઠા ઉપર મહુવા નામનું બંદર આવેલું છે. આરબી સમુદ્રના આસમાની મોજાં રાત-દિવસ મહુવાની ધરતીના વારણાં લીધા કરે છે. દરિયાના ગુંજારવ આઠે પહોર એ નગરીના લોકોને કાને સંભળાતા રહે છે. તે દિવસ તો માલણ નદી સેજળ વહેતી હતી. એના પાણી મહુવાને થપાટો મારતા હતા. પણ આજ માલણમાં એકલો વેકરો ધખધખે છે*

આજથી દોઢસો વરસ પૂર્વે આ રઢિયાળા બંદરને માથે ત્રણસો પાદરનો વાવટો ફરકતો હતો. એ ત્રણસો ગામડાની ઉપર જસા ખસીઆ નામના રજપૂત-કોળી રાજાની આણ ફરતી હતી મહુવાની બે દિશાઓમાં પંદર પંદર ગાઉના પલ્લા પકડીને ગીચ ઝાડી ઊભી હતી. નેવું નેવું હાથને માથે ડોકા કાઢીને સાગરના દોરિયાનાં જૂથ આકાશની સામે માથા ઝુલાવતાં હતા નાળિયેરીઓ સામસામાં ઝુંડ બાંધીને સૂરજના અજવાળાને રોકી રહી હતી, અને એકબીજાના આંકડા બીડીને ઊભેલાં કૈંક કાંટાવાળાં ઝાડઝાંખરાંની ને ડાળડાળીઓની એવી તો ઠઠ લાગેલી કે માંહીથી સસલું દોડવા જાય તો એની ખાલ ઉતરડાઈ જાય નવ નવ હાથ લાંબા, ડાલામથ્થા સિંહ જ્યારે એ ઘટામાં કારમી ડણકો દેતા, ત્યારે એ નેસના ડુંગરા હલમલી હાલતા.

---

* ભાવનગર રાજ્યે પોતાની નાળિયેરીઓના વાવેતર માટે નદીનું વહેણ વાળી લીધું છે.

આજણુ આંજી દીધું. મોરલાના મલ્હારે અને કોયલોના ટહુકારે એના કાનમાં સ્વાર્થનું હળાહળ રેડી દીધું હાય હાય! નંદનવન જેવી આ સમૃદ્ધિને શું કોળો ભોગવશે? આવી કામણગારી ધરતીને શુ કોળો ધણી ગમતો હશે! અહાહાહા! મહુવા વગરનું મારુ ભાવેણુ લૂખું લૂખું!

'અને બાપુ!' હીરજી કામદાર બોલી ઊઠયા 'ભાવેણાના નાથની ધજા ચડી તે શુ હવે ઊતરશે? અપશુકન કહેવાય.'

'ત્યારે શું કરશું, કામદાર?'

'મહુવા નથી છોડવા. બીજુ શુ?'

'પણ દગો કહેવાશે.'

'દગો શેનો? આપણી જીત થઈ છે ને!'

'પણ ચાર પંચાતિયાંનુ શું કરવુ?'

'એ હું કરીશ એ ચારે જણા પણ માનવી જ છે ને!'

આઠ દિવસને સાટે તો બે મહિના વીતી ગયા, પણ મહારાજ માથી સળવળતા નથી. જસાએ પંચને કહેવરાવ્યું. પંચ માહેલા ગરડાએ જઈને મહારાજને કહ્યુ 'દરબાર, ગામ ખાલી કરો. , હુ અતીત છુ મારો ભગવા ભેખ જોયો? મારા તમામ ને લઈને હુ તમારા ઉંબરામાં લોહી છાંટીશ. બાવાની હત્યા છે! નીડર બહાર નીકળો.'

મહારાજાએ બાવાજીને ગોપનાથના પાંચ ગામ લખી આપ્યા. નું મો ભરાઈ ગયું. એનો ભગવો ભેખ વેચાઈ ગયો. એણે તો ને જસા ખસીઆને કહ્યું, 'મહારાજ નથી નીકળતા. અમે શુ એ ભાઈ? અમારી પાસે કાંઈ ફોજ નથી તે લડીએ તમે કહો લોહી છાંટીએ'

'ના બાપ!' જસો બોલ્યો. 'સાધુની હત્યા મારે નથી લેવી, તમે તમારે ગોપનાથને કાંઠે બેસીને લીલાલહેર કરો.'

બીજો વારો આવ્યો દયાશંકર ગોરનો. એ બ્રાહ્મણનું બ્રહ્મતેજ પલકવાર તો બાળી નાખે તેવી વગાળો કાઢવા લાગ્યું. પણ મહારાજાએ એને વીજપડી નામનું ગામ માંડી આપ્યું એટલે અગ્નિની ઝાળ શમી ગઈ, બ્રહ્મતેજ વેરાઈ ગયા. જસાને એણે કહ્યું: 'આતોભાઈ મારું નથી માનતો. અમે શું કરીએ ભાઈ?'

જસો બોલ્યો: 'ગોર દેવતા! તમેય છૂટા.'

એક ચારણ પણ જામીન થયો હતો. એણેય કટાર કાઢીને પેટ નાખવાનો ડર દેખાડ્યો એને મહોદરીના ત્રણ ગામ આપીને ચૂપ કર્યો.

૨

જસાએ આભા કામદારને પૂછ્યું 'આભા! શું કરવું?'

'બાપદાદાનો આખરી ધરમ બહારવટું. બીજું શું?'

'પણ પહોંચાશે? જો તો ખરો—એની તોપો મહુવાના ગઢની રાંગ ઉપર બેઠી બેઠી મોં ફાડી રહી છે.'

'પહોંચવાની વાત નથી, મરદની રીતે મરવાની વાત છે.'

'[illegible]'

'[illegible]'

[illegible]

ી, નાનો એક છોકરો અને અભો કામદાર. પોતાના અન્નદાતાની
ત્તને અને દીકરાને એક ઠેકાણેથી બીજે ઠેકાણે સતાડતો સંતા-
. અભો વાણિયો રઝળ્યા કરે છે પોતાની પાસે જે મૂડી હતી તે
ચી ખરચીને પોતાના બાળારાજાને નભાવી રહ્યો છે અને મહારાજા
તાભાઈની સાથે વિષ્ટિ ચલાવે છે કે 'હવે જમો ખમીઓ તો મરી
ા. હવે આ બાળકને ઠરીને બેસવાનું ઠેકાણું કાઢી આપો બીજું
ઈ નહિ તો લીલિયા પરગણું આપો ગુંગીગઈના હક્ક દગાથી
ાવો મા. ભાવનગરના ધણીને લીલિયુ ભારે નહિ પડે.'

પણ મહારાજા ન માન્યા બરાબર પાચ વરસ વીતી ગયાં.
ભાને ગઢપણે ઘેરી લીધો, એની ,ડોકી ડગમગવા લાગી, માથુ,
ફો અને આખના નેણ-પાંપણુ પણ રૂની પૂણીઓ જેવા ધોળાં બની
યાં એક વાર સાંજરે એ વૃદ્ધ કામદાર પોતાના સાત વરસના
ણીને ખોળામા લઈને બેઠો હતો ધણીનાં લૂગડાં ઉપરથી ધૂળ
ખેરતો હતો ધણીના મોં ઉપર ને માથા ઉપર સુવાળો સુવાળો
ાથ ફેરવતો હતો, અને માયાભર્યા સ્વરથી પૂછતો હતો કે 'કાં
ાપા, રમી આવ્યા ? વાહ મારો બાપો ! ભારે બહાદર ! લોકડાઈ
ો બાપુના જેવી જ હો !'

નાનો કુંવર ગર્વ પામીને એની કાલી કાલી વાણીમા પડકારા
તો કે, 'કામદાર, આજ મે ઓસ્યા છોકરાને હગાી દીધો ઓસ્યો
મારાથી મોટો, એનેય મેં પાડી દીધો '

'અરે રગ રે રગ, બાપલીઓ !'

બરાબર સાજ નમેલી, સૂરજ મહારાજ મેર બેસતા હતા. રાજા
અને કામદાર સસારથી આઘેરા જઈને જાણે મોંઘો આનદ લૂટતા
હતા. જાણે આખા જગતનુ એકચક્રી રાજ મળ્યું હોય તેવા તોરથી
રાજા-કારભારીની રમત રમાતી હતી. તે વખતે બાળકની વિધવા
માતાએ ઓરડામાંથી વજ્જબાણ છોડ્યાઃ

૨. હીરજી મહેતાના વંશજો એમ કહે છે કે 'સાતમાં બાવળીઆળી ગામ ઉપર આતાભાઇને ચડાઇ કરવી હતી દારૂગોળા અને સૈન્ય માટે નાણાંની જરૂર પડી. તેથી મહુવાના શેઠ અભા સોરઠિયાએ મહુવામાંથી બીજા કેટલાએક શાહુકારોના રૂપિયા લઇને ભાવનગરને ધીર્યા પણ પછી બાવળીઆળીની ચડાઇ માંડી વાળવી પડી, અને નાણાં ચવાઇ ગયા, બીજે વરસે દુકાળ પડયો અભાએ પોતાના લેણદારોના દબાણથી ભાવનગર પાસે ઉઘરાણી કરી પણ ભાવનગરની પાસે પૈસા નહોતા. એમ વારંવાર ઉઘરાણી કરવા છતાં નાણાં પત્યા નહિ, એટલે અભો કોપે ભરાઇને આતાભાઇ પાસે આવ્યો. આતાભાઇએ હીરજી મહેતા પાસે એને મોકલ્યો. હીરજી મહેતા સૂતા હતા. અભાએ પ્રથમ એને દોરી વડે પલંગ સાથે બાંધી લીધા, ને પછી હીરજી મહેતાની જ તલવાર લઇને એનો ઘાત કર્યો. પછી અભાને હીરજી મહેતાના આરબોએ માર્યો, મેડી પરથી એની લાશને નીચે ફગાવી, અને વસડીને સ્મશાને લઇ ગયા. ત્યાર પછી મહારાજે પોતાની હદમાંથી સોરઠિયાઓને કાઢી મૂકયા હતા '

પણ અમે આપેલી હકીકતની સાક્ષી તો ઉપર ટાંકેલા ગીતમાંથી જ જડે છે. ખાસ કરીને—

'કરશું સમજણ જસા કને.'

એ ચરણ બતાવે છે કે આમાં કંઇક જસા ખસીઆનો સવાલ હતો.

આ બનાવ બની ગયા પછી આતાભાઇએ જસા ખસીઆના પુત્ર ખીમાને મોણપર અને સેદરડાના બાર ગામ પાછા આપ્યા હતા. અત્યારે ખસીઆઓ એ બાર ગામ ખાય છે

૨૦. મેર જેતમાલ

આજે આસો સુદ નોમનો દિવસ છે

પાણકોગના ચોરણા, પાસાબંધી આગડીઓ ને માથે બાંધેલાં ભોજપરાંથી શોભાતા હજારો રબારીઓ આજે બળેજમા સમાઈને મઢે મેળે આવેલા છે. તેલમાં ભીંજાવેલા ગુલાલનો શણગાર તેમના હેતાળ હૈયાં ઉપર તથા પહોળી પરાક્રમી પીઠો ઉપર માતાની પ્રસાદીરૂપે ગોઝી રહ્યો છે. રબારીનો બચ્ચો શોણિતવરણા આ શણગારને મહાન'પવાન માની મહિનાના મહિના સાચવે છે. જોનારને આ શણગાર ઘાયલ રણસૈનિકોની ભ્રાંતિ કરાવે છે. બળેજમા એની આથમણી દિશામા આવેલા ભૂવાકેડામા આજે મેદિની માતી નથી.

એટલામાં પોતાનું પવિત્ર અને વહાલુ 'સરજૂ'નું સંગીત ગાતી સેંકડો રબારીની એક મંડળી મઢની બહાર નીકળી. સાંભળનારને તો એ ગાનમા માત્ર 'હા-હે-હૂ-હે'નો લાંબો ગગડો જ લાગે છે, ને એ બોલનારા જંગલી છે એટલો જ ભાસ થાય છે; પણ તેમ નથી. 'હા-હે-હૂ-હે' એ સૂરોમાં પોતાના ઇષ્ટદેવની 'સરજુઓ' રબારી લોકોએ સાચવેલી છે. સરજૂઓ એ સ્તવન ડાળ્યો છે, ને વેદમંત્રોની પેઠે અનધિકારીઓથી ગુપ્ત રાખવા માટે તેમાં 'હા-હે-હૂ-હે' એવા સ્વરોની પૂરણી કરેલી છે. એ સરજૂ ગાનારી ટોળીમાં

• લખનાર : શ્રી જગજીવનદાસ દ્વા. પાઠક.

એક માણસે હાથમાં ‘માતાની પીછ’ [મોરનાં પીંછાની ઝૂંડી] ઝાલેલી હતી. શ્રીકૃષ્ણે શિરે ધરાવેલ એ મયૂરપિચ્છ તે માતાની પણ વહાલામા વહાલી વસ્તુ છે એમ રબારીઓ માને છે.

હાથમા કડિયાળી ડાંગોવાળા, કદાવર રબારીઓ સરજૂઓ ગાતા ગાતા મઢની બહાર ડાબી બાજુએ ખોડેલા એક પાળિયા પાસે આવ્યા. સિંદૂરે ચર્ચેલા એ પાળિયાને શિરે તેમણે માતાની પીંછ અડાડી ત્યા ઊભા રહી કેટલીકવાર લાંબે રાગે સરજૂઓ લલકારી — કેમ જાણે તેઓ પાળિયાના યશોગાન ગાતા હોય! આમ કરવાનું મેં કારણ પૂછતાં તેમણે કહ્યુ —

આજથી આશરે ૧૫૦ વર્ષ ઉપર આ બળેજમા આલા મેરનો દીકરો જેતમાલ થઈ ગયો, તેનો આ પાળિયો છે. એ જેતમાલ કદે પાચ હાથ પૂરો એના ખભા જાણે પાડાના કાંધ શી એની જુવાની ને શી એની ભલાઈ! શૂરવીરતા તો જાણે એના જ બાપની! ઘરનો પણ સુખીઓ મોટો માલધારી. એણે દેરાણિયામાં નેસ નાખેલો, અને ત્યા તે પોતાના માલ તથા સગાસબંધી સાથે રહે. એક વાર બાબીની ગિસ્તે આવીને બળેજના ઢોર વાળ્યા જેતમાલ બેઠા બેઠો રોટલો ખાતો હતો, ત્યા સુદાખડા મીરે આવી કહ્યું:

> સીમાડે સાવજ તણે બાકરથી કેમ બેસાય?
> જેતાં જોણ કે'વાય, અચરત આલણરાઉત?

[તારા જેવા સિંહને સીમાડે બકરા જેવા બાબીથી કેમ બેસી શકાય? હે આલણના સુત જેતા! તુ જેવો ભડ બેઠો છતા જો ગિસ્ત ઢોર હાંકી જશે, તો તુમા જોણું કહેવાશે]

ખાવુ પડતુ મૂકી, જોગમાયાની જીભ જેવી વિકરાળ તરવાર તાણી, ઘોડીએ ચડી, જેતમાલ પોતાના સાથીઓ સાથે ગિસ્ત પાછળ દોડ્યો શત્રુઓને પકડી પાડ્યા અને કાંડાની કદાવર કણબણ દાતરડે કણસલાં કાપે તેમ ગિસ્તને કાપવા લાગ્યો.

તમાલ
દેવળીએ માગલો,
ચો [1]ખડગ જોટા તણો ઉકેતાં;
કાઉેરાં કપીઆં દેખ ઊપડ્યો,
આલાતણો [4]ઉત અજર તન જેતા. ૧.
[5] ઝાંપથી ઠારીઆ હાથ

ઘૂઘવે,
ત્રેહકે નગારાં ત્રંબાળા લાધ્યો,
લોહાં બળ વંઢતે દાવ [8]ઝુક્રે,
ઝીંક [6]કૂંતા તણી [7]રાહોતાં બાધ્યો. ૨
બળેજો અભગ ભડ [9]ભીસ

[10]કઠાડે,
અભગ દળ બાણીઆં આવીઆં વાજાં;
વાગીઆ તબલ્લાં બલાં જેતડા,
તેજીલી તેગને વીંઝતો ઝાઝાં ૩
ઝોળીએ ટપકતાં ગયાં

વકટા
કવિ કે' [11]વેડા કર્યો વીર તે જતણી.
જામખાના લગણુ વાત આવીઓ,
કિરત અવિચળ કરી કુશળ ઘર પાણી ૪.
[12]પરીએ ચડાવ્યું અમર

ગિસ્તના ભાકૂતી સિપાઈઓ મરદ મેરાની ઝીંક ક્યાં લગી ઝીલે! સિપાઈઓ ધવાણા ને ઝોળીમા પડી ટપકતે લોહીએ ઘર ભેગા થયા એમ પરિયાને અમરતાનુ પાણી પાઈ જેતો ક્ષેમકુશળ ઘેર આવ્યો

એક બીજો પ્રસંગ બાલોચ કોટડા તરફ જે નવી વસતા, કાંઈક કારણે રબારીઓ સાથે વેર બધાયેલું. એ વેર વાળવાને એ મદોન્મત્ત પંદર સંધીઓ માતાનો મઢ લૂટવા નીકળે

---

૧ તલવાર. ૨. કાયર. ૩. કેટલા. ૪ ગુત. ૫. ઝડપથી. ૬ ભાલાં. ૭ ... ૮. ... ૯. બળથી. ૧૦. કડાળ પ્રદેશમા. ૧૧. વારે. ૧૨. પૂર્વ..ને.

૨૧ ભાઈબહેન

ચોટીલાથી ત્રણ ગાઉ પાચાળમા રેશમિયુ ગામ છે. ગામને
ીમાડે ભેડાધાર નામની એક ગોળાકાર ધાર છે ધાર ઉપર પાળિયા
. એક પાળિયો સ્ત્રીનો છે. સ્ત્રીની સાથે બે બાળક છે: એક
ાંગળીએ વળગેલુ અને બીજું કેડમા તેડેલુ. બીજો પાળિયો એક
ોડેસવારનો છે

કેટલાં વરસ પહેલાની આ વાત હશે તે તો કોણ જાણે કચ્છ
ારફથી એક ચારણી ચાલી આવતી હતી. સાથે એનાં બે છોકરાં
હતાં. ચારણી એની ભેંસો હાંકીને પોતાને દેશથી નીકળી હતી.
વાટમાં ખાવાનુ નહોતું મળ્યુ. કેડે બેઠેલા બાળકે માની છાતી ચૂસી
ચૂસીને ગાભા જેવી કરી નાખી હતી આગળીએ ટીંગાતું બાળક,
ભેંસનુ પળી બે પળી દૂધ મળતુ તે ઉપર નભ્યે આવતુ હતું ચાર
વગરની ભેંસો માર્ગે મરતી આવતી હતી ચારણીને માથે ધાબળી
પડી હતી. અંગે કાળી લાયનુ કાપડું અને ગૂઢા રંગમાં રંગેલ
ચોળિયાની ઝીમી પહેર્યાં હતા ડોકમા સગપૂગનું પતરું, હાથમા
રૂપાનાં સરલ અને પગમાં દોરા જેવી પાતળી રૂપાના વાળાની
કાંબીઓ, એ એનો દાગીનો હતો એક તો ચારણ વર્ણની બાઈઓ
કુદરતી જ ઉદાસ રહે છે તેમાયે આ બાઈને તો સંસારનાં વસમાં
વીતકોએ વધુ ઉદાસ કરી મૂકી હતી.

છાંટ્યા. ચારણી પોતાના ભરથારના મુખમાંથી ગાજતા ૐકારને સાંભળતી સાંભળતી શિવને શરણે ચાલી ગઈ.

જેઠાએ કહ્યું. 'હું આવું છું' હો કે! આ આવ્યો.'

જેઠાએ ફરી વાર રામાયણ વાંચી. પાઘડી ઉતારીને પડખે મૂકી. મહાદેવજીની જોડમાં વીરાસન વાળ્યું. જમણા હાથમાં તરવારની મૂઠ ઝાલી. ડાબે હાથે લૂગડાં વતી પીંછી પકડી

'લેજો દાદા! આ મારી પૂજા' એમ કહીને એણે ગળા સાથે તરવારની ભીંસ દીધી. તરવારને એક જ ધસરકે માથું મહાદેવને માથે જઈ પડ્યું. ધડ બેહોશ થઈને શિવલિંગ પર ઢળી ગયું. પણ વીરાસન ન છૂટ્યું, તરવાર પણ એમની એમ હાથમાં ઝાલેલી રહી. પંખીડાની જોડલી ધણીને પિંજરેથી ઊડીને એ રીતે ચાલી ગઈ.

રાણુગામના જ એક રહીશની સાક્ષી વાંચીએ :—

'અષાઢ વદ બારસ, રવિવારે સવારે મને ખબર મળ્યા કે રાણેસરમાં સ્ત્રીપુરુષ મરેલાં પડ્યાં છે. હું ત્યાં ગયો. શિવલિંગની પાસે જ બે સ્ત્રી-પુરુષ મરેલાં દીઠાં. શિવલિંગની બાજુમાં ભીની પછેડી પડી હતી તેથી લાગ્યું કે બન્ને જણા નદીમાં એક પોતિયે નાહ્યાં હશે, બે જુદે જુદે કળશિયેથી મહાદેવને નવરાવ્યા હશે, પોતાને કપાળે તથા મહાદેવને ગોપીચંદન લગાડેલ હશે. લિંગની પાસે ફૂલો પડ્યાં હતાં. બે માણસોએ બે કોડિયામાં ઘીના દીવા પ્રગટાવ્યા હશે એમ લાગ્યું. મંદિરના બારણા પાસે પાંચ સોપારી પડી હતી ચોખાની ઢગલી પડી હતી તેમાંથી પેન્સિલે લખેલો કાગળ નીકળ્યો; એમાં લખ્યું હતું કે 'આ કામ અમે રાજીખુશીથી કર્યું છે. અમને માફ કરજો. મારી પચાસ ભેંસોમાંથી એક ભેંસ મારી બહેનને દેજો અને કોઠીમાં ખાણ છે તેમાંથી બારના ગાડાં દેજો.'

કરમાબાઈ ઊંધી લાગી પડી હતી. તેના પગ બારણા પાસે ને માથું પાર્વતીજી પાસે હોવાથી લાગ્યું કે એ મહાદેવની સામા ઊભી રહીને ગળામાં તરવાર નાખી પોતાને હાથે મરી હતી. એના હાથ સાફ હતા, પણ જેઠાના હાથ લોહીથી તરબોળ હતા. મહાદેવજી ઉપર ને પાર્વતીજી ઉપર લોહીના છાંટા!!

નાં. તેથી લાગે છે કે કરમાંબાઇના લોહીમાંથી ખોબા ભરીને જેઠાએ ગિરધારીની ઉપર અભિષેક કર્યો હશે. કરમાબાઈનો નળગોટો (ડોકું) અરધું કપાયેલ હોવાથી પોતે પોતાના હાથે જ કમળપૂજા ખાધી હશે.

'જેઠાએ પોતાની પાઘડી ઉતારીને ખુલ્લે માથે મહાદેવની જોડમાં વીરાસન વાળી, તલવારથી પોતાનું માથું કાપ્યું હશે બેઠેલો હોવાથી બેઉ ધડ થયા પછી ખભા પર ઢળી પડી ગયો છે. આખર સુધી તલવારની મૂઠ જમણા હાથમાં રહી અને ડાબા હાથમાં લૂગડા વતી પીછી પકડેલ હતી તલવારની મૂઠ તેમજ પીંછી તરફનો ભાગ લોહી વગરનો હતો વચલો ભાગ લોહીના તરબોળ હતો. તેથી લાગ્યું કે તલવારને બહુ વખત ચાંપીને જ કામ પતાવ્યું હશે

'મંદિરની બાજુમાં એ બેયની એક ચિતા ખડકી નાળિયેર, તલ તથા ઘીની આહુતિઓ આપી દહનક્રિયા કરવામાં આવી. તે સ્થળે આ યુગલની દેરી ચણી છે આજ ત્યાં માનતા ચાલે છે.'

*

આ વીરબેલડીના ગીત ગાનાર એક ચારણ નીકળ્યો. એ ચારણનું નામ દેવાણંદ ભગત. તબૂરો લઈને એણે આ દંપતીનાં ભજન ગાયાં છે બારાડીમાં એ ભજન ગળતે સાદે ઘરેઘરમાં ગવાય છે કાવ્યદૃષ્ટિએ તો ભજનો નબળાં છે.

[૧]

એ હાલો હાલો સતી આપણે દેવળે જાયેં,
વેલા વેલા વૈકુંઠમાં જઈ વાસ કરીએ એ હાલો હાલો૦

કે સતી, જેઠો મોવડ કે' મને સપનું લાધ્યું,
જાણે કૃષ્ણજી આવીને ઊભા પાસે.
શંકરને શરણે જઈ ને શિપ ધરીએ,
આવાગમન મટી જાશે રે એ હાલો હાલો૦

કરમાંબાઈ સતી કે', સ્વામી તમે સત બોલ્યા,
એ તો મારે મન ભાવ્યાં રે;

જલદી કરો તમે સ્વામી મોરા રે,
તમ થકી અમે ઓધરીએં રે. એ હાલો હાલો૦

ધન્ય ધન્ય સતી તારાં માતપત્યાને,
અમને ઉપમા આવી દીધી રે;
કાઠી સાસતીઓ, સધીર વાણિયો,
ત્રીજો જેસલ દીધો તારી રે. એ હાલો હાલો૦

શ્રી ભાગવતમાં રાણી આવું બોલ્યાં રે,
કોઈ પોતાના પિયુથી દુર્મતિ રાખે,
કોટિકલપ કુંભીપાકમાં રાખશે,
પછે* ઊંચ ઘેર અવતાર દેશે રે. એ હાલો હાલો૦

જેઠો મોવડ કે' એ મેં સાંભળ્યું,
નવ નવ વરસે લગન લેશે રે,
વરસ અગિયારમે ચૂડાકર્મ કરશે,
એ નારી કેમ ઓધરશે. એ હાલો હાલો૦

એક અસ્રીને તરવાનો રસ્તો,
હરિગુણ હૈયામાં રાખે રે,
પોતાના પિયુજીને શિવ કરી માનશે,
તેને ત્રીકમજી લેશે તારી રે. એ હાલો હાલો

રામનું નામ રૂદામા રાખજો,
તો શામળો કરશે સારું રે,
ગુરુ ગંગારામને વચને દેવાણંદ બોલ્યા,
પ્રભુ અમને પાર ઉતારો રે એ હાલો હાલો૦

---

* પોતાના પતિથી ઠગાઈ રમનાર સ્રીને પ્રભુ મોટા માણસના ઘરે અવતાર દેશે, એટલે કે સ્રી ત્યાં બાળલગ્ન અને ફરજિયાત વૈધવ્યથી દુઃખી થશે

[સાખી]

સરસ્વતી સમરું શારદા, ગણુપતિ લાગું પાય;
એક સ્તુતિ મારી એટલી કે'જો, મારા બાંધવને કે'જો રામરામ,
રાણેશ્વર જાયેં જાયેં.

જેઠા મોવડે કાગળ લખ્યા, સતીએ દીધાં માન;
ભાવ રાખીને સતી તમે ભાખજો, સતીએ લખાવ્યાં ઠામોઠામ,
રાણેશ્વર જાયેં જાયેં.

મોવડે મનમાં ધાર્યું, કમળપૂજા લેવાને કાજ;
સતી થાવને સાબદાં, ખડગ ખાંડુ લીધું સાથ,
રાણેશ્વર જાયે જાયે.

જેઠા મોવડ કહે સતી તમે જાણુજો, હું તો પૂછું પરણામ;
તમે અબળા કહેવાવ, આપણે ખેલવું ખાડાની ધાર,
રાણેશ્વર જાયે જાયેં.

અરે સ્વામી તમે શું બોલ્યા, પળ ચોઘડિયાં જાય;
સ્વામીની મોર્ય શીશ વધેરશું, ધન્ય ધન્ય મારાં ભાગ્ય,
રાણેશ્વર જાયે જાયે.

શંકર કહે હું કૈલાસમા હતો, જેઠા મોવડની પડી જાણ,
જલદી રથ જોડાવીઓ, તરત મેલ્યા વેમાન રે,
રાણેશ્વર જાગેં જાયેં.

એકાદશીનુ વ્રત પાળતાં, નર ને નારી એકધ્યાન,
તેત્રીશ કોટિ દેવ જોવા મળ્યા, ડોલવા લાગ્યા સિંહાસન,
રાણેશ્વર જાયેં જાગેં.

આગમણ : મૂર્યાસ્તની દિશામાં, પશ્ચિમે

આગેય . ગમે તે

આડો ઓઠ ઉમ્મગનુ

આફળાતુ : અફળાતુ, લડતુ

આભલાં (૧) અરીસા (૨) અરી સાના કાચના નાનાં ચગદાં. અસલ સ્ત્રીઓનાં ભરત કામમાં હતાં

આભો : દિગ્મૂઢ

આરો બચાવ, મૂળ અર્થ 'કિનારો'

આમે આંહી

આળવીતરાઈ · અવળચંડાઈ

આંબવુ · પહોચવુ

ઉ

ઉગટો તંગ (ઘોડાનો) ખેચવાની વાધરી

ઉગમણુ સૂર્ય ઊગવાની દિશા

ઉચાળા ઘરવખરી

ઉડવઢ ઊંડો રસ્તો

ઉડામણી કરવી ઉડાવ જવાબ આપી છેતરવુ

ઉતાર (અફીણનો): અફીણ વખ- તસર ન ખાવાથી અંગમાં આવેલુ નિશ્ચૈતન્ય

ઉનત્ય ઊલટી, વમન

ઊ

ઊમા મો। તૈયાર પાક

ઊગે ગળે સારી પેઠે

એ

એક હાથ ઊભા કરતાની ત્રાસ આપવો.

એકના બે થવુ હઠ છોડવી, નિશ્ચય ફેરવવો

ઓ

ઓગો કડબનો ઢગલો

ઓઢણ : કડબનો ઢગલો

ઓઢણુ (માથે) પડવુ · ..ની સ્ત્રી હોવુ (આ સ્ત્રીને માથે અમુક પુરુષનું ઓઢણુ પડેલુ છે, એટલે એ પુરુષ એનો પતિ છે.)

ઓતરાદુ : ઉત્તર દિશામાં

ઓથ : આશરો

ઓધાન રહેવુ ગર્ભ રહેવો

ઓર . જન્મેલા બચ્ચાને શરીરે બાઝેલુ માસનું પડ

ઓરમાયો · સાવકો

ઓરવુ નાખવુ

ઓલ્યા પેલા

ઓળઘોળ : કુરબાન

ઓળીપો · ગારગોરમટી, લીપણ

ઓંજણુ · પિયરથી સાસરે આવતી ગરાસણીનું વેલડુ

કૂબા : નાના માટીના ઘર

કેટલી વીસે સો થાય . કેટલી મુશ્કેલી પડે

કોકરવાં . કાનની વચ્ચે પુરુષના પહેરવાનાં ઘરેણાં

કોચવાનું : દુભાવું

કોણીનો ગોળ : મુશ્કેલ કાર્ય (કોણી પર લાગેલો ગોળ જીભ વતી લઈ શકાતો નથી તે પરથી)

કોઠુ : રહી ચોડા

કાળી · હાથના પંજામા પકડી શકાય તેટલુ માપ

ક્યાડી · જે ઘોડાની કેશવાળી તથા પૂંછડાનો રંગ કાળો ને શરીર રાતુ હોય, તેને ક્યાડી કહેવાય.

ખ

ખમૈયા : ક્ષમા

ખરચી : પૈસો

ખવીસ ભૂતપ્રેત

ખપાળી . ખેડૂતોનુ લાકડાનું દાંતાવાળુ, પાવડાના આકારનું ઓજાર

ખાડુ : ભેંસોનુ ટોળું

ખાબકવુ : ઝંપલાવવું

ખાલ : ચામડી

ખાસદાર : ઘોડાનો રખેવાળ

ખૂટલ · વિશ્વાસઘાતી

ખૂતી જવુ . ખૂચી જવુ

ખેપટ : ધૂળ

ખોપીઓ ઢાસણ

ખાઈ : ખોળો

ખાબડજંગ . જબરદસ્ત શરીરવાળો

ખેડીકુ ખાંગી બાજુ

ખોલખ : ફૂડી, ભુંગળી

ખોરડાં મકાન

ખોળાધરી : જામીનદારી

ખોળિયુ દેહ

ખોળો ભરવો સ્ત્રીનુ સીમંત ઊજવવું

ગ

ગજાસંપત : યથાશક્તિ

ગજુ : શક્તિ

ગડેડવું : ગર્જના કરવી

ગઢવી : ચારણ (અસલ ચારણોને ગઢની ચાવીઓ સોંપાતી)

ગદરવું : ગુજારો કરવો

ગભારો : આકાશ સુધી ઉછાળો

ગભરુડાં : ગરીબ નાનાં બચ્ચાં

ગરજન : ગીધ

ગલટેરા : કાઠી દરબારો

ગળ : ગોળ

ગળથુથી : જન્મેલા બાળકને ગોળનું પાણી પાવાની વિધિ

ગળા સુધી : ઠાંસી ઠાંસીને

ગળાત : ગળે હાથ, સોગંદ (જે માણસના સોગંદ ખાવાના હોય તેની ગરદને હાથ મુકાય છે)

ઘૂંટડો ઉતરાવવો : ખાતરી કરાવવી, સમજ પાડવી
ડું : મીઠું
ખા : ગાયનું માસ ખા. (એક જાતના હિન્દુ શાપ)
ગાડીખેડુ : ગાડું હાંકનાર
ગાતરી : ઓઢણુ અંગ પર કસીને બાંધવાની રીત
ગાયોના ગાળા છૂટવા દે : પ્રભાત થવા દે (પ્રભાતે ગાયોનાં બંધન છૂટે છે.)
ગાભા જેવી : ઢીલી
ગાભો . લૂગડાનો કુચો
ગામડી : ગામડું
ગામતરું : પ્રવાસ
ગામતરું થવુ : મૃત્યુ થવું
ગામતરે જવુ · પ્રવાસે જવુ
ગામગોટ · ગામનો બ્રાહ્મણ, જે સંદેશા લઈ જવા વગેરેનું કામ કરે છે.
ગારો : કાદવ
ગાંદણું : પીંડો
ગીગી : દીકરી
ગુલ્લાં : ધોળા, કાળા, ભૂખરા રંગના
ગુડી નાખવુ : હણી નાખવું
ગોકાટ : ટોકાર
ગોઝારો ખૂનામરકી
ગોટા વાળવા : ગોળ ગોળ બોલવું
ગોઠ ઉજાણી
ગોત્રહત્યા સગોત્રીને મારવાનું પાપ
ગૌમેટ . ગાયના માસ બરોબર, હરામ
ગોલકીનો ગુલામડીનો (કાઠીઓમાં પ્રચલિત ગાળ)
ગોલા : ગુલામ, રાજમહેલના ચાકરો
ગોવાતી . ગોવાળ

ઘ

ઘમસાણ : યુદ્ધ
ઘર કરવું : ક્ષમ કરવું
ઘરવાળી . ગૃહિણી, પત્ની
ઘરવાળો પતિ
ઘારણ : ગાઢ નિદ્રા
ઘીસરું કરવુ : જુઓ રસધાર ભા ૩ પૃષ્ઠ ૧૦૨
ઘૂઘવાટ : ગર્જના
ઘોડા ખૂંદવા ઉતાવળ કરવી
ઘોડા ફેરવવા : સેના ચલાવવી
ઘોડા ખેડવવા . ઘોડાંની કસરત કરવી
ઘોંકારવું : ગોંચવું

ચ

ચરણીઓ : ઘાઘરો

ચાડ . હડ
ચાડીલો . હડીલો
ચાપડા ભરેલી . તારથી મઢેલી
ચારજામો ઘોડા પરનું પલાણ
ચાંપવું : દબાવવું
ચૂડા–કર્મ : વિધવા થતા સ્ત્રીની
ચૂડી ભાગવાની ક્રિયા
ચોકડું લગામ
ચોળિયું : પાણકોરું

છ

છતા થવું : ઉઘાડા પડવું
છાપવું : અંજલિ
છાલકાં : ગધેડાં પર બોજો ભરવાનું સાધન
છાશ પીવી : શિરામણ કરવું
છૂટકો : નિકાલ

જ

જટાધર : શંકર
જણ્યો પરમાણુ જન્મ આપ્યો તે સાર્થક
જળબંબાકાર : જળથી ભરપૂર, જળમય
જાગી જવું : ઉત્તેજિત થવું
જાતવંત : ખાનદાન કુલિન
જાતા આભને ટેકો દેવો ; મોટી આફતમાંથી બચાવ કરવો
જાંગી : રથ ઘોડાનું મુખ્ય લાકડું
જીભ કચરવી : વચન આપવું નિર્ણય કરવો
જીમી . કાઠિયાણીને ઘાઘરાને બદલે પહેરવાનું છૂટું વસ્ત્ર
જીવ બગાડવો લલચાવું
જુવાનડી : યુવતી
જુવાની આટા લઈ જાય : ફાટતી જુવાની
જેતાણુ . જેતપુર
જોગટો : દંભી જોગી
જોગમાયા . દેવી
જોગણુ. ઘોડાને ખવરાવવાની ચંદી
જોતર છોડવાં : બળદ છોડી નાખવા
જોધારમલ : અલમસ્ત

ઝ

ઝડ . લૂંટ
ઝડવઝડ (દિવસ) : સૂર્યાસ્તનો સમય
ઝડાકા : ભડાકા
ઝપટ કરવી : હુમલો કરવો
ઝરવુ : પચવુ
ઝંઝાળ . જૂના વખતની મોટી બંદૂક
ઝંટીઆં . વાળનાં જુલફાં
ઝાઝી વાત : મોટી વાત

ઝાપટવું : ખંખેરવુ
ઝીંકવું : ઝંપલાવવુ
ઝૂમણું : ડોકનો દાગીનો
ઝોંટ : આંચકો

ટ

ટપારવુ : પ્રશ્ન કરવો
ટપરિયાં : નાનાં
ટસિયો : ટીપુ (લોહીનુ)
ટંક : જમવાનું ટાણું
ટાઢી છાશ : શિરામણ
ટાઢો : ઠંડો
ટાબરિયાં : છોકરાં
ટારડી : હલકી ઘોડી
ટીલડી : કપાળનુ મધ્યબિન્દુ
ટીબી : ટેકરી
ટુંપાવો (જીવ) : મૃત્યુ વખતે પ્રાણ દુઃખી થાય, જીવ જલદી ન નીકળે તે
ટેવવું : અનુમાન કરવું
ટૌકો : અવાજ

ઠ

ઠાણ દેવું : વીઆવું, પ્રસવ થવો (ઘોડાને માટે વપરાય છે)
ઠામ : વાસણ
ઠાલાં : નાહક
ઠૂંગો : નાસ્તો

ઠેકડી : મશ્કરી
ઠેઠ : છેક
ઠેરવવું : નિશાન તાકવું

ડ

ડણક (સિંહની) : ગર્જના
ડમ્મર : વટોળિયાની ડમરી
ડંકવું : વેદનાના સ્વરો કાઢવા
ડાગળી ખસી જવી : ભેજુ ચસકી જવું
ડાઢવું : કટાક્ષ વચન બોલવું
ડાબા : ડાબલા, ઘોડાના પગની ખરી
ડાભોળિયું : ઘાસનો કાંટો
ડારો : ધમકી
ડુંગવુ : થાકી જવુ
ડુઘો : હોકો
ડૂચાની ઘૂંટ લેવી : હોકાની ફૂંક લેવી
ડેર : માળનો મેર
ડેરા : તંબૂ
ડેલી : મકાનને દરવાજે બન્ને બાજુ રાખેલી બેઠક
ડોગલું : બોરિયું, બટન
ડોરવુ : ખેંચવુ

ઢ

ઢીબવું : મારવું

રૂડપ : સુંદરતા
રૂવાડું ધગવું · ઉશ્કેરાવું, ચાનક ચડવી
રૂંવે રૂવે : રોમે રોમે
રેગાડા · ધારાઓ
રેઢી : એકલી
રેણાક . વસવાટ
રેબઝેબ : તરબોળ
રેંજીપેંજી : ક્ષુદ્ર
રોકકળ . રુદન
રોળાઈ–ટોળાઈ જવુ : વાતની ગંભીરતા ઉડાડી નાખવી
રોંઢાટાણુ : મધ્યાહ્ન પછીનો સમય

લ

લટ : વાળની
લબાચા · સરસામાન
લંગર બેડી
લાખ વાતેય : ગમે તેટલે ભોગે
લાડ ઉતારવા . ખુવાર કરવો
લીરા : કપડાનો ફાટેલો ટુકડો
લીલો કંચન જેવો : અત્યંત લીલો એટલે તાજો માતંતો (બાજરો)
લેરે જાતુ જોબન : ખીલતી જુવાની
લોઢ : મોજું
લોડકા : જોરાવર

વ

વગઘા · વિલંબ કરવાના બહાનાં
વગાડવું · ઈજા કરવી, મારવું
વગોવવું : નિન્દવુ
વટક વળવુ : બદલો લેવાઈ જવો, હિસાબ પતી જવો
વટાવવું · ઓળંગવું
વડલી · વડ
વડયે વાદ સરખી શક્તિવાળા માણસની સાથે જ વિવાદ શોભે
વડારણ . દાસી
વદાડ : કરાર
વધારવુ . વધેરવું, કાપવું
વરતાવુ . જણાવુ
વહેતી મૂકવી દોડાવવી
વળોટવુ . ઓળંગવુ
વાઈ (તલવાર) · મારી
વાગડના ધણી : આહિર જાતિ અસલ કચ્છ–વાગડમાંથી આવેલી હોવાથી આહિરને 'વાગડના ધણી' કહી બિરદાવાય છે.
વાવ ચોકાની ગામ
વાંઢીઆ નગામની બન્ને બાજુના બે પડા

વાગે : વેગથી
વાજા : (૧) ઘોડાં, (૨) વાજિંત્રો
વાજેવાજે : વેગથી
વાડે કરવુ (હથિયાર) મ્યાન કરવુ
વાઢે તોય લોહી ન નીકળે, ભય કે શરમથી માણસના અંગમાંથી જાણે લોહી ઊડી જાય અને કાપવાથી લોહી ન નીકળે તેવુ
વારણાં : મીઠડાં
વારવુ : અટકાવવુ
વાવડ : સમાચાર
વાસળી : રૂપિયા રાખવાની સાંકડી થેલી કે જે કમરની આસપાસ બંધાય છે
વાંઢો : દુષ્કાળ
[illegible] લંબાવેલા બે હાથ જેટલું માપ
[illegible]ળી : તલવાર
[illegible]ા : સંતાન
[illegible]રે : રેતી
[illegible]રાઈ જવું (વામા) ટુકડે ટુકડા, ખૂબ જખ્મી થવું
[illegible]ા-વચકા : રિસામણાં, મનદુઃખ
[illegible] : હઠ
[illegible]ળાનિયા : મુસાફરીમાં રખવાળ
[illegible]કળો : નહેરુ, નાની નદી
[illegible]ાળુ : વાળુ, રાત્રિનું ભોજન
[illegible]ોમંડ : વ્યોમ, આકાશ

શ

શામધર્મ : સ્વામી ધર્મ, નિમકહલાલી
સા : છાયા
સાબદી : તૈયાર
સાંગ : ભાલાને મળતુ શસ્ત્ર
સાજણી જોગો : જુઓ દસધાર ભા-૩ પૃષ્ઠ ૧૨૪
સાંઢય : સાંઢણી
સિરખ : પરણતી વખતે કાઠિયાણી પહેરે છે તે પાનેતર (૨) બનાત
સિચાણો : એક જાતનો બાજ પક્ષી
સુખડુ : મીઠાઈ
સુવાણ : આરામ
સૂક કાઢવુ : જડમૂળથી ઊખેડવું
સૂડવું : જડમૂળથી ખોદી કાઢવું
સૂરજ-દેવળ : થાન પાસેનું સૂર્યદેવનું મંદિર, કાઠીઓના ઈષ્ટ દેવનું ધામ
સુરાપરી : સ્વર્ગાપુર
સૂરજપૂરાનુ પતરૂં : કુળ દેવનાઓની આકૃતિવાળુ જે સ્ત્રીઓ ડોકે પહેરે છે.
સેંજળ : જળથી ભરપૂર
સોંડાવવું : સાથે તેડી જવું, નિમંત્રવું (લગ્નમાં)

સોણું : સ્વપ્ન
સોતો · સહિત
સોથ વાળવો : નાશ કરી નાખવો
સોપો : સુષુપ્તિ. (તે પરથી રાત્રિએ સર્વ ગામલોકો સૂઈ ગયા તે સમયને સોપો પડી ગયો કહેવાય છે)
સોમલ ઘોળવું ઝેર વાટીને પીવું, આત્મઘાત કરવો
સોયરું : સૂરમો
સોંસરી · આરપાર

હ

હથેવાળો · હસ્ત-મેળાપ, લગ્ન
હનો : ઘોડેસવારની ચીજો રાખવા માટેનું ખાનું (ઘોડાના પલાણમા)
હરીમો કાઠી લોકોનું એક જાતનું પકવાન
હાથલો થોર : એક જાતનો થૂવર જેને હાથના પંજા જેવડાં પાંદડાં થાય છે.
હીલોળવું · ઝુલાવવું
હીંગતોળ . વાણિયો (તિરસ્કારમાં)
હુલાવવુ ઘોંચવું
હેઠળ · નીચે
હેઠવાસ . નદી જે દિશામાં વહેતી હોય તે દિશા
હેડ્ય (ગાડાની) હાર્ય, સમૂહ
હેબતાવું : ચકિત બનીને અચકાવું
હેમખેમ ક્ષેમકુશળ
હેમવરણી . સુવર્ણરંગી
હેરય એકું

કાઠી અને ચારણી ભાષાની ખાસયતો

૧. નામો

(અ) કાઠી લોકોની ભાષામાં નાન્યતર જાતિ નથી, જુઓ :—

કુલેડું . કુલેડો
ધીગાણુ : ધીગાણો
પૂછડું : પૂછડો

(બ) સર્વનામની માફક નામોના પણ બીજી વિભક્તિનો પ્રત્યય 'ને' નહિ, પણ 'દી' છે

ગરીબને · ગરબદી

૨. સર્વનામ

મૂળ ગુજરાતી શબ્દ :	કાઠી-પ્રયોગ	ચારણી પ્રયોગ
હું	હું	મું
મને	મોહેં	મુહેં
મારો	માળો	મોળો
અમારો	અમાણો	અમણો
તને	તોહેં	તુહેં
તમને	તમુંહેં	તમુંહેં
તારો	તાળો	તોળો
તમારો	તમાણો	તમણો
તેને	ત્યાહીં	ત્યાહેં
એને	યાને	યાહેં
એની	યાની	માની
કોણ	કમણ	કમણ
કોણે	કમણે	કમણે
કોનો	કમણાનો	કમણો
શું	કાય	કીં
શાનો	કાનાનો	કવાનો

૩. ક્રિયાપદ

(અ) ખાસ પ્રયોગો :

ગુજરાતી	કાઠી	ચારણી
આવ્યો	આદો	ઇદો–ઈયો
આવી	આદી	ઈદી
ગયો	ગો	ગો
દીધા	દીના	દીના
હતો	હુતો	હુતો
નથી	નથ નસે	નસેં

(બ) વર્તમાનકાળનો. પ્રત્યય 'છું', નહિ પણ 'સાં' છે :

જાણું છું : જાણુતો સા
લઉં છું · લેતો સાં

(ક) કૃદંતમાં આવો નિયમ છે :—

આવીને	આવુને	આવેંને
ટાંપીને	ટાંપુને	ટાપેને
લઈ આવ્ય	લઉ આવ્ય	લે આવ્ય

૪. અવ્યયો

ગુજરાતી	કાઠી	ચારણી
અહીં	આસેં–ઈસેં	આસેં
ત્યા	તીસે	તીસે
ક્યા	કીસે	કીસેં
શા માટે	કેવાને–કાણુ સાટુ	કેવા સાટુ

ભણે · આ શબ્દ સામાન્ય વાતચીતમા વારવાર ખાસ કાઈ અર્થ વિના યોજાય છે, એનો અર્થ 'ભણુવો–કહેવો' એ ઉપરથી 'હુ કહુ છુ કે' એમ થતો હશે.

ઢેઢ અને મેર લોકોની ભાષા પણ આ ભાષાને મળતી જ લાગે છે.

★

જીવનની ઊંચી કમાઈ

૧૯૨૩માં શ્રી. ઝવેરચંદ મેઘાણીએ કાઠિયાવાડના લોકસાહિત્યનું રીતસરનું સંશોધન કરવા માંડ્યું ત્યારથી ૧૯૪૭માં એમનું અવસાન થયું ત્યાં સુધીનાં ચોવીસ વર્ષો દરમિયાન એ વિષય ઉપર એમણે અનેક પુસ્તકો લખ્યાં છે તેમાં 'રસધાર', 'બહારવટિયા' અને 'રઢિયાળી રાત' જેવાં, આજે તો આખા ગુજરાતમાં ચલણી બની ચૂકેલાં, લોકકથા ને લોકગીતોના સંગ્રહોથી માંડીને યુનિવર્સિટીને હાથે આવકાર પામીને અભ્યાસી રસિકોને પ્રિય થઈ પડેલ 'લોકસાહિત્યનું સમાલોચન' (ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો)નો સમાવેશ થઈ જાય છે

લોકસાહિત્ય ઉપરાંત ગીતો—કાવ્યો, વારતાઓ, નાટકો, ઇતિહાસકથાઓ અને જીવનકથાઓના મળીને એંશી પુસ્તકોના સર્જક શ્રી. મેઘાણી પોતાના લોકસાહિત્યના ગ્રંથો વિષે કહે છે કે, 'આ ગ્રંથોએ કેવળ લોકહૃદયમાં જ નહિ, પરંતુ શિષ્ટ સાહિત્યની દુનિયામાં, [illegible]જૂની નવી રચાતી ચોપડીઓનાં, નવલા લેખકોના શૈલી—ઘડતરમાં તેમ જ વિચાર—ઘડતરમાં જે સ્થાન લીધું છે તેને, બેશુમાર અભિમાન કર્યા વિના, હું મારા જીવનની ઊંચી કમાઈસમ લખું છું અને તેમાંથી નવું પ્રોત્સાહન પામું છું'

'આપા ભોજ! તારા ગામનુ તો અન્નપાણી પણ મારે
ટ છે. અને તારી–મારા માલિકના મારતલની શીખ હોય?
લીતું ગજ દે તોય ન લઉં. એકવચની હો તો લાવ્ય ઝટ માથું.'

'ત્યારે મારી કીર્તિ શીદ ગાઈ, ગઢવા?'

'રજપૂતાણીને ખાતર. બાકી, મારે તો રુંવાડે રુંવાડે કીડા
પડજો. મેં ઊઠીને મારા ધણીને વગોવ્યો!'

ભારાજીનું માથુ લઈને ચાલી
અન્નજળ વિનાનો ચારણ
નીકળ્યો. બોરુને પાદર રજપૂતાણી ચિતા પર ચડી

હનુભાઈ

ારમાવતા વીકાભાઈને પૂછ્યુ : ' વીકાભાઈ, કહેવાય છે કે કુંવર જલાલપુર માંડવાના ખળા ભળી ગયા !'

' એ તો હોય બાપ ! એ પણ આપના જ કુંવર છે ને ? એટલા લાડ ન કરે ?' વીકાભાઈએ મીઠો જવાબ વાળ્યો.

' પણ વીકાભાઈ ! અવસ્થાના પ્રમાણમાં સહુ લાડ સારા લાગે ને ! અને હવે કંઈ કુંવર નાના નથી. આજ એ લાડ ન કહેવાય, પણ આળવીતરાઈ કહેવાય '

મહારાજાના વેણમા જ્યારે આટલી કરડાકી આવી ત્યારે ચારણનો સૂર પણ બદલ્યો.

' પણ મહારાજ ! કુંવરે તો રાણીયુને ઘણુ ય કહ્યુ કે હાલો, આપણે બધા લાણી કરવા સીમમા જાયી, એટલે રોટલા જોગુ કમાઈ લેશું, માણ માણું મૂલ મળશે પણ રાણીયુએ ગઢમાથી કહેવરાવ્યુ કે ભૂખ્યા મરી જાયી તો ભલે, પણ જ્યાં સુધી ભાવનગર રાજ્યનું ઓઢણુ અમારે માથે પડ્યુ છે ત્યાં સુધી તો દાડી કરવા નહિ જાયીં. ભાવનગરને ભોંઠામણુ આવે એવું કેમ કરાય ?'

' એટલે શુ ?'

' બીજું શુ ? કુંવરના ઘરનો બાજરો ખૂટ્યો.'

' કા :'

' મહારાજના ઘોડાને જોગાણની તાણ પડી, ને મહારાજના ાઈના છોકરાં ચોક વિના રોતાં'તાં, તે સો વીઘાના ખેતરનો ાજરો ભેળી દીધો !'

વજેસંગજી મહારાજને બધી હકીકતની જાણ થઈ આખી કચેરી હસી પડી મહારાજનો રોષ ઊતરી ગયો પણ મો મલકાવીને એણે કહ્યુ : ' ભલા આદમી ! પચીસ કળશીને સાટે ત્રણસો કળશી બાજરો ભરી જવાય ?'

વીકાભાઈ કહે, ' બાપુ, ઓલ્યા ખેડૂતને અકેકે આંસુડે સો સો

હતા. કાઠી હતા. ગોવાળિયા એની સાખ હતી. જોરાવર હતા. ભાવનગરના અમીરો હતા હનુભાઈ ઉપર મહારાજથી તો હાથ ન પ એટલે એમણે આ કામ ગોવાળિયા કાઠીઓને ભળાવી દીધું.

મહારાજ ઘેર આવ્યા. ફરીવાર બોલ્યા· ‘ગોવાળિયાઓ! રા વાંસામા ડાભોળિયુ ખૂચે છે હો!’

તુરત ચાકરો દોડીને પૂછવા મડયા· ‘કયા છે બાપુ! લાવો ઢી નાખીએ’

મહારાજ કહે, ‘ભા, તમે આઘા રહો તમારું એ કામ નથી,’

ગોવાળિયા બોલ્યાઃ ‘બાપુ, ડાભોળિયુ કાઢી નાખીએ પણ છી રે’વું કયા?’

‘બાપ, હું જીવુ છું ત્યાં લગી તો ભાવનગરના પેટમા.’

ગોવાળિયાને ખબર હતી કે હનુભાઈની ઉપર હાથ ઉપાડયે કાઠિયાવાડ હલમલી ઊઠશે, અને ક્યાય જીવવા નહિ આપે. પણ મહારાજે ભાવનગરનુ અભયવચન આપ્યુ, ઘાટ ઘડાણો.

જેઠા ગોવાળિયાએ કહ્યુઃ ‘પણ મેરામ, હનુભાઈની હારે બેસીને તો સામસામી કસૂંબાની અજળિયુ પીધી છે, ભાઈબધીના સોગંદ લીધા છે અને હવે કેમ કરશું? મહારાજની પાસે ય બોલે બધાણા!’

‘બાપુ! એક રસ્તો સુજે છે. ખીજડિયાવાળા લાઠી–ભાયાતોની સાથે હનુભાઇને મોટું મનદુઃખ છે. આપણે લીંબડા ઉપર ન જવાય પણ ખીજડિયાનો માલ વાળીએ. હનુભાઈ કાંઈ ખીજડિયાવાળા સારુ ચડવાના નથી. એટલે મહારાજને કહેવા થાશે કે શું કરીએ, હનુભાઈ બહાર જ ન નીકળ્યો! આમ પેચ કરીએ તો સહુનાં મોઢા ઊજળાં રહે એવું છે.’

ણીની નિંદા

'ભોજનું હૈયું એવી વિનવણીથી નહિ પીગળે. રજપૂતાણીના
તરફડાટ જોવામા એ પાપિયાને મોજ પડશે.'

'ચારણ! મારા વીર! તારી ચતુરાઈ શું આવે ટાણે જ
ખૂટી ગઈ!'

'મા, એક જ ઉપાય છે—બહુ હીણો ઉપાય છે. મારું સૂડ નીકળી
જાય એવુ પાતક મારે કરવું પડશે ખમજો હુ લઈ ને જ આવું છુ.'

એમ કહીને ચારણ ચડ્યો. મોહુકામા આવીને આપા ભાણને
એવા સમાચાર કહેવરાવ્યા કે એક ચારણ તમને બિરદાવવા આવ્યો
છે. ડાયરામાં જઈ ને ચારણે 'ખમ્મા ભોજલ! ખમ્મા કાઠી! ખમ્મા
પ્રજરાણ!' એવા કૈંક ખમકાર દઈને આપા ભોજના વારણાં લીધાં,
મધુર હલકથી એણે દુહા ઉપાડ્યા

ભોજા! બધ ભારા * તણા, કાપ્યા કરમાળે,
પવાડે, તેં વેરડિયા વેળાઉત.
મુળા

[હે વેળા ખાચરના કુવર ભોજ! તારી તરવાર રૂપે તે ભારા
નામના ભારાના બધ કાપી નાખ્યા. અને યુદ્ધરૂપી ખેતરમા એ ભારાના
ચરારૂપી પૂળા તે વેરણછેરણ કરી નાખ્યા.]

'વાહ ગટવા! રગ ગઢવા! રૂડો દુહો કહ્યો' એમ સહુ
કાઠીઓ દુહાને વધાવવા લાગ્યા ચારણે બીજો દુહો કહ્યો:

કરમાળની કોદાળી કરી, સજડે કાઢયું સૂડ,
જડે નહિ જડ મૂળ, ભારા * વાળું ભોજલા.

[હે ભોજરૂપી ખેડુ! તરવારને કોદાળીરૂપે વાપરીને તે ભાગજીના
વંશરૂપી સાઠીઓને મૂળમાથી જ ખોદી કાઢી. હવે તો એનાં મૂળિયા પણ
હાથ લાગવા મુશ્કેલ થઈ પડ્યા છે, એવું વીર્યશાળી કામ તે કર્યું છે.]

* બન્ને દુહાઓમાં 'ભારો' એ શબ્દ પર શ્લેષ છે